# સન્ડે સ્કૂલ

## પાઠ તેમજ અભ્યાસ પુસ્તિકા

# ધોરણ - 5

**પ્રકાશક :**

**Operation Agape**
**Ashirwad Ashram, Chhawla Village,**
**Najafgarh, New Delhi 110 071**

**Class - 5**

© 2009
All rights reserved

First Print 1000 copies 2009

**Published by**
National Resources Centre
Ashirwad Ashram, Kanganheri Road, Chhawla, New Delhi 110 070

**Printed at :**
Innovative Designers and Printers
F-32/6, Okhla Indl. Area
Phase - II, New Delhi - 110 020

# સક્રિય સન્ડે સ્કૂલના અભ્યાસક્રમનો પરિચય તથા સૂચનાઓ

ઉત્તર ભારતની મંડળીઓ માટે આ સક્રિય અને પ્રભાવશાળી સન્ડે સ્કૂલ અભ્યાસક્રમ રજૂ કરતા અમને અનહદ આનંદ થાય છે. બાળકોને નિયમિત રીતે પ્રારંભિક શિક્ષણ આપવા માટે એક પ્રભાવશાળી સાધનની ખૂબ જ જરૂરિયાત છે તે બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તકને શિક્ષણ આપવાના એક સાધન તરીકે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકને અનુભવી શિક્ષકો તથા બાઈબલના વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. તેઓ બધા ઉત્તર ભારતમાં ઘણા બધા વર્ષોથી પ્રભુના સેવાકાર્યમાં કાર્યરત છે.

નીચે આપવામાં આવેલ કેટલાંક મૂળભૂત સિદ્ધાંતોના/ઢાંચાના આધારે આ અભ્યાસક્રમને તૈયાર કરવામાં આવ્યો છે. દરેકે દરેક પુસ્તકમાં અંદાજે 40 જેટલા પાઠ છે જે એક વર્ષની અંદર ભણાવવાના છે. બધા જ પાઠ ગ્રેડીંગ પદ્ધતિથી તૈયાર કરવામાં આવ્યા છે, જેથી કરીને દરેક પાઠને કેવળ સન્ડે સ્કૂલના વર્ગમાં શિક્ષક દ્વારા શીખવવામાં આવે એટલું જ નહીં પરંતુ સાથે સાથે બાળક તેના વ્યવહારિક શિક્ષણમાં અને સાથી બાળકોના સમૂહમાં હરતા ફરતાં રમતાં પણ આ શિક્ષણ તેમને ઉપયોગી નીવડે જેથી કરીને દરેકે દરેક વિદ્યાર્થીને તેમના વ્યક્તિગત જીવનમાં આ વ્યવહારિક શિક્ષણ અમલમાં મૂકવા અને જીવનમાં નિર્ણય કરવા માટેનો પ્રસંગ મળી રહે.

**સામાન્ય સિદ્ધાંતો :**

1. વાર્તાઓ દ્વારા ઈશ્વરના વચનોનું શિક્ષણ
2. બાળકોની રચનાત્મકતા વધુ સારી કરવા દરેક પાઠને અનુરૂપ કળા તથા હસ્તકળા અથવા પ્રવૃત્તિ સામેલ કરી છે.
3. વિષયને અનુરૂપ મોઢે કરવાની એક મુખપાઠ કલમ
4. દરેક અઠવાડિયે તંદુરસ્તી તથા સફાઈ સંબંધીનું શિક્ષણ મળી રહે તે માટે સુઆચરણના વાક્યો
5. દર અઠવાડિયે અંગ્રેજીમાં એક ગીત શક્ય હોય તો શીખવવું
6. કાબેલિયતની ચકાસણી (મરજીયાત)
7. પ્રશ્નો તથા ગૃહકાર્ય
8. દર અઠવાડિયે પાંચ વ્યક્તિને વાર્તા વહેંચવી
9. પાઠ આધારિત એક વ્યવહારિક નિર્ણય (જીવનમાં અમલ કરવા માટે)

શિક્ષકોએ પાઠને એવી રીતે સમજાવવા પ્રયત્ન કરવો કે જેથી બાળકની સંસ્કૃતિ અને જે તે વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ શિક્ષણ આપી શકાય. વળી બાળકનું ધોરણ ધ્યાનમાં રાખીને તેને સમજાવવું.

**શિક્ષકની તૈયારી**

આ પુસ્તક સરળ છે, ચિત્રોમાં પ્રયોગ કાર્ય કરવાનું છે અને સાથે સાથે વિદ્યાર્થીનો અભ્યાસ પણ આમાં સામેલ છે. પ્રત્યેક વર્ગ એક કલાકના સમયનો છે તે બાબતને ધ્યાનમાં રાખીને નાના નાના નમૂના આપવામાં આવ્યા છે.

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** શિક્ષકો પાસેથી આશા રાખવામાં આવે છે કે દરેક શિક્ષક બાઈબલની કલમો વારંવાર વાંચીને તેઓ અર્થ સમજે અને ત્યાં સુધી અભ્યાસ કરવો જ્યાં સુધી તે કલમોનો સાચો ભાવાર્થ સમજી ન જવાય. શિક્ષકો પાઠની તૈયારી સારી પેઠે કરી શકે તે માટે આ કલમો સમાવવામાં આવી છે. આ મુજબ કરવાથી વિદ્યાર્થીઓને પાઠ સમજાવવામાં ઘણી સરળતા રહેશે.

**પાઠનો ઉદ્દેશ :** એક ચોક્કસ હેતુ નજર સમક્ષ રાખીને દરેક પાઠ તૈયાર કરવામાં આવ્યો છે. પાઠમાં બીજી એવી બાબતો પણ જોવા જાણવામાં આવશે જેના પર જોર આપવાનું મન થાય એવું બને ખરું; પરંતુ શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ પોતાનું ધ્યાન પાઠના મૂળ હેતુ તરફ જ કેન્દ્રિત કરે.

## વર્ગની તૈયારી

**પ્રાર્થના :** વિદ્યાર્થીઓ પ્રાર્થના કરાવતાં શીખે તે માટે શિક્ષકે માર્ગદર્શન અને ઉત્તેજન આપવું.

**પુનરાવર્તન :** ગયા અઠવાડિયે ચાલેલા પાઠનું પુનરાવર્તન ટૂંકાણમાં કરાવવું. મુખપાઠ કલમ તથા જીવનમાં અમલ કરવાની બાબત ખાસ યાદ કરાવવી. જે વિદ્યાર્થી સારી રીતે આગળ વધે છે તેને પ્રોત્સાહન આપવું.

**વાર્તા શીખવવા સાધનોનો ઉપયોગ :** શિક્ષકોને સલાહ આપવામાં આવે છે કે પાઠની તૈયારી કરતી વખતે તેમજ શીખવતી વખતે ચિત્રોનો ઉપયોગ કરો તેમજ અન્ય સાધનો વાપરો જે દ્વારા વાર્તાનો ભાવાર્થ દર્શાવી શકાય. જો તમારી પાસે સગવડ હોય તો નાની વીડિયોનો ઉપયોગ કરો કે અન્ય સાધન વાપરો જે દ્વારા તમારું શિક્ષણકાર્ય વધારે આકર્ષક બની શકે. પરંતુ યાદ રાખો કે આ પ્રકારની રીત અને આવા સાધનોએ વિદ્યાર્થી સાથેના તમારા વ્યક્તિગત રીતે વાર્તા કહેવાના અને આત્મીય વ્યવહારનું સ્થાન લઈ ન લેવું જોઈએ.

**અનુરૂપ ગીત શીખવો :** વિદ્યાર્થી કયા ધોરણના અને કયા પ્રકારના છે તે ધ્યાનમાં લઈને તેમને અનુરૂપ ગીત શીખવો. અંગ્રેજી ગીતની જરૂર હોય તો શીખવો. અનુકૂળ હોય તો ગીતની સાથે સાથે હાવભાવ (એક્શન) પણ કરાવો.

## કળા, હસ્તકળા અથવા ઈતર પ્રવૃત્તિઓ

શિક્ષકે બાળકોને માર્ગદર્શન, દોરવણી, જરૂરી સૂચન અને સહાયતા કરવી જેથી બાળકો ચિત્રોમાં રંગ પૂરી શકે, ખાલી જગ્યાઓ પૂરી શકે અથવા વાર્તાના આધારે એક નાનું નાટક ભજવી શકે.

**મુખપાઠ કલમ :** પાઠ પર આધારિત એક કલમ પસંદ કરવામાં આવી છે જેને વર્ગમાં શીખવવી જરૂરી છે, અને અનિવાર્ય છે. આગળનો અભ્યાસ કરો ત્યારે પાછલા સમયમાં શીખી ગયેલ કલમોને યાદ કરાવતા રહો અને જે વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી રહ્યા હોય તેમને ઉત્તેજન આપો, વખાણો અને પ્રોત્સાહન આપતા રહો.

**સુઆચરણ :** પુસ્તકના અંત ભાગમાં જે સુઆચરણનું લિસ્ટ આપવામાં આવ્યું છે તે જુઓ અને દર અઠવાડિયે તેમાંથી ગમે તે એક વાક્ય પસંદ કરીને તે શીખો. તંદુરસ્તી / નૈતિક શિક્ષણનો આમાં સમાવેશ છે.

**ગૃહકાર્ય :** શિક્ષક કે શિક્ષિકા દર અઠવાડિયે વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપી શકે છે. ખૂબ જ સરળ સવાલો હોવા જોઈએ અને તે બાબતમાં ખૂબ સમય ન વેડફશો. દરેક વિદ્યાર્થીને કહો કે જે વાર્તા તેઓ શીખ્યા છે તે વાર્તા અઠવાડિયા દરમિયાન પાંચ વ્યક્તિઓને જણાવે. માતા-પિતા, ભાઈ-બહેન કે મિત્રોને પણ આ વાર્તા જણાવી શકાય. વિદ્યાર્થીઓ પાસેથી હેવાલ માંગો કે શું તેમણે તે મુજબ કર્યું છે. આ પ્રમાણે તેઓ નિયમિતપણે કરે તે માટે પ્રોત્સાહન આપો.

**પાઠની સમીક્ષા :** વર્ગ પૂરો થવાની તૈયારી થાય તે સમયે આખા પાઠનું ટૂંકમાં પુવનરાવર્તન કરો. જો સમય હોય અને શક્ય હોય તો એક બાળકને ઊભા થઈને વાર્તા બોલી જવાનું કહો. પાઠ પર બાળકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરી શકે છે પરંતુ તે માટે શિક્ષકે મુખ્ય પ્રશ્નો દ્વારા શરૂઆત કરી આપવી, અને મદદ કરી, દોરવણી પણ આપવી.

**વ્યવહારિક અમલ :** પાઠને અનુરૂપ આ અઠવાડિયા દરમિયાન દરેક વિદ્યાર્થીએ શું કરવાનું છે એવો પ્રશ્ન કે એના જેવો પ્રશ્ન તમે બાળકોને પૂછી શકો છો અને ત્યાર પછી બાળકોને તેમનો નિર્ણય જાહેર કરવાની તક આપો, અને પ્રાર્થના કરીને નિર્ણય કરવા દો.

**પ્રવીણતાનું શિક્ષણ :** દરેક વર્ગ માટે આ બાબત ફરજિયાત નથી પણ મરજિયાત છે. સમય, સ્થળ, જરૂરી સાધનો અને બાળકની કાબેલિયત, પ્રવીણતા, કૌશલ્યની ઉપલબ્ધતાને આધારે આ બાબતનું આયોજન કરી શકાય.

દા.ત. સંગીતના સાધનોનો ઉપયોગ કરવો, જેવા કે ખંજરી, ઢોલક કે બીજું સાધન, મ્યુઝીક વગાડવું, અંગ્રેજી ભાષામાં વાર્તા સમજાવવાની વિગેરે.

**સમાપ્તિની પ્રાર્થના :** છેલ્લે ટૂંકી પ્રાર્થના કરાવીને છૂટા પડવું.

# અનુક્રમણિકા


1. ઉત્પત્તિ ........ 7
2. માણસનું પતન ........ 10
3. કાઈન અને હાબેલ ........ 13
4. ન્યાયી નૂહ ........ 15
5. ઈબ્રામ ........ 18
6. યૂસફનું મિસરમાં જવું ........ 20
7. યૂસફ રાજા પછી તરતના સ્થાને ........ 22
8. મૂસા ........ 24
9. દસ મરકીઓ ........ 27
10. લાલ સમુદ્ર પાર કરવો ........ 31
11. યહોશુઆ ........ 33
12. દબોરાહ ........ 35
13. સામસૂન ........ 37
14. શાઉલ ........ 40
15. દાઉદ ........ 42
16. રહાબઆમ ........ 44
17. એલિયા ........ 46
18. એલિશા ........ 49
19. દાનિયેલ ........ 51
20. યૂના ........ 53
21. યોહાન બાપ્તિસ્મી ........ 55
22. યુવાન ઈસુ મંદિરમાં ........ 57
23. ઈસુનું બાપ્તિસ્મા અને વંશાવળી ........ 59
24. ઈસુ અને તેના શિષ્યો ........ 61

25. ઈસુએ પાંચ હજારને જમાડ્યા ........................................ 63
26. ભલા સમરૂનીનું દૃષ્ટાંત ........................................ 65
27. યાઈરની દીકરી સાજી થઈ ........................................ 67
28. ખોવાયેલ ઘેટું અને અઘેલીનું દૃષ્ટાંત ........................................ 69
29. જાખ્ખી ........................................ 71
30. છેલ્લું ભોજન ........................................ 73
31. માછલીઓ ચમત્કારિક રીતે પકડાઈ ........................................ 75
32. હબસી ખોજાએ સુવાર્તા સ્વીકારી ........................................ 77
33. શાઉલનું બદલાણ ........................................ 79
34. શાઉલની મંડળી સાથે સંગત ........................................ 82
35. પિત્તરનો જેલમાંથી બચાવ ........................................ 84
36. ફિલેમોન ........................................ 87
37. પ્રેરિત યાકૂબનું મરણ ........................................ 89
38. પ્રેરિત પિત્તરનું મરણ ........................................ 91
39. હડસન ટેલર ........................................ 91
40. ડેવિડ લિવીંગસ્ટન ........................................ 96

પાઠ - 1

# ઉત્પત્તિ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 1, 2

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરે સૃજેલી સૃષ્ટિ માટે ઈશ્વરની સ્તુતિ કરવા માટે બાળકોને ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**ઉત્પત્તિની વાર્તા કહો –** 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગી.શા. 89:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

### ઉત્પત્તિની પહેલાં :

આ ગોળાકાર વિશાળ પૃથ્વી જેની ઉપર આપણે રહીએ છીએ તે ખૂબ જ પુરાણી છે; એટલી બધી પુરાણી કે કોઈ વ્યક્તિ ચોક્કસ કહી શકે નહીં કે તેને ક્યારે ઉત્પન્ન કરવામાં આવી. પરંતુ આ પૃથ્વી, સૂર્ય અને તારાઓને ઉત્પન્ન કરવામાં આવ્યા તે અગાઉથી ઈશ્વરનું અસ્તિત્ત્વ હતું. કેમકે ઈશ્વરને કોઈએ ઉત્પન્ન કર્યા નથી. તે કાયમથી જ અસ્તિત્ત્વ ધરાવે છે. તેમની શરૂઆત કે અંત નથી. ઘણા વર્ષો અગાઉ, ઈશ્વર બોલ્યા એટલે આકાશ અને પૃથ્વી અસ્તિત્ત્વમાં આવી હતી. પરંતુ પર્વતો, ખીણો, નદીઓ, સમુદ્રો, વૃક્ષો અને ફૂલોથી આ પૃથ્વી સુંદર દેખાય છે તેવી સુંદર તે વખતે ન હતી. તે તો ધુમાડાનો એક મોટો ગોળો હતી, જેમાં જમીન અને પાણી એકસાથે મિશ્રીત હતું. પૃથ્વી પર અજવાળું ન હતું, તેથી મધ્યરાત્રિના અંધકાર કરતા પણ વધુ અંધકાર આખી પૃથ્વી પર હતો. તેના પરની હવામાં કોઈ માણસ શ્વાસ લઈ શકતું ન હતું કે કોઈ પ્રાણી તેના પર ચાલી શકતું ન હતું, કે તેના કાળા મહાસાગરમાં ન કોઈ માછલી તરી શકતી. પૃથ્વી પર કોઈ જીવન ન હતું.

### પ્રથમ દિવસ :

જ્યારે આખી પૃથ્વી પર અંધકાર વ્યાપેલો હતો ત્યારે ઈશ્વરે કહ્યું, ''અજવાળું થાઓ'' એટલે પૃથ્વી પર પ્રકાશ પથરાવા લાગ્યો. સમયના એક ભાગમાં અજવાળું હતું અને સમયનો બાકીનો ભાગ અંધકારમય રહ્યો જે અંધકાર આજે આપણે જોઈએ છીએ તેવો અંધકાર. ઈશ્વરે અંધકારના સમયને ''રાત'' અને અજવાળાના સમયને ''દિવસ'' એ પ્રકારનું નામ આપ્યું. એક લાંબી રાત પૂરી થયા પછી પૃથ્વી પર પ્રથમ દિવસ થયો હતો.

**બીજો દિવસ :**

પછી ઈશ્વર શબ્દ બોલ્યા એટલે દેવના શબ્દ વડે કાળાં વાદળો જે આખી પૃથ્વી પર છવાયાં હતાં તે વિખેરાવા લાગ્યા, એટલે આકાશ દેખાવા લાગ્યું અને વાદળાંની અંદર જે પાણી હતું તે પૃથ્વી પરના પાણીથી અલગ થવા લાગ્યું. વાદળનો જે મુખ્ય ભાગ પૃથ્વી પરથી દેખાતો હતો તેને દેવે આકાશ કહ્યું. પ્રથમ રાત અને પ્રથમ દિવસ પૂરો થયો એટલે એ પૃથ્વી પરનો બીજો દિવસ.

**ત્રીજો દિવસ :**

પછી ઈશ્વરે કહ્યું કે, ''પૃથ્વી પરના પાણી એક જગ્યાએ એકઠા થાઓ, અને સૂકી ભૂમિ એક તરફ થાવ.'' અને તે પ્રમાણે થયું. આખી પૃથ્વી પર જે પાણી હતું તે બધું એક તરફ ભેગું થયું, એટલે તેનો મોટો સમુદ્ર બન્યો અને તેમાંથી કોરી ભૂમિ અલગ થઈ ગઈ. પાણીના મોટા ભાગને ઈશ્વરે સમુદ્ર કહ્યો અને કોરી ભૂમિને પૃથ્વી નામ આપ્યું : અને ઈશ્વરે જોયું કે પૃથ્વી અને સમુદ્ર બન્ને સુંદર છે. પછી દેવે કહ્યું, ''પૃથ્વી પર ઘાસ અને વૃક્ષો અને ફૂલો અને ફળો થાવ.'' અને તે મુજબ થયું એટલે પૃથ્વી ઘાસને કારણે એકાએક હરિયાળી બનવા લાગી અને ફળ, ફૂલ તેમજ ઝાડને કારણે સુંદર દેખાવા લાગી. પૃથ્વી પરનો એ ત્રીજો દિવસ હતો.

**ચોથો દિવસ :**

પછી ઈશ્વરે કહ્યું કે, ''સૂર્ય અને ચંદ્ર અને તારાઓ પૃથ્વી પર દેખાવ.'' એટલે સૂર્ય દિવસે ચમકવા લાગ્યો અને ચંદ્ર તથા તારાઓ રાત્રે ચમકવા લાગ્યા. આ બધુ ચોથા દિવસે થયું.

**પાંચમો દિવસ :**

પછી ઈશ્વરે કહ્યું, ''સમુદ્રમાં માછલી થાઓ અને ખુલ્લા આકાશમાં હવામાં ઉડનાર પક્ષી થાવ.'' એટલે માછલી નાની તેમજ મોટી બન્ને પ્રકારની માછલી સમુદ્રમાં તરવા લાગી, અને પૃથ્વી પર ખુલ્લા આકાશમાં પક્ષી ઊડવા લાગ્યાં, જેમ તેઓ આજે પણ ઊડે છે તેમ જ. આ પાંચમો દિવસ હતો.

**છઠ્ઠો દિવસ :**

અને દેવે કહ્યું, ''પૃથ્વી પર પ્રાણીઓ થાવ એટલે નાના અને મોટા પ્રાણી જેઓ ચાલે છે તે અને જે પેટે ચાલે છે તે તથા કૂદનારા પ્રાણીઓ થાવ.'' અને જંગલો તથા ખેતરો પોતાની જાત પ્રમાણેના પ્રાણીઓથી જીવંત બની ઊઠ્યું. પૃથ્વી તેના હરિયાળા ખેતરોથી, અને ચમકદાર ફૂલોથી અને વૃક્ષો પર પક્ષીઓના અવાજથી અથવા જંગલમાં ફરતા વિવિધ પ્રાણીઓથી વધારે સુંદર બની ગઈ.

પણ પૃથ્વી પર કોઈ માણસ ન હતો - શહેરો અને ઘરો પણ નહીં કે વૃક્ષ નીચે રમનાર બાળકો પણ નહીં. પુરુષો અને સ્ત્રીઓ આનંદ માણી શકે તે પ્રકારની પૃથ્વી તૈયાર થઈ ગઈ હતી. અને તેથી ઈશ્વરે કહ્યું કે, ''બધા જ પ્રાણીઓથી અલગ એવા એક માણસને હું સૃજન કરીશ. તે તૈયાર થઈને ઊભો થશે એટલે હું તેનામાં મારો પ્રાણ પૂરીશ અને તે ઈશ્વરના જેવો બનશે; અને તે પૃથ્વીનો તેમજ પૃથ્વી પર જે બધું છે તે સઘળાનો માલિક અને અંકુશકર્તા બનશે.''

**મનુષ્યનું સૃજન :**

પછી ઈશ્વરે ભૂમિ ઉપરની માટી તરફ નજર કરી પછી તેમાંથી થોડી માટી લીધી અને તેમાંથી માણસને બનાવ્યું અને તેના નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંક્યો એટલે માણસ જીવતું પ્રાણી બન્યો; અને જમીન ઉપર ઊભો

રહ્યો. હવે આ માણસને રહેવા માટે ઘર મળે તે માટે ઈશ્વરે ભૂમિ પર એક એવી જગ્યા પસંદ કરી જ્યાંથી ચાર નદીઓ વહેતી હતી અને ત્યાં સુંદર બગીચો બનાવ્યો. આને આપણે બગીચા કરતા પાર્ક કહીએ તો વધુ સારું કેમકે આપણે જે બગીચાઓ જોયા હોય તેના કરતાં અનેકગણા મોટા કદ અને વિસ્તારમાં તે ફેલાયેલ હતો; દરેક દિશામાં માઈલોના માઈલો પથરાયેલ હતો. આ બાગ કે વાડી કે પાર્કમાં ઈશ્વરે પુષ્કળ વૃક્ષો ઉગાડ્યાં, ઘાસ ઉગાડ્યું અને ફૂલોને ખીલવ્યા. આનું નામ ''એદનવાડી'' કે ''એદનબાગ'' પાડવામાં આવ્યું. બાઈબલના ભાષાંતરોમાં કોઈ એક ભાષામાં ''બાગ'' કે ''વાડી'' શબ્દની જગ્યાએ જે શબ્દ વાપરવામાં આવ્યો છે; તેનો અર્થ ''સ્વર્ગ''ને મળતો આવે છે. આ એદનવાડીને વારંવાર સ્વર્ગ તરીકે ઉલ્લેખવામાં આવી છે. આ વાડી ઈશ્વરે પેલા માણસને આપી અને કહ્યું કે તું તેનું જતન કરજે અને તેના વૃક્ષોના ફળો અને છોડવાની શાકભાજી તારા ખોરાક માટે થાય. ઈશ્વરે આ પ્રથમ માણસનું નામ આદમ પાડ્યું : અને ઈશ્વર આદમની આગળ સઘળા પ્રાણીઓ લાવ્યો જેને ઈશ્વરે ઉત્પન્ન કર્યા હતાં, જેથી આદમ તે દરેક પ્રાણીને નામ આપે.

**સ્ત્રીને સૃજવામાં આવી :**

આ સુંદર વિશાળ વાડીમાં આદમ એકલો જ હતો. અને ઈશ્વરે કહ્યું, ''માણસ એકલો રહે તે સારું નથી. હું તેને યોગ્ય એવી એક સહાયકારી સૃજાવીશ, જે આદમની સાથે રહે અને તેને સહાયરૂપ થાય.'' તેથી આદમ જ્યારે ભરઊંઘમાં હતો ત્યારે ઈશ્વરે આદમના શરીરમાંથી એક પાંસળી કાઢી અને તેમાંથી ઈશ્વરે સ્ત્રી બનાવી; અને તે સ્ત્રીને ઈશ્વર આદમની પાસે લાવ્યા અને આદમે તેનું નામ હવા પાડ્યું ને આદમ અને હવા આ સુંદર વિશાળ બાગ જે ઈશ્વરે તેમને ઘર તરીકે આપ્યો હતો તેમાં રહેવા લાગ્યા અને એકબીજાને પ્રેમ કરવા લાગ્યા.

**સાતમો દિવસ :**

આમ ઈશ્વરે છ દિવસમાં આકાશ અને પૃથ્વી અને સમુદ્ર અને તેમાં જે કંઈ છે તે સઘળું ઉત્પન્ન કર્યું અને સાતમા દિવસે ઈશ્વરે સઘળા કામથી આરામ લીધો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઉત્પત્તિ અગાઉ પૃથ્વીની સ્થિતિ શું હતી ? ....................................................
2. છ દિવસમાં ઈશ્વરે શું બનાવ્યું ? ....................................................
3. એદનવાડીમાં માણસ (આદમ)ની જવાબદારી કઈ હતી ? ....................................................
4. ઈશ્વરે સ્ત્રી (હવા)ને શા માટે સૃજી ? ....................................................
5. આ વાર્તાથી તમે શું શીખ્યા ? ....................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 2**

# માણસનું પતન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 3

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે માણસજાતને પસંદગી કરવાની સ્વતંત્રતા છે (તે ઈચ્છે તે તે પસંદ કરી શકે છે)

**પાઠનું આયોજન**

**માણસના પતનની વાર્તા કહો** – 25 મિનિટ

**અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યહોશુઆ 24:15

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

### ઈશ્વરની આજ્ઞા :

આદમ અને હવા થોડો સમય અદનવાડીમાં રહ્યા. કેટલો સમય રહ્યા તે આપણે જાણતા નથી. સમયને લાગે છે ત્યાં સુધી આપણે ચોક્કસ કહી શકીએ તેમ નથી કે કેટલો સમય આદમ અને હવા આ સુંદર વાડીમાં રહ્યા હતા. ઈશ્વરે તેમને આજ્ઞા આપી હતી તે પ્રમાણે તેમણે વર્તન કર્યું અને જેમ માણસ પોતાના મિત્રની સાથે વાતચીત કરે તેમ તેઓ ઈશ્વરની સાથે વાતચીત કરતાં હતાં; અને તેઓ કંઈપણ ભલું કે ભૂંડું જાણતા ન હતા. આદમ અને હવા માટે એ સમજવું ખૂબ જ જરૂરી હતું કે તેઓ ઈશ્વરની આજ્ઞાઓ હંમેશા પાળે. તેથી ઈશ્વરે આદમ અને હવાને કહ્યું હતું કે, ‘‘વાડીમાં વચમાં આવેલ વૃક્ષના ફળ સિવાય બધા જ વૃક્ષના ફળ તમારે ખાવાં, પણ વાડીની વચમાં આવેલ વૃક્ષના ફળને તમારે ખાવું કે અડકવું નહીં; કેમકે જે દિવસે તમે તે ખાશો તે દિવસે મરશો જ મરશો.’’

### શેતાન પરીક્ષણ લાવ્યો :

વાડીની અંદર જે પ્રાણીઓ હતાં તેમાં સર્પ પણ હતો અને આ સર્પે સ્ત્રીને કહ્યું કે, ‘‘શું દેવે તમને વાડીમાંના વૃક્ષોના ફળમાંથી કોઈ ફળ ખાવાની મના કરી છે ખરી ?’’ હવાએ સર્પને ઉત્તર આપ્યો કે, ‘‘અમે વાડીના હરેક વૃક્ષના ફળ ખાઈ શકીએ છીએ, કેવળ વાડીની વચમાં આવેલ વૃક્ષનું ફળ ખાઈ શકીએ તેમ નથી, કેમકે ઈશ્વરે અમને કહ્યું છે કે જે દિવસે તમે તે વૃક્ષનું ફળ ખાશો તે દિવસે મરશો જ મરશો.’’ પછી સર્પે કહ્યું કે, ‘‘ના, તમે નહીં જ મરશો. પણ ઈશ્વર જાણે છે કે જો તમે તે વૃક્ષનું ફળ ખાશો તો તમે ઈશ્વરના જેવા બની

જશો, કેમકે તમે ભલું ભૂંડું જાણનાર બનશો.''

**આદમ અને હવા અનઆજ્ઞાંકિત બન્યા :**

હવાએ શેતાનની વાત સાંભળી, પછી તેણે પેલા મના કરેલા વૃક્ષ તરફ નજર કરી. જ્યારે તેણે નજર કરી એટલે તેને વિચાર આવ્યો કે આ ફળનો સ્વાદ સારો હશે. અને તે ખાવાથી જો ભલુ ભૂંડું જાણનાર બનાતું હોય તો ઈશ્વરે ના પાડી હોવા છતાં હું તે ફળ ખાઈશ. તેણે ફળ તોડ્યું અને ખાધું અને તેમાંથી થોડું આદમને પણ આપ્યું અને આદમે પણ તે ખાધું. અને આદમ અને હવા જાણતા હતા કે ઈશ્વરની વાત ન માનીને તેઓ બન્ને જણે ખોટું કર્યું છે; અને તેથી હવે સૌ પ્રથમવાર ઈશ્વરને મળવાથી બીવા લાગ્યાં. વાડીની અંદર આવેલા વૃક્ષોની ઓથે સંતાઈ જઈને તેઓએ ઈશ્વરની દૃષ્ટિથી સંતાઈ જવા પ્રયત્ન કર્યો.

**ઈશ્વર મળવા આવ્યા :**

ઈશ્વર આવ્યા અને હાંક મારી કે, ''આદમ, તું ક્યાં છે ?'' અને આદમે કહ્યું, ''પ્રભુ, મેં વાડીની અંદર તમારો અવાજ સાંભળ્યો, અને હું ગભરાયો એટલે હું સંતાઈ ગયો.'' પછી ઈશ્વરે પૂછ્યું, ''મને મળવાથી તું શા માટે ગભરાય છે ? શું જે વૃક્ષના ફળને ન અડકવાનું મેં કહ્યું હતું તે તેં ખાધું છે શું ?'' અને આદમે જવાબ આપ્યો, ''જે સ્ત્રી તેં મને મારી પાસે રહેવા આપી છે તેણે મને ફળમાંથી થોડું આપ્યું અને મેં તે ખાધું.'' પછી ઈશ્વરે સ્ત્રીને કહ્યું, ''તેં આ શું કર્યું ?'' એટલે હવાએ જવાબ આપ્યો કે, ''સર્પે મને કહ્યું કે જો તું ફળ ખાશે તો તેથી કંઈ જ નુકસાન થશે નહીં, તેથી મેં ફળમાંથી થોડું લીધું અને ખાધું.''

**શ્રાપ :**

પછી ઈશ્વરે સર્પને કહ્યું કે, ''તેં આદમ અને હવાને ખોટું કરવા દોર્યા માટે બીજા પ્રાણીઓની જેમ તું હવેથી ચાલી શકીશ નહીં; પણ તું ધૂળ ઉપર પેટે ચાલશે અને કાયમ માટે ધૂળ ચાટશે. તું સ્ત્રીને ધિક્કારશે અને સ્ત્રી તને ધિક્કારશે. તું તેની સાથે, ને તેના સંતાનોની સાથે, ને તેના સંતાનોના સંતાનોની સાથે વેર કરીશ અને તેઓ તારી સાથે વેર કરશે.'' અને ઈશ્વરે સ્ત્રીને કહ્યું કે, ''તેં તારા પતિને, મને, આધીન ન થવા દોર્યો તેથી તું તારી આખી જિંદગીપર્યંત દુઃખ ભોગવીશ અને તારી પ્રસુતાનું દુઃખ હું વધારીશ.'' અને ઈશ્વરે આદમને કહ્યું કે, ''તેં તારી પત્નીનું કહેવું સાંભળ્યું અને મારી આજ્ઞા તોડી માટે તું પણ દુઃખ વેઠીશ. તું જે કંઈ ભૂમિમાંથી મેળવવા ઈચ્છશે તે માટે તારે કષ્ટ વેઠવું પડશે અને ભૂમિમાંથી તને કાંટા અને કાંટાળી ઊગેલા મળશે. જો તારે અનાજની જરૂર પડે અને ખોરાક મેળવવો હશે તો તારે ભૂમિને ખેડવી પડશે, રોપણી અને કાપણીનું કામ કરવું પડશે અને તે આખી જિંદગી કરવું પડશે. તું ભૂમિમાંથી લેવામાં આવ્યો છે અને મરીશ એટલે પાછો ભૂમિમાં જઈશ.''

**વાડીનો નાશ :**

આદમ અને હવાએ ઈશ્વરની આજ્ઞાને ઉથાપી અને અનઆજ્ઞાંકિત બન્યા માટે ઈશ્વરે તેમને એદનવાડીમાંથી કાઢી મૂક્યાં જે વાડી દેવે તેમને તેમના ઘર તરીકે રહેવા આપી હતી. એદનવાડીની બહાર હાંકી કાઢ્યા પછી તેઓ ફરીથી વાડીની અંદર ન પેસે તે માટે તેના પ્રવેશદ્વાર આગળ ઈશ્વરે દૂતોને મૂક્યા અને દૂતોના હાથમાં અગ્નિના જેવી ચમકતી તલવાર આપી. તેથી આદમ અને તેની પત્નીએ આ બગીચો ગુમાવ્યો અને ત્યાર પછી એ વાડીમાં કોઈ માણસ કદી પ્રવેશી શક્યું નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈશ્વરે આદમ અને હવાને શી આજ્ઞા આપી ? ..................................................
2. શેતાને હવાને શું કહ્યું ? ..................................................
3. આદમ અને હવાને શ્રાપ આપતાં ઈશ્વર .................................................. બોલ્યા.
4. તેઓએ શું ગુમાવ્યું ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 3

# કાઈન અને હાબેલ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 4:1-67

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરને પૂરા હૃદયથી પ્રેમ કરવાનું અને ઈશ્વરનું ભજન કરવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**કાઈન અને હાબેલની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** પુનર્નિયમ 6:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

### વાર્તાનો સારાંશ :

**બાળકોનો જન્મ :**

આદમ અને હવા ઈશ્વરને અનઆજ્ઞાંકિત થયા અને તેથી તેમને મહેનત કરીને જીવવા સારું વાડીની બહાર જગતમાં મૂકવામાં આવ્યાં. થોડો સમય સુધી તે બન્ને જણાં એકલાં જ હતાં, પરંતુ ત્યારબાદ ઈશ્વરે તેમને તેમનું સૌપ્રથમ સંતાન આપ્યું અને તે પણ દીકરો. દુનિયામાં જન્મ લેનાર આ સૌપ્રથમ બાળક હતું. હવાએ તેનું નામ કાઈન પાડ્યું અને થોડા સમય પછી તેમને બીજું સંતાન થયું તે પણ દીકરો હતો અને હવાએ તેનું નામ હાબેલ પાડ્યું. બન્ને છોકરાઓ મોટા થયા અને તેમના પિતાને કામ કરતા જોઈને તેઓ પણ તે રીતે પિતાને કામમાં મદદ કરવા લાગ્યા. કાઈને ખેતરમાં કામ કરવાનું પસંદ કર્યું તેથી તે ખેતર ખેડવા અને અનાજ તથા ફળ ઉગાડવા લાગ્યો. હાબેલે ઢોરઢાંખરની સંભાળ અને ઉછેરનું કામ પસંદ કર્યું. તેની પાસે ઘેટાંનું મોટું ટોળું હતું એટલે તે ઘેટાંપાળક થયો.

**ઈશ્વરનું ભજન :**

આદમ અને હવા જ્યારે એદનવાડીમાં હતાં ત્યારે ઈશ્વરની સાથે વાતચીત કરી શકતા હતાં અને ઈશ્વરની વાણી તેઓ સાંભળતા હતા, પરંતુ હવે તેઓ એદનવાડીની બહાર જગતમાં હતાં જ્યાં તેઓ ઈશ્વરની સાથે મુક્તપણે વાતચીત કરી શકતાં ન હતાં. અગાઉ તેઓ જે મોકળાશથી વાત કરતાં હતાં તેવી રીતે હવે કરી શકતા ન હતાં. આથી ઈશ્વરની સમક્ષ વાત કરવા માટે તેઓએ એક વેદી બાંધી એટલે કે પથ્થરો એકઠા કરીને તેનો ઢગલો કર્યો અને તેના ઉપર ઈશ્વરને આપવા માટેની બક્ષિસ મૂકી અને પછી તે સળગાવી જેથી એવું નક્કી થાય કે આ ભેટ ઉપર તેમનો કોઈ અધિકાર નથી પણ ઈશ્વરનો અધિકાર છે; આ બલિદાન ઈશ્વરને સમર્પિત છે; જે ઈશ્વરને તેઓ અત્યારે જોઈ શકતા નથી. પછી તેઓએ આ વેદીની આગળ પ્રાર્થના કરી કે ઈશ્વર અમારા પાપ અને ભૂલોની અમને ક્ષમા કરો અને અમારું ભલું કરો, અમને આશીર્વાદ આપો. આ બન્ને ભાઈઓ આ વેદીની ઉપર દરેક જણ પોતપોતાનું અર્પણ લઈને આવ્યા; કાઈન અને હાબેલ બન્ને જણ પોતપોતાની ભેટ આ સ્થળે ઈશ્વરને અર્પણ કરવા લાવ્યા. કાઈને જે અનાજ અને ફળ પકવ્યા હતા તેમાંથી અર્પણ કરવા લાવ્યો જ્યારે હાબેલ પોતાના ટોળામાંથી એક ઘેટું લાવ્યો અને તેને કાપીને વેદી પર મૂકીને સળગાવ્યું.

**કાઈનનો ગુસ્સો :**
કોઈક કારણસર ઈશ્વર હાબેલથી અને તેના અર્પણથી ખુશ થયા પણ કાઈન અને તેના અર્પણથી ખુશ થયા નહીં. કદાચ ઈશ્વર એવું ઈચ્છતા હશે કે જેમ હાબેલ એવું જીવતું અર્પણ લાવ્યો જેમાં જીવ હતો તેમ કાઈને પણ લાવવાની જરૂર હતી; કદાચ ઈશ્વરની સમક્ષ આવ્યો ત્યારે કાઈનનું હૃદય યોગ્ય નહીં હોય.
અને ઈશ્વરે દર્શાવ્યું કે તે કાઈનથી ખુશ થયા નથી ત્યારે કાઈન તેના પાપ અને ભૂલની ક્ષમા ઈશ્વર આગળ માંગવાને બદલે; ઈશ્વર ઉપર ગુસ્સે થયો અને તેના ભાઈ હાબેલ ઉપર પણ ગુસ્સે થયો. જ્યારે તેઓ બન્ને ભાઈઓ બહાર ખેતરમાં કામ કરતા હતા ત્યારે કાઈને તેના ભાઈ હાબેલ ઉપર હુમલો કરીને તેને મારી નાખ્યો. આ રીતે કાઈન આ પૃથ્વી પરનો સૌપ્રથમ ખૂની બન્યો.
**કાઈન ઉપર શ્રાપ :**
અને ઈશ્વરે કાઈનને કહ્યું કે, "તારો ભાઈ હાબેલ ક્યાં છે ?" અને કાઈને જવાબ આપ્યો કે, "મને ખબર નથી, શું હું માર ભાઈનો રખેવાળ છું ?" પછી ઈશ્વરે કાઈનને કહ્યું કે, "તેં આ શું કર્યું ? તારા ભાઈના લોહીનો અવાજ ભૂમિમાંથી મને હાંક મારી રહ્યો છે. તું જુએ છે, આ ભૂમિએ તારા ભાઈનું રક્ત પીવાને મોંની જેમ કેટલી ખુલ્લી થઈ છે ? તારા ભાઈના ખૂનને કારણે તું જીવશે ત્યાં સુધી ઈશ્વરના શ્રાપ નીચે રહેશે. તું પૃથ્વી પર ભટકતો તથા નાસતો ફરીશ અને તને કોઈ સ્થાયી સ્થાન મળશે નહીં; કેમકે તેં આ દુષ્ટ કામ કર્યું છે."
**કાઈનને સારું ચિહ્ન :**
અને કાઈને યહોવાને કહ્યું કે, "હું સહી શકું તે કરતાં મારી સજા વધારે છે. તમે પૃથ્વી પરથી મને હાંકી કાઢ્યો છે, માણસો મધ્યેથી દૂર કર્યો છે અને તમારું મુખ પણ મારાથી તમે સંતાડ્યું છે. જો કોઈ વ્યક્તિ મને ઓળખશે તો તે મને મારી નાખશે કારણકે હું એકલો પડી ગયો છું, કોઈ મારો મિત્ર નથી રહ્યો." પછી ઈશ્વરે કાઈનને કહ્યું કે, "જે કોઈ કાઈનને મારી નાખશે, તેને સાતગણી સજા થશે." પછી ઈશ્વરે કાઈનના શરીર ઉપર ચિહ્ન મૂક્યું, જેથી જે કોઈ વ્યક્તિ કાઈનને મળે તે તેને ઓળખી શકે કે આ જ કાઈન છે અને એમ પણ જાણે કે તેને મારવાની ઈશ્વરે મનાઈ ફરમાવી છે. પછી કાઈન અને તેની પત્ની આદમના ઘરમાંથી નીકળી ગયાં અને પોતાની રીતે અન્ય સ્થળે રહેવા ગયા; અને ત્યાં તેઓને બાળકો થયાં. અને કાઈનના કુટુંબે તે જગ્યાએ નગર વસાવ્યું અને કાઈને પોતાના સૌથી મોટા દીકરા હનોખના નામ ઉપરથી આ નગરનું નામ હનોખનગર પાડ્યું.

**ખાલી જગ્યા પૂરો :**
1. વેદી શા માટે બાંધવામાં આવી ?...............................................
2. કાઈન ગુસ્સે થયો, કારણકે ...............................................
3. શા માટે ઈશ્વરે કાઈનને શ્રાપ આપ્યો ? ...............................................
4. શા માટે ઈશ્વરે કાઈનને સારું ચિહ્ન ઠરાવ્યું ? ...............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# પાઠ - 4

# ન્યાયી નૂહ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 6:9-22

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ ઈશ્વરને આજ્ઞાંકિત બને.

**પાઠનું આયોજન**

**નૂહની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યહોશુઆ 1:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

### નૂહ નામની વ્યક્તિ :

ઈશ્વરે જે પૃથ્વી બનાવી હતી તે તરફ ઈશ્વરે નજર કરી તો તેમને જણાયું કે તેની અંદરના માણસો કેટલા બધા દુષ્ટ બની ગયા છે અને વળી માણસના મનના વિચારો નિરંતર ભૂંડા છે. અને આવા ખરાબ સમયની અંદર ઈશ્વરે એક ન્યાયી અને સારા માણસને જોયો. તેનું નામ નૂહ હતું. દેવની નજરમાં જે સારું હોય તે કરવા માટે નૂહ પ્રયત્ન કરતો હતો. નૂહ દેવની સંગાથે ચાલ્યો અને તેણે દેવની સાથે વાતચીત કરી. નૂહને ત્રણ દીકરા હતા : તેઓના નામ શેમ, હામ અને યાફેથ.

### ઈશ્વરની આજ્ઞા :

ઈશ્વરે નૂહને કહ્યું કે, "એવો સમય આવ્યો છે કે પૃથ્વી પરના સઘળા પુરુષો અને સ્ત્રીઓનો હું સંહાર કરું. દરેકે મરવું પડશે કેમકે સઘળા દુષ્ટ બન્યા છે. પણ તું અને તારું કુટુંબ બચી જશે કેમકે તું એકલો જ સારું કરવા માટે પ્રયત્ન કરી રહ્યો છે." પછી ઈશ્વરે નૂહને જણાવ્યું કે કેવી રીતે તે તેનું અને તેના દીકરાઓનું જીવન બચાવશે. નૂહે એક મોટું વહાણ તૈયાર કરવાનું હતું; એટલું મોટું કે આપણા જમાનામાં જે મોટા મોટા વહાણો છે તેવું સૌથી મોટું વહાણ; ખૂબ જ પહોળું, ખૂબ જ લાંબુ અને ખૂબ જ ઊંડું જેની ઉપર મોટું છત હોય અને ત્રણ માળના ઘર જેવું અને આટલું વિશાળ હોવા છતાં ભારેમાં ભારે પાણીમાં પણ તરી શકે એવું. ઈશ્વરે નૂહને કહ્યું કે તું આ વહાણ બાંધ અને તેને તૈયાર કરી રાખ જેથી જ્યારે જરૂર પડે ત્યારે તું તેનો ઉપયોગ કરી શકે. ઈશ્વરે નૂહને કહ્યું, "કારણકે, હું આ પૃથ્વી પર એટલું મોટું પૂર લાવવાનો છું કે બધી જ જમીન ઢંકાઈ જશે અને પૃથ્વી પરના સઘળા મનુષ્યો પાણીમાં ડૂબી જશે અને મનુષ્યો તથા પ્રાણીઓ પાણીમાં ડૂબી જઈને મરણ પામવાના હોવાથી તારે એટલું મોટું વહાણ બનાવવું કે તેની અંદર દરેક પ્રકારના પ્રાણીઓની એક એક જોડ અને જે પ્રાણીઓની વધુ જરૂરી છે તેવા પ્રાણીઓની વધુ જોડ. દા.ત. ઘેટાં, બકરાં અને બળદો; જેથી પૂર ઓસરી જાય

પછી આ પૃથ્વી ઉપર માણસો અને પ્રાણીઓનું જીવન આગળ વધી શકે. અને આ પૃથ્વી પર જેટલો વખત પૂરની સ્થિતિ ચાલુ રહે એટલા સમયને માટે એટલે એક વર્ષ સુધી ચાલે એટલું અનાજ અને બધોજ જરૂરી ખોરાક તારે સારું તારા કુટુંબને સારું તથા જે બધા પ્રાણીઓ તારી સાથે વહાણની અંદર છે તે બધાને સારું લે.''

**નૂહની આજ્ઞાંકિતતા :**

ઈશ્વરે જે જણાવ્યું તે નૂહે કર્યું, જો કે તેની આજુબાજુના લોકોને નૂહનું આ કાર્ય ખૂબ જ વિચિત્ર લાગ્યું હશે કારણકે આટલું વિશાળ વહાણ તેણે બાંધવાની શરૂઆત કરી ત્યારે વહાણને તરતું રાખવા પાણી ન હતું. અને આ વહાણ બનાવવા માટે નૂહ અને તેના દીકરાઓને ઘણો લાંબો સમય એટલે 120 વર્ષના લાંબા સમય સુધી કામ કરવાનું થયું; તે દરમિયાન દુષ્ટ લોકોને આશ્ચર્ય થતું હશે અને જ્યાં સમુદ્ર નથી તેવી જગ્યાએ આટલું વિશાળ વહાણ બનાવવું તે જોઈને જગિક લોકો નૂહની મશ્કરી કરતા હશે અને હસતા હશે. છેવટે વહાણનું કાર્ય પૂરું થયું અને જમીન ઉપર એક વિશાળ ત્રણ માળના ઊંચા ઘર જેવું વહાણ ઊભું થયું. વહાણની એક તરફ દરવાજો હતો અને ઉપર છતના ભાગે એક બારી હતી જેમાંથી પ્રકાશ અંદર આવી શકે. પછી ઈશ્વરે નૂહને કહ્યું, ''વહાણની અંદર આવ, તું અને તારી પત્ની, અને તારા ત્રણ દીકરા અને તેમની પત્નીઓ સુદ્ધાં તમે અંદર આવો કેમકે પાણીનું પૂર ખૂબ જ જલ્દીથી આવવાનું છે. અને તારી સાથે તું દરેક પ્રકારના પ્રાણીઓને પણ લે, અને પક્ષીઓ પણ લે, વળી માણસને જેની જરૂર પડે તેવા પ્રત્યેકની સાત જોડ અને બાકીનાઓની એક એક જોડ લે જેથી પૃથ્વી પર તેમનો વંશ ચાલુ રાખી શકાય.'' તેથી નૂહ અને તેની પત્ની, અને તેના ત્રણ દીકરાઓ, શેમ, હામ અને યાફેથ તેઓની પત્નીઓ સાથે વહાણની અંદર ગયા. અને ઈશ્વર વહાણના દરવાજા પાસે પ્રાણીઓને, પક્ષીઓને અને પેટે ચાલનાર પ્રાણીઓને લઈ આવ્યા, અને તે બધા વહાણની અંદર ગયા અને નૂહ અને તેના દીકરાઓએ એ બધાને વહાણમાં પોતપોતાની જગ્યાએ ગોઠવ્યા, અને બધાને માટે ખોરાક વ્યવસ્થિત જગ્યાએ સાચવીને મૂક્યો. પછી વહાણનો દરવાજો ઈશ્વરે બંધ કર્યો જેથી વધારે માણસો કે વધારે પ્રાણીઓ અંદર પ્રવેશે નહીં.

**વરસાદ શરૂ થયો :**

થોડા જ દિવસોમાં વરસાદ પડવા લાગ્યો અને એટલો બધો વરસાદ પડ્યો કે તેટલો અગાઉ કદી પડ્યો ન હતો. એમ લાગ્યું કે જાણે પૃથ્વી પર ભારે પૂર લાવવા માટે આકાશ ખુલી ગયું હોય. તળાવો અને નાળાઓ ભરાઈ ગયાં અને નદીઓની સપાટી વધુ ને વધુ ઊંચી થવા લાગી અને વહાણ પાણી પર તરવાલાગ્યું. લોકો ઘરોમાંથી બહાર નીકળીને ઊંચા ટેકરા અને પર્વતોના શિખર તરફ આશ્રયને માટે જવા લાગ્યા પરંતુ થોડા સમયમાં જ પર્વતોની ટોચો પણ પાણીમાં ડૂબી ગઈ અને માણસો ડૂબી મૂઆ. જે પૃથ્વી પર અગાઉ માણસો વસતા હતા તે સમગ્ર પૃથ્વી પૂરના પાણીમાં ડૂબી જવાથી બધા જ દુષ્ટ માણસો પાણીમાં ડૂબીને મરી ગયા અને કોઈ બચ્યું નહીં, પ્રાણીઓ પણ બચ્યા નહીં. બધા જ પ્રાણી-બીકણ પ્રાણીઓ તથા પાલતુ પ્રાણીઓ - ઘેટાં, બળદ એ બધા ડૂબી ગયા; જંગલી પ્રાણીઓ - સિંહ અને વાઘ અને બાકીના બીજા પણ ડૂબી ગયા. પક્ષીઓ પણ ડૂબી ગયા કેમકે વૃક્ષો પરના તેમના માળા વિખેરાઈ ગયા અને આ ભારે આંધી તોફાનમાંથી બચવા તેઓ ઊડીને બીજે ક્યાંય જઈ શકે તેમ ન હતાં. ચાળીસ દિવસ અને રાત વરસાદ વરસ્યો અને વહાણની બહાર એક પણ શ્વાસ જીવતો ન રહ્યો ત્યાં સુધી વરસાદ ચાલુ રહ્યો.

**વરસાદ બંધ થયો :**

ચાળીસ દિવસ પછી વરસાદ બંધ થયો, પરંતુ પૃથ્વી પર એકત્રિત થયેલ પાણીનું સ્તર છ મહિના કરતાં વધારે સમય સુધી રહ્યું અને વહાણ તેની અંદર જે બધું હતું તે લઈને સમગ્ર પૃથ્વી જે સમુદ્રમાં ફેરવાઈ ગઈ હતી તેના ઉપર તરતું રહ્યું. પછી ઈશ્વરે પવનને મોકલ્યો કે તે પાણી પર ફૂંકાતો રહે જેથી પાણી સૂકાઈ જાય; અને ધીરે ધીરે પાણીનું સ્તર ઘટવા લાગ્યું. સૌપ્રથમ પર્વતની ટોચ પાણીની બહાર દેખાઈ, પછી ટેકરીઓ બહાર દેખાવા લાગી અને છેવટે વહાણ તરતું અટકી ગયું અને અરારાટ પર્વત પાસે જઈને અટકી ગયું. વહાણનો દરવાજો ઈશ્વરે બંધ કર્યો હતો અને બારી છતમાં હતી તેથી પૃથ્વી પર શું બન્યું તે નૂહ જોઈ શક્યો નહીં; પણ વહાણ ચાલતું અને તરતું બંધ થઈ ગયું છે એ નૂહે અનુભવ્યું તેથી તેને લાગ્યું કે પૃથ્વી પર પાણી ઓસરી ગયું છે. તેથી થોડો વધુ સમય રાહ જોયા પછી નૂહે બારી ખોલી અને બારીની બહાર કાગડાને મોકલ્યો. કાગડાને મજબૂત પાંખ હોય છે. તે સતત આમતેમ ઉડવા લાગ્યો અને તેને કોઈક જગ્યાએ બેસવાનો આશરો મળી ગયો એટલે કાગડો પાછો ન આવ્યો. પછી નૂહે કબૂતરને બહાર મોકલ્યું જે તરત જ પાછું આવી ગયું. થોડા સમય પછી નૂહે ફરીથી કબૂતરને બહાર મોકલ્યું પણ તે વહાણમાં પાછું ન આવ્યું એટલે નૂહને લાગ્યું કે પૃથ્વી પરની જમીન ફરીથી સૂકી બની રહી છે તેથી નૂહે વહાણના છતનો થોડો ભાગ ખુલ્લો કરી દીધો અને બહાર નિહાળ્યું તો વહાણની આસપાસ કોરી ભૂમિ જોવા મળી. નૂહ વહાણની અંદર લગભગ એક વર્ષથી થોડા વધુ સમય માટે હતો તેથી હવે બહાર કોરી ભૂમિ અને વૃક્ષો જોઈને તેને ખૂબ જ આનંદ થયો. ઈશ્વરે નૂહને કહ્યું કે, "નૂહ, તું તથા તારી પત્ની તથા તારા દીકરાઓ તથા તેમની પત્નીઓ તથા વહાણની અંદર જે કંઈ જીવતાં પ્રાણીઓ છે તે બધાં જ તમે વહાણની બહાર નીકળો." તેથી નૂહે દરેકને બહાર કાઢ્યા અને પોતે પણ બહાર નીકળ્યો અને ફરીથી એકવાર કોરી ભૂમિ ઉપર ઊભો રહ્યો. પ્રાણીઓ અને પક્ષીઓ અને પેટે ચાલનારા પ્રાણીઓ સઘળાએ પૃથ્વી પર એમનું જીવન ફરીથી શરૂ કર્યું. નૂહ અને તેનું કુટુંબ પણ ફરીથી પૃથ્વી પર વસ્યું અને તેમનો વંશ આગળ વધ્યો. નૂહ ઈશ્વરને સંપૂર્ણપણે આધીન થયો હોવાથી તે આ રીતે બચવા પામ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. નૂહ કેવી વ્યક્તિ હતો ? ..................................................
2. ઈશ્વરે નૂહને આજ્ઞા કરી કે ..................................................
3. વરસાદ શરૂ થયો એટલે શું બન્યું ? ..................................................
4. નૂહને કેવી રીતે ખબર પડી કે જમીન ફરીથી કોરી બની છે ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 5

# ઈબ્રામ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 12

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના વચનોમાં વિશ્વાસ કરવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈબ્રામની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માર્ક 13:31

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈબ્રામ નામનો માણસ :

ઉર નામના નગરમાં એક માણસ રહેતો હતો તેનું નામ ઈબ્રામ હતું. ઈબ્રામ ભલો માણસ હતો. તે હંમેશાં પ્રાર્થના કરતો હતો અને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે વર્તતો હતો. પણ ઈબ્રામના વતન ઉરમાં રહેતા બીજા લોકો ઈશ્વરમય જીવન જીવતા ન હતા. તે લોકો પથ્થર તથા લાકડાની બનાવેલી મૂર્તિઓનું ભજન કરતા હતા. તેઓ આ મૂર્તિઓને દેવ ગણતા અને માનતા કે આ મૂર્તિઓ અમારા દેવો હોવાથી અમારું સાંભળશે અને મદદ કરશે. તેઓ મૂર્તિપૂજક હોવાથી સાચા ઈશ્વરને ઓળખતા ન હતા અને ઈશ્વરની ઈચ્છા જાણતા ન હતા અને તેઓ ઘણી દુષ્ટ બાબતો કરતા હતા.

### ઈશ્વરનું વચન :

ઈશ્વરે જોયું કે ઈબ્રામની આસપાસ દુષ્ટ લોકો રહે છે પરંતુ ઈબ્રામ તેમની મધ્યે રહેતો હોવા છતાં ભલો અને વિશ્વાસુ છે તેથી ઈશ્વરની ઈચ્છા ન હતી કે ઈબ્રામ આવા લોકોની મધ્યે રહીને જીવન જીવે, રખેને કદાચ આ દુષ્ટતાની અસર તેના પર અને તેના કુટુંબ પર થાય. તેથી ઈશ્વરે ઈબ્રામ સાથે વાત કરતાં કહ્યું કે, "ઈબ્રામ, તું તારા કુટુંબને એકઠું કર અને તેઓને લઈને આ જગ્યાએથી નીકળી જા અને અહીંથી દૂર આવેલ સ્થળ જે હું તને બતાવું ત્યાં જા, અને તે દેશમાં હું તારા કુટુંબને શક્તિશાળી બનાવીશ અને એક મોટી કોમ ઉત્પન્ન કરીશ. હું તને આશીર્વાદ આપીશ અને તને વધારીશ જેથી જગતમાં તારું નામ મોટું મનાશે. હું જે તને કહું તે પ્રમાણે જો તું કરીશ તો તું આશીર્વાદિત બનીશ અને તારાથી પૃથ્વીના સર્વ કુટુંબ આશીર્વાદ પામશે."

**ઈબ્રામ મુસાફરી શરૂ કરે છે :**

જો કે ઈબ્રામ જાણતો ન હતો કે કયા આશીર્વાદ તેને મળવાના છે, અને જે સ્થળે ઈશ્વર તેને મોકલવાના છે તે સ્થળ પણ જોયું ન હોવા છતાં ઈબ્રામ ઈશ્વરના વચનને આધીન થયો. તેણે પોતાના કુટુંબને સાથે લીધું, તેની પત્ની જેનું નામ સારાય હતું અને તેના ભાઈનો દીકરો જેનું નામ લોત હતું, તેઓને સાથે લીધાં. ઈબ્રામ પાસે જે બધું હતું તે પણ લીધું એટલે તેનો તંબૂ, તેના ટોળાંઓ એટલે ઘેટાં અને ઢોરઢાંખર અને બધુ લઈને લાંબી મુસાફરીએ નીકળ્યો અને તે પણ એવી જગ્યાએ જવા માટે જે તેણે જોઈ ન હતી, તેનું નામ સાંભળ્યું ન હતું. રસ્તામાં નદી, નાળા, ખીણો, પર્વતો આવ્યા તે બધું પસાર કરીને તેઓ કનાન દેશમાં આવ્યા જે દેશ વિશે ઈશ્વરે તેને વચન આપ્યું હતું.

**ઈશ્વરે ફરીથી વાત કરી :**

ઈબ્રામ કનાનમાં આવ્યો. ત્યાં તેણે કનાની લોકોના કેટલા નગરો અને શહેરો જોયાં. પણ ઈબ્રામ આમાંના કોઈ સ્થળે રહ્યો નહીં પણ ઈબ્રામ અને તેના લોકો ખુલ્લા ખેતરોમાં તંબૂઓ બાંધીને રહેવા લાગ્યા જ્યાં તેમના ઘેટાં અને પશુઓના ખોરાક માટે ઘાસ મળી રહે. આ સ્થળ શખેમ નામના શહેરથી નજીક આવેલ હતું. ઈબ્રામે મોરેહના એલોન ઝાડની નીચે તંબૂ બાંધ્યો જે ઝાડ શખેમની સીમમાં હતું. ત્યાં ઈશ્વર તેની પાસે આવ્યા અને કહ્યું કે, “આ સ્થળ હું તારા બાળકોને અને તેમના બાળકોના બાળકોને આપીશ અને આ સ્થળ તેઓને માટે કાયમ માટે રહેશે.” ઈબ્રામે આ જગ્યાએ વેદી બાંધી અને તેના પર અર્પણ ચઢાવ્યું અને દેવનું ભજન કર્યું. ઈબ્રામે જ્યાં જ્યાં તંબૂઓ ઊભા કર્યા ત્યાં ત્યાં તેણે વેદી બાંધી અને ઈશ્વરને પ્રાર્થના કરી કારણકે ઈબ્રામ ઈશ્વરને પ્રેમ કરતો હતો, ઈશ્વરની સેવા કરતો હતો અને ઈશ્વરના વચનોમાં વિશ્વાસ કરતો હતો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈબ્રામ કેવી વ્યક્તિ હતો ? ..........................................................
2. ઈશ્વરે ઈબ્રામને વચન આપ્યું કે ..........................................................
3. ઈબ્રામ કેવી રીતે ઈશ્વરને આધીન થયો ? ..........................................................
4. કનાન દેશમાં પહોંચીને ઈબ્રામે શું કર્યું ? ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 6**

# યૂસફનું મિસરમાં જવું

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 39

**પાઠનો ઉદ્દેશ :** બાળકો હંમેશા ઈશ્વર પર વિશ્વાસ કરે તે શીખવો.

**પાઠનું આયોજન**

**યૂસફ મિસરમાં ગયો તે વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગી.શા. 118:8-9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યૂસફ પોટીફારના ઘરમાં :

ઈશ્માએલીઓએ યૂસફને તેના ભાઈઓ પાસેથી ખરીદી લીધો. આ ઈશ્માએલી લોકો યૂસફને ખરીદ્યા પછી તેને લઈને આગળ મુસાફરી કરવા લાગ્યા અને ઘણા દિવસો પછી તેઓ યૂસફને મિસરમાં લાવ્યા. આ નાના દીકરાને આ મુસાફરી અને નવી જગ્યા ખૂબ જ વિચિત્ર લાગી હશે કારણકે તે તો તંબૂની અંદર રહેતો હતો અને મોટી નદી નાઈલને જોતો હતો, લોકોથી ભરપૂર શહેરો, મંદિરો અને વિશાળ પિરામીડોની મધ્યે તે જીવતો હતો અને એકાએક આવું પરિવર્તન આવ્યું ! ઈશ્માએલીઓએ યૂસફને પોટીફાર નામની વ્યક્તિને ગુલામ તરીકે વેચી દીધો. આ પોટીફાર તે તો મિસરના રાજા ફારુનના સૈન્યનો એક અધિકારી હતો. યૂસફ દેખાવે સુંદર હતો અને તે જે કંઈ કરતો તે દરેકમાં તે સફળ થતો હતો. તેના માલિક પોટીફાર સાથે તેને સારા સંબંધ બંધાયા. પોટીફારે યૂસફને ઘરના સર્વસ્વનો વહીવટકર્તા બનાવ્યો, અને તેના ઘરનું સર્વસ્વ તેના હાથમાં મૂક્યું. યૂસફ, પોટીફારના ઘરમાં એક ગુલામ તરીકે ગયો હતો પણ હવે તો, તે નામનો જ ગુલામ રહ્યો છે અને હકીકતમાં તો તે સર્વસ્વનો ઉપરી બન્યો અને સાથી ગુલામો ઉપર પણ અધિકારી બન્યો.

### પોટીફારની સ્ત્રી :

પોટીફારની પત્ની જે શરૂઆતમાં યૂસફ સાથે સારો વર્તાવ કરતી હતી તે પાછળથી યૂસફની દુશ્મન બની ગઈ કારણકે તેને જેવું ગમતું તેવું બધું કરવા યૂસફ તૈયાર ન થતો. તેણે તેના પતિને યૂસફ વિરુદ્ધ ખોટી ફરિયાદ કરી કે યૂસફે મારી સાથે કુકર્મ કર્યું છે. આ સ્ત્રીની ખોટી વાત તેના પતિએ સાચી માની લીધી અને તે યૂસફ ઉપર ખૂબ જ ગુસ્સે થયો અને તેને જેલમાં પૂર્યો. યૂસફ જેણે કંઈ જ ખોટું કર્યું ન હતું તેના ઉપર આવો ખોટો આરોપ મૂકીને ગુનેગારોની સાથે જેલની અંધારી ઓરડીમાં પૂરી દેવો તે સહન કરવું ખૂબ જ કઠણ હતું.

**ઈશ્વર યૂસફની મદદે :**

પરંતુ યૂસફને ઈશ્વર ઉપર વિશ્વાસ હતો અને તે માનતો હતો કે એક દિવસ સઘળું બરાબર થઈ જશે. તે હંમેશની જેમ જ જેલની અંદર પણ આનંદી, માયાળુ અને મદદગાર હતો. જેલના અધિકારીએ જોયું કે બીજા કેદીઓ જેવો યૂસફ નથી તેથી તે યૂસફ સાથે સારી રીતે વર્તતો અને થોડા જ સમય બાદ જેલના સઘળા કેદીઓ ઉપર યૂસફને ઉપરી બનાવવામાં આવ્યો, અને યૂસફ જે રીતે પોટીફારના ઘરમાં વફાદાર હતો તે જ રીતે અહીં પણ બધાનો વહીવટ કરવા લાગ્યો. જેલનો અધિકારી જેલના કાર્યની દેખભાળ રાખવા ભાગ્યે જ આવતો કેમકે તેને ખાત્રી હતી કે બધું જ કાર્ય યૂસફ સારી રીતે સંભાળી લેશે. યૂસફે હંમેશાં સાચું કર્યું, ઈશ્વરની સેવા કરી અને ઈશ્વરે યૂસફને સઘળી બાબતોમાં આશીર્વાદ આપ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. યૂસફ ક્યાં ગયો ? ..........................................................
2. યૂસફને તે જગ્યાએ કયું કામ મળ્યું ? ..........................................
3. યૂસફને શા માટે જેલમાં પૂરવામાં આવ્યો ? ....................................
4. જેલમાં ગયા પછી શું બન્યું ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 7**

# યૂસફ રાજા પછી તરતના સ્થાને

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ઉત્પત્તિ 40, 41

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ હંમેશા ઈશ્વર ઉપર ભરોસો કરે.

**પાઠનું આયોજન**

**યૂસફની ઊંચી પદવી તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** હેબ્રી 11:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

**સ્વપ્નોનો ખુલાસો :**

યૂસફ જેલમાં હતો તે દરમિયાન રાજાએ બીજા બે જણને જેલમાં પૂર્યા જેમનાથી રાજા નારાજ થયા હતા. એક હતો મુખ્ય પાત્રવાહક અને બીજો હતો મુખ્ય ભઠિયારો. પાત્રવાહક રાજાની સમક્ષ દ્રાક્ષારસ લઈ જવાની જવાબદારી અદા કરતો અને મુખ્ય ભઠિયારો રાજાના ખોરાકની જવાબદારી સંભાળતો હતો. જેલની અંદર આ બન્ને જણને યૂસફની સાથે રાખવામાં આવ્યા અને યૂસફ તેઓની ચાકરી કરતો કારણકે તેઓ બન્ને જણ ઊંચો હોદ્દો ધરાવતા હતા. આ બન્ને જણને જે રૂમમાં રાખવામાં આવ્યા હતા તે રૂમની અંદર એક સવારે યૂસફ આવ્યો તો આ બન્ને જણ ઉદાસ દેખાતા હતા. યૂસફે તેઓને પૂછ્યું કે, "તમે આજે આટલા ઉદાસ કેમ દેખાવ છો ?" યૂસફ હંમેશા આનંદમાં રહેતો હતો અને તે ઈચ્છતો હતો કે તેની જેમ જ બીજાઓ પણ જેલની અંદર હોય તો પણ આનંદમાં રહે. તેમાંના એક જણે યૂસફને કહ્યું કે, "અમને બન્નેને ગઈકાલે રાત્રે સ્વપ્ન આવ્યું જે ખૂબ જ બિહામણું હતું અને વળી એ સ્વપ્નનો ખુલાસો કોઈ કરી શકે એમ નથી." "મને તે સ્વપ્ન કહો" એમ યૂસફ બોલ્યો, "તમારા એ સ્વપ્નમાં શું હતું તે જાણું અને કદાચ મારા ઈશ્વર મને તેનો ખુલાસો બતાવે." પછી મુખ્ય પાત્રવાહકે તેનું સ્વપ્ન જણાવતા કહ્યું કે હું રાજાને દ્રાક્ષારસનો પ્યાલો પીવા માટે આપી રહ્યો હતો એ મુજબનું સ્વપ્ન આવ્યું. યૂસફે આ સ્વપ્નનો ખુલાસો કરતાં કહ્યું કે તું રાજાના મહેલમાં પહેલાં જે પદવી પર હતો ત્યાં તને ટૂંક સમયમાં ફરીથી મૂકવામાં આવશે. યૂસફે પાત્રવાહકને વિનંતી કરી કે તું રાજા પાસે પાછો જાય ત્યારે મને યાદ કરીને આ જગ્યાએથી છોડાવવા પ્રયત્ન કરજે. હવે જે મુખ્ય ભઠિયારો હતો તેના સ્વપ્નનો અર્થ યૂસફે એવો કર્યો કે ભઠિયારાને રાજા મારી નાંખશે. અને યૂસફે જે ખુલાસો કર્યો તેવું જ બન્યું.

**ફારુનનું નિમંત્રણ :**

પાત્રવાહક યૂસફને યાદ કરવાનું ભૂલી ગયો. થોડા દિવસો પછી ફારુન રાજાને સ્વપ્ન આવ્યું અને એક જ સ્વપ્નમાં બે સ્વપ્નો ભેગાં હતાં. (ટુ ઈન વન) રાજાના સ્વપ્નનો ખુલાસો કોઈ કરી ન શક્યું એ સમયે પાત્રવાહકને યૂસફ યાદ આવ્યો એટલે તેણે ફારુનને જણાવ્યું. ફારુને ઉતાવળથી માણસો મોકલીને યૂસફને જેલમાંથી તેડાવ્યો. યૂસફને જેલની બહાર લાવીને નવાં કપડાં પહેરાવ્યાં અને મહેલની અંદર ફારુન રાજા સમક્ષ હાજર કરવામાં

આવ્યો. ફારુને યૂસફને કહ્યું કે, "મને એક સ્વપ્ન આવ્યું છે અને તેનો શો અર્થ થાય છે તે કોઈ કહી શક્યું નથી પણ મને જણાવવામાં આવ્યું છે કે સ્વપ્નોના અર્થ કરવાની આવડત તારામાં છે અને તું સ્વપ્નોને સમજી શકે છે." યૂસફે ફારુનને કહ્યું કે, "આવડત મારાથી નથી પણ મારો ઈશ્વર ફારુનને તેના સ્વપ્નનો અર્થ બતાવશે. તો હે રાજા, તમે સ્વપ્નમાં કેવું સ્વપ્ન જોયું તે મને કહી બતાવો."

**ફારુનનું સ્વપ્ન અને તેનો ખુલાસો :**

ફારુને બે જુદા જુદા સ્વપ્ન એક સાથે જોયાં. પહેલાં સ્વપ્નમાં સાત તંદુરસ્ત અને સાત માંદી ગાયો જોવામાં આવી હતી. રાજાએ વળી જોયું કે પેલી માંદી ગાયો તંદુરસ્ત ગાયોને ખાઈ ગઈ. ત્યારબાદ રાજાએ સ્વપ્નમાં જોયું હતું તો અનાજના સાત ડુંડા જે અનાજથી ભરેલા હતાં તે ડુંડાને બીજા સાત નબળાં ડુંડા આવીને ખાઈ ગયાં. અને યૂસફે રાજાને જણાવ્યું કે હે રાજા, તમારા સ્વપ્નનો અર્થ એ થાય છે કે 7 વર્ષ ખૂબ જ સારાં આવનાર છે અને બીજા 7 વર્ષ દુકાળના શરૂ થશે એટલે રાજાએ રાજ્યના ભંડારમાં પૂરતો ખોરાક સંગ્રહ કરી લેવાનો છે, જેથી તે અનાજનો ઉપયોગ દુકાળના 7 વર્ષોમાં કરી શકાય. યૂસફે એ પણ કહ્યું કે આ કાર્ય કરવા માટે જ્ઞાની માણસને જવાબદારી સોંપવામાં આવે.

**ફારુને યૂસફને ઉચ્ચ સ્થાને બેસાડ્યો :**

ફારુન રાજાએ યૂસફને કહ્યું કે, "ઈશ્વરે તને આ બધી બાબત જણાવી છે; તેથી તારા જેટલો જ્ઞાની માણસ મને બીજો એકે દેખાતો નથી. તેથી હું તને આ કાર્ય કરવા માટે નિમવાનો છું. વળી, તારે મિસરના રાજ્ય ઉપર ન્યાયાધીશ તરીકે કામ કરવાનું છે. સમગ્ર પ્રજા તારા તાબા નીચે રહેશે અને આખા મિસરની ગાદી પર હું રાજા તરીકે બિરાજું તે સિવાય તું દરેક બાબતે આગળ છે." પછી રાજાએ પોતાની આંગળીએથી વીંટી ઉતારી જેના ઉપર રાજ્યના મહોરની નિશાની હતી અને તે વીંટી તેમણે યૂસફની આંગળીએ પહેરાવી, જેથી યૂસફ રાજાના વતી સહી કરી શકે અને નિર્ણયો લઈ શકે. યૂસફને રાજવી ઝભ્ભો પહેરાવવામાં આવ્યો અને ગળામાં સોનાનો દોરો પહેરાવવામાં આવ્યો અને રથમાં બેસાડવામાં આવ્યો જે રથ રાજાના રથ પછી તરત જ હતો અને નગરમાં તેઓ નીકળ્યા એટલે નગરજનોએ પોકાર કર્યો, "ઘૂંટણ ટેકવો." આ રીતે યૂસફ સમગ્ર મિસર રાજ્ય ઉપર અધિકાર ચલાવનાર બન્યો. એક ગુલામ છોકરો જેને ખોટી રીતે જેલમાં પૂરવામાં આવ્યો હતો તે જેલમાંથી નીકળીને મહેલમાં આવ્યો અને આખા રાજ્યનો ઉપરી બન્યો. યૂસફને જાણે દુઃખ વેઠવા માટે ઈશ્વરે પણ તરછોડી દીધો છે તેવું લાગતું હતું પણ તેવા સમયે પણ ઈશ્વરે તેને મૂકી દીધો ન હતો. ઈશ્વર ઉપર તેણે કદી વિશ્વાસ ન ગુમાવ્યો તેથી તે આશીર્વાદ પામ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. યૂસફે પાત્રવાહકને અને ભઠિયારાને શું કહ્યું ? ..................................
2. ફારુને શા માટે યૂસફને તેડાવ્યો ? ..................................
3. બે સ્વપ્નનો શો અર્થ થતો હતો ? ..................................
4. ફારુને કેવી રીતે યૂસફને ઉચ્ચ પદવી આપી ? ..................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 8

# મૂસા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 3:1-4:31

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ કંઈપણ બહાનું કાઢ્યા વિના તરત જ ઈશ્વરને આધીન થાય.

**પાઠનું આયોજન**

**મૂસાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** એફેસી 6:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

### ઈશ્વરનું તેડું :

એક દિવસ મૂસા તેના પશુઓના ટોળાને હોરેબ પર્વત ઉપર ચરાવી રહ્યો હતો. આ પર્વતનું બીજું નામ સિનાઈ પર્વત હતું, એટલે બાઈબલમાં આ એક જ પર્વતના બે નામ આપવામાં આવ્યાં છે. આ પર્વતની ઉપર મૂસાએ આ ઝાડવાને સળગી જતું જોવા માટે તેની સામે જોઈ રહ્યો પણ તે સળગવાનું પૂરું થયું નહીં. સળગવાનું ચાલુ ને ચાલુ હોવા છતાં ઝાડવું નષ્ટ થતું ન હતું તેથી મૂસાએ મનોમન કહ્યું કે, "આ વિચિત્ર ઘટનાને જોવા માટે હું નજીક જઈશ, કેમકે ઝાડવું સળગે છે ખરું પણ નાશ પામતું નથી." મૂસા જ્યારે આ ઝાડવા તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે તેણે ઝાડવામાંથી એક વાણી સાંભળી જે મૂસાને નામ દઈને બોલાવવા લાગી કે, "મૂસા, મૂસા !" તેણે સાંભળ્યું અને પ્રત્યુત્તર આપ્યો કે, "હું અહીં છું." વાણીએ કહ્યું કે, "મૂસા, તું અહીં નજીક ન આવીશ, તારાં ચંપલ ઉતાર, કારણકે જે ભૂમિ ઉપર તું ઊભો છે તે પવિત્ર ભૂમિ છે." તેથી મૂસાએ પગમાંથી ચંપલ ઉતાર્યાં અને પછી ઝાડવાની વધારે નજીક ગયો એટલે ઝાડવામાંથી વાણી એમ કહેતી સંભળાઈ કે, "હું તારા પિતાનો દેવ છું એટલે ઈબ્રાહિમનો દેવ અને ઈસહાકનો દેવ અને યાકૂબનો દેવ છું. મિસરમાં મારા લોકોએ જે ખોટી વાતો સહન કરી અને વેઠ વેઠી છે તે બધી મેં જોઈ છે અને જે મુકાદમો તેમની ઉપર ત્રાસ ગુજારતા હતા તેને લીધે તેઓએ જે બૂમ પાડી છે તે મેં સાંભળી છે. અને હવે તેઓને મિસરીઓના હાથમાંથી છોડાવવા માટે હું આવી રહ્યો છું. હું તેઓને ત્યાંથી છોડાવીને તેઓના પોતાના નગરમાં વસાવીશ એટલે કનાન દેશમાં જે એક સારો બલકે ઉત્તમ દેશ છે તેમજ ખૂબ જ વિશાળ દેશ છે તેમાં દોરી જઈશ. તો હવે ચાલ, ઊઠ અને ફારુનની પાસે હું તને મોકલું છું જે મિસરનો રાજા છે તેની પાસે તું જા અને મારા લોકોને મિસરમાંથી છોડાવી લાવ."

**મૂસાનું પ્રથમ બહાનું :**

મૂસા જાણતો હતો કે ઈસ્રાએલી પ્રજાને મિસરના રાજા ફારુનના હાથમાંથી છોડાવીને કનાન દેશમાં દોરી લઈ જવી તે ખૂબ જ કપરું કામ છે; તેથી આ ભગીરથ કામ હાથમાં લેતાં તે ગભરાયો તેથી મૂસાએ ઈશ્વરને કહ્યું કે, ''હે પ્રભુ, તું કોણ ? હું તો અહીં અરણ્યમાં એક ઘેટાંપાળક છું; હું કેવી રીતે આ મોટું કામ કરી શકું - ફારુનની પાસે જવું, લોકોને મિસરમાંથી છોડાવવા - આ બધું કરવું મારે માટે અશક્ય કામ છે.'' ઈશ્વરે મૂસાને કહ્યું કે, ''નક્કી હું તારી સાથે રહીશ અને આ મોટું કામ કરવા તને મદદ કરીશ. મારી સક્ષમતા તારી સાથે છે તે પૂરવાર કરવા હું તને એક નિશાની આપું છું. તું મારા લોકને મિસરમાંથી છોડાવ પછી તું તેઓને આ પર્વત ઉપર દોરી લાવીશ અને તેઓ આ સ્થળે મારું ભજન કરશે. અને ત્યારે તું જાણશે કે હું તારી સાથે છું.''

**મૂસાનું બીજું બહાનું :**

મૂસાએ ઈશ્વરને કહ્યું કે, ''હું મિસરમાં ઈસ્રાએલ પુત્રોની પાસે જઈને તેઓને કહીશ કે તમારા પિતૃઓનો દેવ છે તેણે મને તમારી પાસે મોકલ્યો છે ત્યારે તેઓ મને પૂછશે કે, ''આ દેવ કોણ છે ? અને તેમનું નામ શું છે ?'' કેમકે તેઓએ એટલું બધું વેઠ્યું છે અને દુઃખોમાં એટલા ડૂબી ગયા છે કે મને લાગે છે કે તેઓ તેમના દેવને કદાચ ભૂલી ગયા છે.'' એટલે દેવે મૂસાને કહ્યું કે, ''મારું નામ 'હું છું' એટલે જે હંમેશા જીવતો છે તે. તેથી તું તારા લોકની પાસે જા અને તેમને કહે કે 'હું છું તેણે મને તમારી પાસે મોકલ્યો છે.' તું બીશ નહીં; તારા લોકની પાસે જતાં સહેજ પણ બી ના, પણ જા અને મેં તને જે બધું કહ્યું છે તે તેઓને જણાવ અને તેઓ તારું સાંભળશે અને માનશે. તારા કુળના કેટલાક વડીલોને તારી સાથે લઈને એટલે જેઓ આગેવાનો છે તેઓને લઈને તું ફારુન રાજા પાસે જજે અને કહેજે કે, 'મારા લોકને જવા દે કે તેઓ અરણ્યમાં જઈને મારી સેવા કરે.' પહેલાં તે તને ના પાડશે અને જવા દેશે નહીં; પણ પછી હું મારી શક્તિ મિસરમાં પ્રગટ કરીશ એટલે તે તને જવા દેશે.''

**બે નિશાનીઓ :**

મૂસાની ઈચ્છા હતી કે તેને કોઈ નિશાની આપવામાં આવે જેથી તે નિશાની મૂસા તેના લોકોને બતાવે અને મિસરીઓને પણ બતાવે જેથી તેઓને ખાત્રી થાય કે મને ઈશ્વરે મોકલ્યો છે. તેથી મૂસાએ ઈશ્વર પાસે ચિહ્ન માંગ્યું. ઈશ્વરે તેને કહ્યું, ''તારા હાથમાં આ શું છે ?'' મૂસાએ ઉત્તર આપ્યો કે, ''આ તો લાકડી છે, ભરવાડની લાકડી જેનો ઉપયોગ હું ઘેટાંઓને દોરવા માટે કરું છું.'' ઈશ્વરે કહ્યું, ''તેને તું જમીન ઉપર ફેંક.'' એટલે મૂસાએ લાકડી જમીન પર ફેંકી, એટલે તરત તેનો સાપ બની ગયો. મૂસા સાપને જોઈને ગભરાયો અને ભાગવા લાગ્યો. ઈશ્વરે કહ્યું, ''તેનાથી ગભરાતો નહીં પણ તેની પૂંછડી પકડ.'' મૂસાએ તે મુજબ કર્યું એટલે તરત જ તે ફરીથી મૂસાના હાથમાં લાકડી બની ગઈ. પછી ઈશ્વરે ફરીથી મૂસાને કહ્યું કે, ''તારો હાથ તારી બગલમાં મૂક પછી બહાર કાઢ.'' એટલે મૂસાએ તેનો હાથ તે રીતે મૂક્યો અને બહાર કાઢ્યો એટલે તરત જ કોઢિયાના હાથ જેવો સફેદ થઈ ગયો. તે તેનો હાથ બીક અને ગભરાટથી જોવા લાગ્યો પણ ઈશ્વરે તેને ફરીથી કહ્યું કે, ''ફરીથી તારો હાથ તારી બગલમાં મૂક.'' મૂસાએ તે પ્રમાણે કર્યું. અને હાથ બહાર કાઢ્યો. એટલે તરત અગાઉના જેવો જ તેનો હાથ થઈ ગયો. અને સફેદ કોઢ જતો રહ્યો. ઈશ્વરે મૂસાને કહ્યું કે, ''તું જઈને

મારી વાતો કહે અને જો તેઓ ના સાંભળે તો તારે તેમને આ પ્રથમ ચિહ્ન બતાવવું. એટલે કે તારી લાકડીને સાપ બનાવી દેવો. અને ફરીથી સાપમાંથી લાકડી બનાવી દેવી. અને જો તેઓ તેમ છતાં પણ તારી વાત ન માને તો તારે આ બીજું ચિહ્ન બતાવવું. એટલે કે તારો હાથ કોઢીલો બનાવી દેવો અને ફરીથી પાછો હતો તેવો કરી દેવો. જો તેમ છતાં તેઓ ન માને તો તારે નદીમાંથી થોડું પાણી લેવું એટલે તે બધું પાણી રક્ત થઈ જશે. તું ગભરાયા વગર જા. અને તારા લોકોની આગળ એટલે મિસરીઓની આગળ મારી વાતો કહી સંભળાવ.''

**મૂસાનું ત્રીજું બહાનું :**

મૂસા હજું પણ જવા માટે તૈયાર ન હતો. મૂસા ગભરાતો હતો એટલા માટે નહીં પણ તેને એમ લાગતું હતું કે, આટલું મોટું કામ કરવા માટે હું યોગ્ય નથી. તેથી તેણે ઈશ્વરને કહ્યું કે, ''હે પ્રભુ, તું જાણે છે કે, હું સારો વક્તા નથી, હું બોલવે ધીમો છું અને લોકોની આગળ બોલવું મને ફાવતું નથી.'' ઈશ્વરે ઉત્તર આપ્યો કે, ''માણસનું મોં બનાવનાર ઈશ્વર હું નથી શું ? તેથી જા અને હું તારા હોઠ બનીશ. અને તારે શું બોલવું તે તને કહીશ.'' પણ મૂસા હજુ પણ ખચકાતો હતો. અને તેણે કહ્યું કે, ''હે પ્રભુ, આ મોટા કાર્યને માટે તમે બીજા કોઈને પસંદ કરો. હું તે કરવા માટે શક્તિશાળી નથી.'' ઈશ્વરે કહ્યું, ''જો તારો ભાઈ, જેનું નામ હારુન છે તે સારી રીતે બોલી શકે છે, અને અત્યારે અરણ્યમાં તને મળવા માટે તે આવી રહ્યો છે. તેની મદદ તું લે, તારા વતી તે બોલશે. તારે ચિહ્નો બતાવવા અને બોલવાનું કામ હારુન કરશે.'' આ રીતે મૂસા છેવટે ઘણા બહાના કાઢ્યા પછી જવા માટે સહમત થયો.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈશ્વરે મૂસાને તેડું આપ્યું, કારણકે ........................................
2. મૂસાનું પ્રથમ બહાનું એ હતું કે, ........................................
3. મૂસાનું બીજું બહાનું એ હતું કે, ........................................
4. જે બે ચિહ્નો આપવામાં આવ્યા તે ........................................ હતા.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 9

# દસ મરકીઓ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 7-10, 12:29-51

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે આપણો ઈશ્વર સર્વ શક્તિમાન છે.

**પાઠનું આયોજન**

**દસ મરકીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 66:3

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ

**મિસરીઓને શિક્ષાના રૂપમાં ઈશ્વરે 10 મરકી મોકલી :**

મિસરીઓનાં બીજા દેવો કરતાં ઈસ્રાએલનાં દેવની શક્તિ બતાવવા માટે આ મરકી હતી.

**પહેલી મરકી - પાણીનું રક્ત થવું :**

ઈશ્વરની આજ્ઞા મુજબ મૂસાએ હારુનને કહ્યું કે, "લાકડી હાથમાં લઈને મિસરનાં પાણી ઉપર હલાવ એટલે નાઈલ નદી, તળાવો અને બીજા નાળાઓના પાણી પર હલાવ." એટલે હારુને તે પ્રમાણે કર્યું, તેણે લાકડી ઊંચી કરી અને ફારુનના દેખતા પાણી ઉપર મારી એટલે તરત જ બધું જ પાણી રક્ત બની ગયું. નદીની અંદરની બધી જ માછલીઓ મરી ગઈ એટલે પાણી દૂષિત થયું અને દુર્ગંધ મારવા લાગ્યું અને આજુબાજુ રહેતા લોકો રોગચાળાથી મરવાના ભયમાં આવી ગયા. પરંતુ ગોશેન નામનું સ્થળ જ્યાં ઈસ્રાએલીઓ રહેતા હતાં ત્યાં પાણી રક્તવાળું નહીં પણ સારું પાણી બની રહ્યું. એટલે ઈશ્વરે ઈસ્રાએલીઓ અને મિસરીઓની વચ્ચે તફાવત ઊભો કર્યો. મિસરનાં લોકોએ સ્વચ્છ પાણી મેળવવા માટે કૂવાઓ અને વિરડાઓ ખોધ્યાં અને ફારુને તેઓનું સાંભળ્યું નહીં અને તેઓને જવા ન દીધાં.

**બીજી મરકી - દેડકાઓ :**

સાત દિવસ પછી મૂસાએ રક્તરૂપી મરકી બંધ કરી. પરંતુ ફારુનને ચેતવણી આપી કે, જો તે જવા નહીં દે તો બીજી મરકી આવશે. ફારુન હજુ પણ માન્યો નહીં. એટલે મૂસાના કહેવા પ્રમાણે હારુને લાકડી લાંબી કરી એટલે જમીનમાં બધે જ દેડકા ઉત્પન્ન થયાં અને મોટા લશ્કરની જેમ ખેતરોની અંદર અને બીજે બધે જ દોડવા લાગ્યાં અને ઘરોની અંદર પણ ભરાઈ ગયાં. ફારુને કહ્યું કે, "તું તારા દેવને પ્રાર્થના કર કે આ દેડકાઓને તે

પાછા લઈ લે. અને હું આ લોકોને જવા દઈશ.'' પછી મૂસાએ પ્રાર્થના કરી એટલે ઈશ્વરે દેડકાઓને પાછા બોલાવી દીધાં. અહીં તહીં દેડકા મરી ગયેલા નજરે પડ્યાં. એટલે મિસરીઓએ તેમનો ઢગલો કરીને સળગાવી મૂક્યાં. પણ ફારુને તેનું વચન તોડ્યું. અને લોકોને જવા ન દીધા.

**ત્રીજી મરકી - જૂઓ :**

ઈશ્વરની આજ્ઞા મુજબ મૂસા બોલ્યો, એટલે હારુને ફરીથી લાકડી ઊંચી કરી અને જમીન પર મારી એટલે રેતીની જૂઓ બની ગઈ.

**ચોથી મરકી - માખીઓ :**

હજુ પણ ફારુને સાંભળ્યું નહીં. એટલે ઈશ્વરે સમગ્ર દેશ ઉપર માખીઓનાં ટોળેટોળાં વાદળોની જેમ મોકલી આપ્યાં. એટલે મિસરીઓનાં ઘર માખીઓથી ભરાઈ ગયા. અને આકાશ પણ માખીઓથી છવાઈ ગયું. પણ જ્યાં ઈસ્રાએલી લોકો રહેતા હતાં ત્યાં એક પણ માખી જોવામાં આવી નહીં.

**પાંચમી મરકી - પ્રાણીઓ મરી ગયાં :**

પછી નવી મરકી આવી, મિસરનાં બધા જ પ્રાણીઓને એક વિચિત્ર રોગ લાગુ પડ્યો. ઘોડા, ગધેડા, ઊંટો, ઘેટાં અને બળદો એમ બધા જ પ્રાણીઓ એક જ દિવસમાં હજારોની સંખ્યામાં મરણ પામ્યાં. સમગ્ર જમીન ઉપર પ્રાણીઓનાં મુડદા પડ્યાં હતાં. પરંતુ જ્યાં ઈસ્રાએલી લોક રહેતા હતા ત્યાં તેમનાં પ્રાણીઓ ઉપર આ મરકી આવી ન હતી. પરંતુ ફારુન હજી પણ હઠીલો થયો. તેણે ઈશ્વરની વાણી માની નહીં.

**છઠ્ઠી મરકી - ગુમડાં**

પછી મૂસા અને હારુન એ બન્ને સાથે મળીને ભઠ્ઠીમાંથી રાખ લીધી અને ઉપર આકાશમાં ઉડાડી, એટલે તરત જ આખા દેશમાં માણસો અને પ્રાણીઓ ઉપર ગુમડાની ગાંઠો ફૂટી નીકળી.

**સાતમી મરકી - કરા પડ્યાં :**

હજુ પણ ફારુન આધીન થવા માટે ના પાડવા લાગ્યો. એટલે મૂસાએ તેની લાકડી આકાશ તરફ લંબાવી એટલે કાળાં વાદળો આવ્યાં અને આકાશમાં ગર્જનાઓ થઈ અને વીજળીઓ ચમકવા લાગી. અને ભારે વરસાદ પડ્યો. અને તે વરસાદની સાથે કરા પડ્યાં. આ એવું હતું જે મિસરીઓએ અગાઉ કદી જોયું ન હતું. ખેતરમાંના તેમનાં પાક ઉપર આ કરા પડ્યાં. અને શાકભાજી, ફળો, પાંદડીઓ, છોડવાઓ એ બધું જ આ કરાને લીધે નાશ પામ્યું.

**આઠમી મરકી - તીડો :**

હવે કરા પછી ઘણાં તીડ વાદળાંની જેમ આવ્યાં. અને કરાથી જે નુકસાન થવાનું બાકી હતું તે બધુ તીડો ખાઈ ગયા અને એક પણ લીલો છોડ બાકી રાખ્યો નહીં.

**નવમી મરકી - અંધકાર :**

તીડરૂપી મરકી ગયા પછી અંધકારરૂપી મરકી આવી, અને ત્રણ દિવસ સુધી સતત ગાઢ અંધકાર વ્યાપી રહ્યો. સૂર્ય, ચંદ્ર કે તારા કશું જ ન દેખાયું. પરંતુ હજીયે ફારુને લોકોને તેમના ઈશ્વરનું ભજન કરવા પરવાનગી ન આપી. ફારુને મૂસાને કહ્યું કે, "મારી નજર સમક્ષથી દૂર જા. તારું મોં મને ફરી કદી ન દેખાડતો. જો તું મારી નજર સામે ફરીથી આવીશ તો તને મારી નાખીશ." અને મૂસાએ ઉત્તર આપ્યો કે, "હે રાજા, તમે કહો છો તેમજ થશે, હું તમારું મુખ હવે ફરી કદી નહીં જોઉં." પછી ઈશ્વરે મૂસાને કહ્યું કે, "હવે એક છેલ્લી મરકી આવશે પછી ફારુન આ લોકોને જવા દેશે, તે તમને આ દેશમાંથી કાઢી મૂકશે. તારા લોકોને કહે કે તેઓ મિસરમાંથી નીકળવા તૈયાર થાય, કેમકે તમારો અહીંનો સમય ખૂબ જ જલ્દી પૂરો થવાનો છે."

**દસમી મરકી - પ્રથમજનિતનું મરણ :**

પછી મૂસાએ કહ્યું કે, "ઈશ્વર હજુ એક છેલ્લી મરકી આ મિસરીઓ ઉપર લાવશે અને ત્યાર પછી તે આપણને અહીંથી જવા દેશે. માટે તમે દરેક જણ ઈશ્વરની આજ્ઞા પૂરેપૂરી રીતે પાળવા માટે સાવચેત રહો, રખેને આ છેલ્લી ભયંકર મરકી મિસરીઓના ઘરોની સાથે સાથે તમારા ઘરો પર પણ આવી જાય. મધરાત્રે ઈશ્વરનો દૂત આખા નગરમાં ફરશે અને દરેક ઘરમાં જે સૌથી મોટી ઉંમરનું હશે એટલે પ્રથમજનિત તેનો નાશ કરશે. ફારુનનો દીકરો મરણ પામશે અને દરેક ધનવાન માણસનો દીકરો અને દરેક ગરીબ માણસનો દીકરો અને ભિખારીનો દીકરો જેની પાસે રહેવાને ઘર નથી તે પણ. પરંતુ હું તમને આજ્ઞા કરું છું તેમ જો તમે વર્તશો તો તમારા ઘર સહી સલામત રહેશે." પછી તેમણે જે કરવાનું હતું તે મૂસાએ તેઓને જણાવ્યું. દરેક કુટુંબે એક હલવાન લઈને તેનો વધ કરવાનો અને તેમાંથી થોડું રક્ત લઈને ઘરની બારશાખ ઉપર અને પ્રવેશદ્વાર આગળ છાંટવાનું અને ઓતરંગો ઉપર બન્ને તરફ છાંટવાનું હતું. અને આ વધ કરેલ હલવાનને રાંધીને ટેબલ આગળ ઊભા ઊભા ખાવાનું હતું; અને ખાતી વખતે કપડાં પહેરીને તૈયાર રહેવાનું હતું જેથી જેવા તેઓ ખાઈ રહે કે તરત જ તેઓએ મુસાફરી શરૂ કરવાની હતી. કોઈએ પણ તે રાત્રે ઘરની બહાર નીકળવાનું નહીં, કેમકે પ્રભુનો દૂત ત્યાં ફરતો હોઈ તેનો રસ્તામાં ભેટો થાય અને તે તેઓને મારી નાખે.

ઈસ્રાએલીઓએ મૂસાની આજ્ઞા મુજબ કર્યું. તેઓએ હલવાનનો વધ કર્યો, રક્ત છાંટ્યું અને ઈશ્વરના જણાવ્યા મુજબ તેઓએ રાત્રે તે માંસ ખાધું અને આ ભોજનને "પાસ્ખાનું ભોજન" એ રીતે ઓળખવામાં આવ્યું, કેમકે જ્યારે દૂત આવ્યો અને તેણે ઘર ઉપર રક્ત છાંટેલું જોયું એટલે આવા બધા જ ઘરો દૂતે પસાર કરીને આગળ વધ્યો એટલે દૂત એ ઘરોમાં મરણ લાવવા ન પેઠો. આ મહાન રાત્રિના પ્રસંગને યાદ રાખવા માટે ઈસ્રાએલીઓએ દર વર્ષે આ પ્રકારે ભોજન કરવાની આજ્ઞા આપવાની આવી. ઈસ્રાએલીઓ માટે આ એક મહાન પર્વ બની ગયું જેને તેઓએ "પાસ્ખા પર્વ" એ નામ આપ્યું. અને મિસરના આખા દેશમાં તે રાત્રે મોટા રુદનનો અવાજ સંભળાયો કારણકે દરેક ઘરમાં મરણ અને તે પણ સૌથી મોટા દીકરાનું. અને ફારુને જોયું કે તેનો દીકરો પણ મરણ પામ્યો છે એટલે તેને ખબર પડી કે આ તો દેવનો હાથ છે. બધા જ ઈસ્રાએલીઓ ભયથી ભરપૂર બની ગયા કારણકે દરેક ઘરમાં એકસાથે મરણ આવ્યું.

રાજાએ હવે પોતાના સંદેશવાહકને મૂસા અને હારુનની પાસે મોકલ્યા અને કહેવડાવ્યું કે, ''તમે લોકો ઉતાવળેથી આ દેશ છોડી દો, અમારી મધ્યેથી જાવ. તમારું જે કંઈ છે તે સર્વ લઈને નીકળો, કંઈ જ મૂકીને જતા ના. અને તમારા દેવ યહોવાને પ્રાર્થના પણ કરો કે તે અમારા પર હવે દયા કરે અને હવે વધારે વિપત્તિ અમારા પર ન મોકલે.'' એટલે છેવટે મિસરીઓ 400 વર્ષના લાંબા સમય બાદ આ ભૂમિ છોડવા માટે વહેલી સવારે ઊઠ્યા અને ત્યાંથી નીકળી પડ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. પ્રથમ પાંચ મરકીઓ કઈ હતી? ..................................................
2. પછીની ચાર મરકીઓ કઈ હતી? ..................................................
3. ૧૦મી મરકી કઈ હતી, તે આવ્યા પછી શું થયું? ..................................................
4. શા માટે ઈશ્વરે મરકીઓની સંખ્યા વધારી? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 10**

# લાલ સમુદ્ર પાર કરવો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** નિર્ગમન 14:1-16:36

**પાઠનો ઉદ્દેશ :** આપણી કલ્પનામાં ન હોય તેવા કામ ઈશ્વર કરે છે તે બાબત બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**લાલ સમુદ્ર પાર કરવાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 55:8-9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**ઈસ્રાએલીઓની કૂચ :**

ઈસ્રાએલી પ્રજાના સઘળા લોકો એટલે આખો સમુદાય તેમની ચીજવસ્તુઓ સહિત મિસરમાંથી નીકળીને આનંદથી આગળ વધી રહ્યા હતા. અગ્નિસ્તંભ અને મેઘસ્તંભ રસ્તામાં તેઓને દોરતો હતો અને લાલ સમુદ્ર તરફ આ સ્તંભો તેમને દોરી રહ્યા હતા. તેઓ જે રસ્તે પસાર થઈ રહ્યા હતા તે અરણ્ય હતું. થોડા જ દિવસોમાં તેઓ સમુદ્રકાંઠે આવી પહોંચ્યા અને જે જગ્યાએ તેઓ પહોંચ્યા ત્યાં રસ્તાની બન્ને તરફ ઊંચા પર્વતો હતા અને તેમની આગળના ભાગે સમુદ્રનું પાણી હતું. વળી એ સમયે ફારુન રાજાને સમાચાર મળ્યા કે ઈસ્રાએલ લોકો અરણ્યની મધ્યે અટવાઈ પડ્યા છે. તેમની બન્ને બાજુ પર્વતો છે અને આગળ લાલ સમુદ્ર છે એટલે તેઓ એકે બાજુ આગળ વધી શકે તેમ નથી. વળી ફારુન રાજાને એ પણ વિચાર આવ્યો કે ઈસ્રાએલીઓ અહીંથી નીકળી ગયા પછી જે કામ તેઓ કરતા હતા તે મજૂરી કામ કરનાર કોઈ રહ્યા નહીં તેથી ફારુનને લાગ્યું કે મેં તેમને જવા દઈને ખોટું કર્યું છે. હવે મારા કામ કોણ કરશે. તેથી રાજા ફારુને તેના સૈન્યને તૈયાર કરવાનો હુકમ કર્યો, તેથી રાજાનું સૈન્ય, તેના રથો અને ઘોડેસવારો બધા જ સજ્જ થઈને ઈસ્રાએલીઓની પાછળ પડ્યા જેથી તેઓને કાં તો મારી નાખવામાં આવે અથવા પકડીને પાછા લઈ આવવામાં આવે. થોડી જ વારમાં મિસરીઓનું સૈન્ય ઈસ્રાએલીઓની નજીક જઈ પહોંચ્યું અને લોકોના હૃદયમાં બીક પેસી ગઈ.

**ચમત્કાર થાય છે :**

મિસરીઓના સૈન્યને નજીક આવતું જોઈને ઈસ્રાએલીઓએ મૂસાને કહ્યું કે, “તું અમને છોડાવીને અહીં આવી ખરાબ જગ્યાએ ક્યાં લઈ આવ્યો જ્યાં અમે સમુદ્ર અને પર્વતોથી ઘેરાઈ ગયા છીએ અને દુશ્મનો ખૂબ જ નજીકમાં અમારી પાછળ આવી ચઢ્યા છે ? અહીં અરણ્યમાં આ રીતે મરણ પામવા કરતાં તો મિસરીઓની સેવા કરવી એ અમારા માટે વધુ સારી હતી !” “ગભરાશો નહીં” મૂસાએ પ્રત્યુત્તર આપ્યો. “થોભો અને જુઓ કે કેવી રીતે ઈશ્વર આજે તમારો બચાવ કરશે. જે મિસરીઓને તમે આજે તમારી પાછળ પડેલા જુઓ છો તેઓને ફરી કદી તમે જોઈ શકશો નહીં. યહોવા દેવ પોતે તમારે સારું લડશે અને તમે માત્ર નજરે જોશો કે કેવી રીતે તમારા દુશ્મનો નાશ પામશે.” તે દિવસે અગ્નિસ્તંભ જે ઈસ્રાએલીઓની આગળ રહીને તેઓને

દોરતો હતો તે અગ્નિસ્તંભ પાછળ જતો રહ્યો અને મિસરીઓની છાવણી અને ઈસ્રાએલીઓની છાવણીની વચ્ચે આ અગ્નિસ્તંભ આવી ગયો. ઈશ્વરના જ્વલંત મહિમામાં આ અગ્નિસ્તંભ ઈસ્રાએલ પ્રજાને અંધકારમાં તેજસ્વી પ્રકાશ પૂરો પાડતો હતો જ્યારે મિસરીઓને આ અગ્નિસ્તંભ ઘોર અંધકારરૂપ બની રહ્યો, જેથી તેઓ અંધકારને કારણે આગળ વધતાં ખચકાતા હતા. વળી, તે રાત્રે આખી રાત ઈશ્વરે પૂર્વના પવનને ખૂબ જ ભારે ગતિમાં ફૂંકાવા દીધો જેથી સમુદ્રનું પાણી પવનને કારણે બે ભાગમાં વહેંચાઈ ગયું અને વહેલી સવારે સમુદ્રની વચ્ચે જાણે પુલ તૈયાર કર્યો હોય એમ કોરી ભૂમિ તૈયાર થઈ અને બન્ને તરફ પાણીની દીવાલો બની ગઈ. પછી મૂસાએ ઈસ્રાએલ લોકોને કહ્યું કે તમે આગળ વધો અને તેઓની આગળ આગળ મેઘસ્તંભ ચાલવા લાગ્યો અને લોકો એક સૈન્યની જેમ આગળ ને આગળ ચાલવા લાગ્યા અને જાણે કોરી ભૂમિમાં ચાલતા હોય તેમ તેઓ લાલ સમુદ્રની મધ્યે થઈને ચાલ્યા અને પેલે પાર ગયા અને સમુદ્રની બીજી બાજુ જે અરણ્ય હતું તેમાં તેઓએ પ્રવેશ કર્યો.

**મિસરીઓએ પીછો કર્યો :**

જ્યારે મિસરીઓએ જોયું કે ઈસ્રાએલીઓ સમુદ્ર મધ્યે થઈને કૂચ કરી રહ્યા છે, તેથી તેઓએ પણ તેમના રથો, અને ઘોડાઓ સહિત તેમનો પીછો કર્યો. પણ સમુદ્રની રેતી લાંબો સમય કઠણ ન રહી પણ તે ફરીથી નરમ પડવા લાગી એટલે મિસરીઓના રથોના પૈડાં ફસાવવા લાગ્યા અને ઘણા પૈડાં તૂટવા લાગ્યાં. વળી ઘોડાઓના પગ ખૂંપી જતા હોવાથી તેઓ હાંફી ગયા અને નીચે પડી ગયાં, તેથી મિસરીઓનું સૈન્ય મૂંઝવણમાં મૂકાઈ ગયું. અને બધા જ લોકો ગભરાઈ ગયા. સૈનિકોએ બૂમો પાડી કે, "ચાલો, આપણે ઈસ્રાએલીઓની નજર સમક્ષથી દૂર ભાગી જઈએ ! કેમકે ઈશ્વર તેમના પક્ષે લડી રહ્યો છે અને આપણી વિરુદ્ધ ઈશ્વર થયા છે !" આ સમય દરમિયાન બધા જ ઈસ્રાએલીઓ સમુદ્ર ઓળંગીને પેલે પાર પહોંચી ગયા હતા અને સામે છેડે આવેલ ઊંચાણવાળી જમીન ઉપર ઊભા રહ્યા હતા, અને તેમના દુશ્મનો સમુદ્રની રેતીમાંથી બહાર નીકળવા જહેમત ઉઠાવી રહ્યા હતા તે ઊભા ઊભા જોતા હતા. મિસરીઓના સૈન્યના બધા જ લોકો, રથો તથા ઘોડાઓ સમુદ્રની વચ્ચોવચ એકઠા થઈ ગયા હતા અને મૂસાએ પોતાની લાકડી ઊંચી કરી એટલે તરત જ સમુદ્રની અંદર દક્ષિણ દિશાથી ભરતી આવી અને સમુદ્રની અંદર જે રસ્તો હતો, જેના પરથી ઈસ્રાએલીઓ સલામત રીતે ચાલ્યા હતા તે આખા રસ્તામાં ભરતીને લીધે પાણી ફરી વળ્યું તેથી ફારુનના સૈન્યના બધા જ રથો, અને ઘોડા અને સવારો અને સૈનિકો બધા જ સમુદ્રના પાણીમાં ડૂબી મૂઆ જે ઈસ્રાએલીઓએ નજરોનજર જોયું. મિસરીઓના મુડદા સમુદ્રના મોજામાં આમતેમ અથડાતા અને કિનારા તરફ ફેંકાતા પણ તેમણે જોયાં. આમ ઈશ્વર તેમનાં વતી લડ્યો. અને કલ્પના બહારનું કામ કર્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસ્રાએલીઓ નીકળી ગયા પછી ફારુને શું વિચાર્યું ? ..................................
2. લોકોએ ફરિયાદ કરી ત્યારે મૂસાએ શું કહ્યું ? ..........................................
3. મિસરીઓએ ઈસ્રાએલીઓનો પીછો ક્યારે કર્યો ? ..................................
4. મૂસાએ તેની લાકડી ઊંચી કરી ત્યારે શું થયું ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 11

# યહોશુઆ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યહોશુઆ 9

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે નિર્ણયો કરવા માટે ઈશ્વર પાસે જ્ઞાન માંગે.

**પાઠનું આયોજન**

**યહોશુઆની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ગિબયોનીઓની યોજના :

યહોશુઆ અને ઈસ્રાએલના માણસોએ જે બધું યરેખો અને આયમાં કર્યું હતું, એટલે કેવી રીતે તેઓએ આ શહેરોનો નાશ કર્યો અને તેમાં રહેતા લોકોને મારી નાખ્યા તે સમાચાર આખા દેશમાં ફેલાઈ ગયા. આ લોકોએ જેટલી ઝડપથી અને હિંમતથી આ દેશમાં પ્રવેશ કર્યો હતો તે જોતાં તેઓનો સામનો કરવા અને તેમની વિરુદ્ધ લડવા કનાની જાતિના લોકોને તૈયાર કરવામાં આવ્યાં. લોકોનું એક જૂથ જે કનાનની નજીક રહેતું હતું તે ગિબયોનીઓ તરીકે ઓળખાતા હતાં. તેઓ ઈસ્રાએલીઓથી ગભરાયા તેથી તેમણે એક કુયુક્તિ બનાવી. તેઓએ કપટ કર્યુ ને ભાથું તૈયાર કરીને તેઓએ પોતાનાં ગધેડા પર જૂની ગૂણપાટો, દ્રાક્ષારસની જૂની ને ફાટેલી ને થીંગડાં મારેલી મશકો લાદી; અને પગમાં જૂનાં અને થીંગડા મારેલા પગરખાં, ને અંગ ઉપર જૂના વસ્ત્રો પહેરી લીધાં; અને ભાથાની અંદર સૂકાઈ ગયેલી તથા ફૂગવાળી રોટલી લીધી અને તેઓ યહોશુઆની પાસે આવ્યાં, અને યહોશુઆને કહ્યું કે અમે ઘણે દૂર દેશથી આવ્યા છીએ અને તમારી સાથે મિત્રતા બાંધવા માંગીએ છીએ.

### કરાર કરવામાં આવ્યો :

યહોશુઆ તથા આગેવાનોએ ઈશ્વરની સલાહ પૂછી નહીં; પરંતુ તેમની પાસે આવેલા આ લોકોની સાથે શાંતિના અને ભાઈચારાના કરાર કર્યા; અને કહ્યું કે તેમનાં નગરોનો નાશ કરીશું નહીં અને આ લોકોને ઉગારી લઈશું. શાંતિનો કરાર કર્યો, એના થોડાક દિવસોમાં ચાર નગરો ખૂબ જ નજીકમાં બાંધવામાં આવેલા નજરે પડ્યા. આ જોઈને ઈસ્રાએલીઓને ગુસ્સો આવ્યો. પરંતુ તેઓ કરાર તોડી શકે તેમ ન હતા. માટે કશું જ કર્યું નહીં. આ ગિબયોનીઓ ઈસ્રાએલીઓનાં દાસ થયાં અને તેમના ઘરોમાં પાણી ભરવાનું, લાકડા કાપવાનું અને વજન ઊંચકવાનું કામ કરવા લાગ્યાં.

**ગિબયોનીઓ વિરુદ્ધ હુમલો :**

યરૂશાલેમનાં રાજાએ સાંભળ્યું કે ગિબયોનીઓ જે મારી ખૂબ જ નજીક રહે છે, તેમણે ઈસ્રાએલીઓ સાથે શાંતિના કરાર કર્યા છે. તેથી યરૂશાલેમના રાજાએ હેબ્રોનના રાજા તથા લાખીશના રાજા અને બીજા કેટલાક નગરોનાં રાજાઓ પાસે માણસ મોકલીને કહેવડાવ્યું કે, ચાલો આપણે બધાં એક થઈએ. અને આપણા બધા જ સૈન્યો ભેગા કરીને એક મોટું સૈન્ય ઊભું કરીએ. અને ગિબયોનીઓ ઉપર હુમલો કરીને તેઓનો નાશ કરીએ. કારણકે તેમણે આપણા દુશ્મનો એટલે ઈસ્રાએલ પ્રજા સાથે શાંતિનો કરાર કર્યો છે. આ વાતની ખબર ગિબયોનીઓને પડી, એટલે તરત તેમણે યહોશુઆ પાસે માણસ મોકલીને કહેવડાવ્યું કે, તમે જલ્દીથી આવીને અમારી મદદ કરો. કારણકે અમે તમારી સેવા કરીએ છીએ. અમે તમારા નોકરો છીએ. અને અમને મારી નાખવા માટે તથા અમારા શહેરોનો નાશ કરવા માટે યરૂશાલેમનો રાજા મોટું સૈન્ય લઈને અમારી ઉપર ચઢાઈ કરવાનો છે. આખો દેશ અમારી વિરુદ્ધ થયો છે. માટે યહોશુઆ, અમારી પાસે આવવામાં મોડું કરશો નહીં.

**સૂર્ય થંભી ગયો :**

યહોશુઆ ખૂબ જ ઝડપી પગલા લેનાર માણસ હતો. તે બધા જ કાર્યો ઉતાવળથી કરતો હતો. તેથી તેણે તરત જ તેનું સૈન્ય એકઠું કર્યું અને આખી રાત ચાલીને પર્વત પર પહોંચ્યાં. પાંચ રાજાઓ અને તેમનું સૈન્ય બેથ-હોરોનમાં એકઠું થયું હતું. ત્યાં યહોશુઆ એકાએક પહોંચી ગયો. ત્યાં મોટી લડાઈ થઈ. યહોશુઆ અને ત્યાંના માણસો કનાનીઓની વિરુદ્ધ લડ્યાં. યહોશુઆએ દુશ્મન સૈનિકોને હરોળમાં ગોઠવાવવા માટે સમય આપ્યો નહીં. અને એકાએક હુમલો કર્યો તેથી તેઓ મૂંઝવણમાં પડી ગયા. અને ઈસ્રાએલીઓનાં સૈન્ય આગળથી નાસવા લાગ્યાં. ઈશ્વરે પોતાના લોકોની મદદ કરવા માટે આકાશમાંથી મોટા મોટા કરા વરસાવ્યા. એટલે દુશ્મનો કરાથી મરણ પામ્યા. જેઓને ઈસ્રાએલ પુત્રોએ તલવારથી માર્યા હતા તેના કરતાં વધારે કરાથી માર્યા ગયા. યહોશુઆએ ઈશ્વરના નામે સૂર્યને આજ્ઞા કરી કે થંભી જા; જેથી યુદ્ધ ચાલુ રાખી શકાય. અને દુશ્મનોનો નાશ કરી શકાય. અને ખરેખર એવું જ બન્યું. ઈશ્વરનાં લોકોએ આ ભૂમિને જીતી લીધી. યહોશુઆએ બધા જ સૈન્યોને હરાવ્યા. અને ઘણી બધી ભૂમિ મેળવી લીધી.

**ખાલી જગ્યા પૂરો :**

1. ગિબયોનીઓ યહોશુઆ આગળ શા માટે જૂઠું બોલ્યાં? ....................................
2. ગિબયોનીઓ સાથે કરાર કરતાં પહેલાં યહોશુઆએ પ્રાર્થના કરી હતી? ..........................
3. ગિબયોનીઓને જૂઠું બોલવાને માટે કઈ શિક્ષા કરવામાં આવી? ...............................
4. યુદ્ધ જીતવા માટે ઈશ્વરે યહોશુઆની કેવી રીતે મદદ કરી? .....................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ...........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 12**

# દબોરાહ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ન્યાયાધીશો 4

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર તેનું કાર્ય કરવા વિવિધ લોકોને તેડે છે.

**પાઠનું આયોજન**

**દબોરાહની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 કરિંથીઓને પત્ર 12:4-5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસ્રાએલીઓ દબોરાહ પાસે જાય છે :

ઈસ્રાએલીઓએ પાપ કર્યું, તેથી ઈશ્વરે તેમને શિક્ષા કરી. કનાનનો રાજા યાબીન 3,00,000 (ત્રણ લાખ) માણસોનું સૈન્ય, તથા લશ્કરના સેનાપતિ તરીકે સીસરાને મોકલીને ઈસ્રાએલીઓ વિરુદ્ધ યુદ્ધ કરવા આવ્યો. ઈસ્રાએલીઓએ સખત માર ખાધો અને મજૂરી કરવી પડી. વીસ વર્ષ સુધી તેમણે ખૂબ જ મુશ્કેલીઓ વેઠવી પડી. તેથી તેઓ દબોરાહ નામની પ્રબોધિકા પાસે ગયા અને જણાવ્યું કે અમારે માટે પ્રાર્થના કરો, કે ઈશ્વર અમારા પર દયા કરે. ઈશ્વરે દબોરાહની પ્રાર્થનાઓ સાંભળી અને પ્રત્યુત્તર આપ્યો કે, તું તેઓને જણાવ કે ઈસ્રાએલીઓ, બારાકની આગેવાની હેઠળ સૈન્ય તૈયાર કરે અને હું તેમની મદદ કરીશ.

### દબોરાહ અને બારાક :

દબોરાહે બારાકને બોલાવી મંગાવીને કહ્યું કે તું 10,000 વ્યક્તિઓને સાથે લઈને દુશ્મનો સામે યુદ્ધ કરવા જા, કેમકે ઈશ્વર તને વિજય અપાવવાનો છે, અને આટલી સંખ્યા પૂરતી છે. પણ બારાકને બીક લાગી તેથી તેણે દબોરાહને કહ્યું કે, જો તું મારી સાથે આગેવાન તરીકે ન આવે તો હું એકલો આમનો આગેવાન બનીને જઈશ નહીં. દબોરાહે કહ્યું કે જો હું તારી સાથે આવીશ તો જે વિજય મળવાનો છે તેનો જશ તને મળશે નહીં; પણ તે જશ એક સ્ત્રીને મળશે. બારાક અને દબોરાહ સાથે મળીને 10,000 માણસોને એકઠા કરીને સીસરાની વિરુદ્ધ યુદ્ધ કરવા જાય છે. સીસરા જ્યારે તેઓને મળવા માટે આવ્યો ત્યારે તેના સૈન્યની સંખ્યા જોઈને ઈસ્રાએલીઓ બી ગયા તેથી તેઓ તેમની આગળથી નાસી જવા તૈયાર થયા; પણ દબોરાહે તેઓને રોક્યા અને આજ્ઞા કરી કે આજે જ યુદ્ધ કરો કેમકે ઈશ્વરે વિજયની ખાતરી આપી છે.

**વિજય પ્રાપ્ત કરવા ઈશ્વરે મદદ કરી :**

એટલે યુદ્ધ શરૂ થયું. જ્યારે તેઓ યુદ્ધમાં એકબીજાની ખૂબ જ નજીક આવ્યા ત્યારે ઈશ્વરે ભારે વરસાદ અને મોટા મોટા કરા વરસાવ્યા. પવનને કારણે વરસાદ કનાનીઓના મોં ઉપર વાગવા લાગ્યા તેથી તેમની આંખો ભારે વરસાદમાં બંધ થઈ જવા લાગી. આથી તેમના તીર અને હથિયારો ધાર્યું પરિણામ ન લાવી શક્યા. અને તેઓ તેમની તલવાર પણ બરાબર ચલાવી ન શક્યા. ઈસ્રાએલીઓને આવો કોઈ પ્રશ્ન ન નડ્યો અને તેઓ દુશ્મનોને મારી નાખવા લાગ્યા. સીસરા નાઠો અને એક સ્ત્રીના તંબૂમાં જઈને સંતાઈ ગયો જેનું નામ યાએલ હતું. આ સ્ત્રી યાએલ, ઈસ્રાએલપુત્રોની ચાહક હતી. તંબૂમાં જઈને સીસરાએ આ સ્ત્રીને કહ્યું કે, તેના તંબૂમાં એને સંતાડી દેવામાં આવે. આ સ્ત્રીએ સીસરાને પોતાના તંબૂમાં આશ્રય આપ્યો. પછી તેણે કંઈક પીવા માટે માગ્યું એટલે યાએલે તેને દૂધ આપ્યું જે તેણે એટલું બધું પીધું કે તેને ઊંઘ આવી ગઈ. સીસરા ઊંઘી રહ્યો હતો ત્યારે યાએલે તંબૂની એક મેખ લઈને તથા હાથમાં મોગરી લઈને, સીસરાના લમણામાં તે મેખ ઠોકી ઘાલી જે આરપાર થઈને જમીનમાં પેઠી અને સીસરા મરણ પામ્યો. થોડા સમય પછી બારાક આવ્યો, એટલે આ સ્ત્રી યાએલે તેને સીસરાની લાશ બતાવી જે જમીન સાથે મેખથી જડાઈ ગયો હતો. દબોરાહે અગાઉથી જણાવ્યું હતું તેમ, સીસરા એક સ્ત્રીના હાથે મરણ પામ્યો. સંપૂર્ણ વિજય મેળવવા માટે ઈશ્વરે એક સ્ત્રીનો ઉપયોગ કર્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે ઈસ્રાએલીઓ દબોરાહ પાસે જતા હતા? ..............................................
2. દબોરાહે ઈસ્રાએલીઓને કયું વચન આપ્યું? ..............................................
3. વિજય મેળવવા માટે ઈશ્વરે કેવી રીતે મદદ કરી? ..............................................
4. સીસરા કેવી રીતે મરણ પામ્યો? ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 13

# સામસૂન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ન્યાયાધીશો 16

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ શેતાનથી છેતરાઈ ન જાય.

**પાઠનું આયોજન**

**સામસૂનની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 1 પિત્તર 5:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### સામસૂનની સફળતાઓ :

સામસૂને ઘણી સફળતાઓ મેળવી, અને ઈસ્રાએલના દુશ્મનો એટલે પલિસ્તીઓમાંના ઘણા બધાને મારી નાખ્યા. તેણે એક સિંહને પણ ફાડીને બે ભાગ કરી દીધા હતા. ઘણા વિજયો મળવાથી તેને અભિમાન આવ્યું, અને તે ખૂબ જ આનંદમાં આવીને કહેવા લાગ્યો કે, આ સફળતાઓ તેને ઈશ્વરની મદદથી મળી નથી પણ પોતાની તાકાત અને હિંમતને કારણે મળી છે. સામસૂન પલિસ્તીઓથી સહેજ પણ ગભરાતો ન હતો તેથી એક દિવસે, દિવસના સ્પષ્ટ અજવાળામાં તે તેઓના મુખ્ય શહેરોમાંના એક શહેર ગાઝામાં ગયો, અને ત્યાં એક હૉટલમાં તે રોકાયો. જ્યારે ગાઝાના સત્તાધારીઓને ખબર પડી કે તે ત્યાં આવ્યો છે, એટલે તેમણે તાત્કાલિક નાકાબંધી કરી દીધી જેથી સામસૂન ગાઝા શહેરની બહાર ન જઈ શકે. મધરાતે સામસૂન ઊઠ્યો અને શહેરના દરવાજા પાસે આવ્યો તો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો, તેથી સામસૂન દરવાજાનાં કમાડ તથા બન્ને બારશાખો પકડીને ભૂંગળ સહિત ખેંચી કાઢ્યા ને ખાંધ પર ઊંચકીને પર્વતના શિખર પર લઈ ગયો.

### દલીલાહ નામની સ્ત્રી :

પલિસ્તીઓમાં દલીલાહ નામની એક સ્ત્રી હતી, જેના ઘરે સામસૂન વારંવાર જતો હતો. જ્યારે પલિસ્તીઓના સત્તાધીશોને આ વાતની જાણ થઈ, એટલે તેઓ દલીલાહ પાસે આવ્યા, અને તેને કહ્યું કે જો તું સામસૂન પાસેથી એ વાત જાણી લે કે તેની પાસે આટલી બધી શક્તિ કેવી રીતે છે, તો તેના બદલામાં અમે તને પુષ્કળ સોનું અને રૂપું આપીશું. બીજી વખત જ્યારે સામસૂન આવ્યો ત્યારે દલીલાહે પહેલાં ઢોંગ કર્યો અને સામસૂનની શૂરવીરતાના પરાક્રમી કામોના મોંફાટ વખાણ કર્યા, પછી અંતે આ સ્ત્રીએ સામસૂનને સિફતથી પૂછ્યું કે બધા પુરુષો કરતાં આટલી વિશેષ તાકાત તારામાં કેવી રીતે છે ?

**સામસૂન જુઠ્ઠું બોલ્યો :**

શા માટે આ સ્ત્રી આવું પૂછી રહી છે તે વિશે સામસૂને વિચાર કર્યો, પછી તેને છેતરવા સારું સામસૂને કહ્યું કે, “કદી નહીં સૂકાયેલા એવા સાત લીલાબંધથી જો બાંધવામાં આવે તો હું બીજા માણસોના જેવો નિર્બળ થઈ જાઉં.” ઝાડની લીલીછમ ડાળીઓને ગૂંથીને તેમાંથી દોરડું તૈયાર કરવામાં આવતું જેને લીલાબંધ કહેવામાં આવતા હતા, જે ખૂબ જ મજબૂત અને ન તૂટે તેવા હતાં. દલીલાહે આ વાતને સાચી માની અને પલિસ્તીઓના સત્તાધીશોને આ વાતની ખબર આપી. એક દિવસ સામસૂન ઊંઘી ગયો હતો ત્યારે, ઘણા બધા સૈનિકોએ ભેગા થઈને આ સ્ત્રીના કહેવા પ્રમાણે સામસૂનને બાંધી દીધો. પછી દલીલાહે એને એમ કહીને જગાડ્યો કે સામસૂન પલિસ્તીઓ તારા પર હુમલો કરવા આવ્યા છે. સામસૂન ઊઠ્યો અને આ બધા જ બંધનોને એક પાતળા દોરાને તોડવામાં આવે છે તે રીતે ખૂબ જ સહેલાઈથી તોડી નાખ્યા. દલીલાહે સામસૂનને કહ્યું કે તું સાચું બોલે છે કે નહીં તેની ખાતરી કરવા માટે મેં તને આ પૂછ્યું હતું. પછી દલીલાહ ખૂબ જ રડી અને સામસૂનને ઢોંગ કરીને કહેવા લાગી કે તું મારી પર ભરોસો કરતો નથી માટે તેં મને આમ જુઠ્ઠું કીધું છે. પછી તેણે તેને ફરીથી પૂછ્યું કે તારી શક્તિ શામાં રહેલી છે તે મને જણાવ. સામસૂને તેને ફરીથી છેતરી અને કહ્યું કે, “જો તું મને સાત નવા દોરડાંથી બાંધે તો મારી શક્તિ ચાલી જશે.” અને દલીલાહે તેને આ રીતે બાંધ્યો પણ આ નવાં દોરડાંને સામસૂને લીલાબંધની માફક સરળતાથી તોડી નાખ્યાં. પછી તેણે દલીલાહને કહ્યું કે મારા લાંબા વાળને હું કહું તે મુજબ ગૂંથવામાં આવે અને બાંધવામાં આવે તો હું શક્તિહિન બની જાઉં. દલીલાહે આ મુજબ કર્યું પણ સામસૂન અગાઉની માફક ઊભો થઈ ગયો.

**સામસૂન સત્ય જણાવી દે છે :**

આખરે આ સ્ત્રીના આંસુઓ અને મહેણાથી સામસૂન પીગળી ગયો, અને જે સાચું કારણ હતું તે તેણે જણાવી દીધું, કે મારી શક્તિ “મારા વાળમાં છે” તેણે જણાવ્યું કે, “હું જન્મ્યો ત્યારથી મારા માથાના વાળ કાપવામાં આવ્યા નથી. કેમકે તે વધારવાની આજ્ઞા ઈશ્વરે કરી છે. જો તમે લોકો મારા વાળ કાપી નાખો તો હું બીજી વ્યક્તિઓ જેવો સામાન્ય શક્તિવાળો બની જઈશ.” એક દિવસ સામસૂન ઊંઘી રહ્યો હતો ત્યારે દુષ્ટ દલીલાહે તેના બધા જ વાળ કાપી નાખ્યા અને પછી પલિસ્તીઓને ખબર આપી કે તમે આવો અને એને પકડીને લઈ જાઓ. અને સામસૂન તેમનો સામનો કરી શક્યો નહીં. તેથી તેઓએ સામસૂનને બાંધ્યો અને તેની બન્ને આંખો ફોડી નાખીને તેને કેદખાનામાં પૂર્યો.

**સામસૂનનું મરણ :**

થોડા દિવસો પછી ગાઝા શહેરમાં એક તહેવારની ઊજવણી રાખવામાં આવી હતી. તેથી બધા જ પલિસ્તી આગેવાનો અને સત્તાધીશો એક મોટા હૉલમાં એકઠા મળ્યા હતા, ત્યારે તેઓએ હુકમ કર્યો કે સામસૂનને હાજર કરવામાં આવે; જેથી તેઓ બધા તેની સાથે ગમ્મત કરે. આટલા સમય દરમિયાન સામસૂનના વાળ ફરીથી વધીને લાંબા થયા હતા કેમકે તે કેદખાનામાં હતો અને ત્યાં વાળ કપાવ્યા ન હતા અને હવે તેની શક્તિ

તેનામાં પાછી આવી હતી, પરંતુ પલિસ્તીઓને આ વાતની ખબર ન હતી. સામસૂન આ લોકોને છેતરવા માંગતો હતો માટે તેણે ખૂબ જ અશક્ત હોવાનો ઢોંગ કર્યો અને આંધળો હોવાથી જે જુવાન તેને દોરીને લઈ જતો હતો તેને તેણે વિનંતી કરી કે સામસૂનને તે આ મોટા હૉલના પીલર પાસે થોડો આરામ કરવા દે. આ જુવાને તે પ્રમાણે કર્યું એટલે સામસૂને પીલર પકડીને તેને ખૂબ જ બળપૂર્વક હલાવ્યા કે એ હૉલ સહિત આખું મકાન તૂટી પડ્યું અને તેની અંદર જે લોકો હતા તેમાંથી 3000 લોકો મરણ પામ્યા અને સામસૂન પણ મરણ પામ્યો. સામસૂન શેતાનથી છેતરાઈ ગયો હતો અને આખરે આ રીતે મરણ પામ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. પલિસ્તીઓએ સામસૂનને ફસાવવા શું કર્યું ? ..............................................
2. સામસૂને દલીલાહને કેટલી વખત છેતરી ? ..............................................
3. સામસૂને સાચી વાત કહી દીધી પછી શું થયું ? ..............................................
4. સામસૂને પલિસ્તીઓ ઉપર કેવી રીતે બદલો વાળ્યો ? ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 14

# શાઉલ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 15:1-35

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે આશીર્વાદો મેળવવા અનઆજ્ઞાંકિત ન બને.

**પાઠનું આયોજન**

**શાઉલની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 1:19-20

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**શાઉલને આજ્ઞા :**

એક વખત શમુએલે શાઉલને કહ્યું કે, “સૈન્યનો દેવ યહોવા એમ કહે છે કે તું જઈને અમાલેકીઓ સામે યુદ્ધ કર ને તેઓનો સંપૂર્ણ સંહાર કર.” તેથી શાઉલે દરેક કૂળમાંથી લડવૈયાઓને એકઠા કર્યા અને તેઓએ અરણ્યના દક્ષિણ ભાગમાં કૂચ શરૂ કરી, જ્યાં તેમના પિતૃઓ ઘણા વર્ષો પહેલાં 40 વર્ષ સુધી રોકાયા હતા. આ જગ્યાએ શાઉલે અમાલેકીઓ વિરુદ્ધ યુદ્ધ કર્યું અને તેમનું નગર જીતી લઈને સઘળાનો નાશ કર્યો. પરંતુ ઈશ્વરે જેમ આજ્ઞા કરી હતી તે પ્રમાણે સઘળું કર્યું નહીં. અમાલેકીઓના રાજા અગાગને અને તેના ઘણા માણસોને યુદ્ધકેદીઓ તરીકે બંધક બનાવ્યા હતા અને પુષ્કળ ઘેટાં તથા બળદોને લઈ આવીને સાચવી રાખ્યા હતા. આમ, સારી વસ્તુઓને રહેવા દીધી હતી; તેમજ પુષ્ટ ઘેટાં અને બળદો પણ રહેવા દીધાં હતાં.

**શાઉલનું બહાનું :**

ત્યારે દેવનું વચન શમુએલ પાસે આવ્યું કે, “શાઉલને રાજા તરીકે ઠરાવ્યો ન હોત તો સારું થાત કેમકે તેણે મારી આજ્ઞાઓ પૂરેપૂરી પાળી નથી.” તે આખી રાત શમુએલે યહોવા દેવને પ્રાર્થના કરવામાં ગાળી અને બીજા દિવસે સવારે તે શાઉલને મળવા માટે ગયો. જ્યારે શાઉલે તેને જોયો ત્યારે તેણે પૂછ્યું કે, “ઈશ્વરનો આશીર્વાદ તારા પર રહો. મેં તે પ્રમાણે જ કર્યું છે જે મુજબ કરવા મને ઈશ્વર તરફથી આજ્ઞા કરવામાં આવી હતી.” પછી શમુએલે શાઉલને કહ્યું કે, “જો તેં ઈશ્વરની આજ્ઞા માની છે અને તે મુજબ બધા જ અમાલેકીઓનો નાશ કર્યો છે તેમજ તેમની પાસે જે છે તેનો પણ નાશ કર્યો છે તો પછી મારે કાને ઘેટાંની જે બેં બેં પડે છે ને બળદોનું જે બરાડવું હું સાંભળું છું, તેનો અર્થ શો છે ?” શાઉલે પ્રત્યુત્તર આપ્યો કે, “અમાલેકીઓ પાસેથી લોકો એ બધુ લઈ આવ્યા છે. ઘેટાંઓમાંના જે શ્રેષ્ઠ હતા તે તેમજ શ્રેષ્ઠ બળદો પણ તારા દેવ યહોવાને અર્પણ કરવા અને બલિદાન ચઢાવવા માટે આ લોકો લઈ આવ્યા છે. અને બાકીનું બધું જ સંપૂર્ણ નાશ કરવામાં આવ્યું છે.” પોતાની ભૂલ માટેનું બહાનું કાઢવા માટે તેમજ ઈશ્વરની આજ્ઞા નહીં માનવાની વાત લોકોની ઉપર ઢોળી દેવા માટે શાઉલે આ પ્રમાણે જવાબ આપ્યો.

**આજ્ઞાપાલન વધારે સારું :**
પછી શમુએલે કહ્યું, "ઈશ્વરે મને ગઈકાલે રાત્રે જે જણાવ્યું છે તે હું તને કહીશ. જ્યારે તું નમ્ર હતો ત્યારે ઈશ્વરે તને ઈસ્રાએલનો રાજા બનવા માટે પસંદ કર્યો. ઈશ્વરે તને અરણ્યમાં દક્ષિણ દિશા તરફ લાંબી મુસાફરી કરાવી. અને તને કહ્યું કે, તારે અમાલેકીઓનો પૂરેપૂરો નાશ કરવો. અને તેઓનું કંઈ જ રાખવું નહીં. પરંતુ તેં ઈશ્વરની આ વાત માની નહીં. પરંતુ થોડા ઘેટાં, થોડા બળદ અને થોડા લોકોને જીવતા રહેવા દીધા. અને એ રીતે ઈશ્વરની વાણીને શા માટે તું અનઆજ્ઞાંકિત થયો ? શાઉલે કહ્યું કે, "ઈશ્વરે આજ્ઞા આપી તે મુજબ મેં અમાલેકીઓનો નાશ કર્યો. પરંતુ લોકોએ બધું જ નાશ કરવાને બદલે થોડી સારી વસ્તુઓ ઈશ્વરે અર્પણ કરવા માટે બચાવીને લઈ આવ્યા છે." પછી શમુએલે જવાબ આપ્યો કે, "શું ઈશ્વર તેનું વચન પાળવાથી જેટલો રાજી થાય છે, તેથી વધારે તે બલિદાનોથી થાય છે શું ? બલિદાનો કરતા તેની વાણી માનવી તે વધારે સારું છે. તેની વેદી પર અર્પણો ચઢાવવા તેના કરતાં ઈશ્વરની વાણી સાંભળવી તેનાથી ઈશ્વર વધારે રાજી થાય છે. ઈશ્વરને અનઆજ્ઞાંકિત થવું તે મૂર્તિપૂજા જેટલું જ ખરાબ છે. તેં ઈશ્વરની વાણી માનવાથી નકાર કર્યો છે. તેથી ઈશ્વર તારી પાસેથી રાજ્ય અને સત્તા લઈ લે છે."

**શાઉલનો રાજા તરીકે નકાર :**
શાઉલને હવે સમજાયું કે કેટલું મોટું નુકસાન તેણે વહોરી લીધું છે. તેથી તેણે કહ્યું કે, "ઈશ્વરની વાણી ન માનવાનું મેં પાપ કર્યું છે. પરંતુ કારણ એ છે કે, મેં લોકોનું કહ્યું માન્યું. હું લોકો આગળ ઝૂકી ગયો. મને મારા પાપની ક્ષમા આપ. મારી સાથે આવ, તેથી હું ઈશ્વરને અર્પણ ચઢાવું."
શમુએલે કહ્યું, "ના, હું તારી સાથે નહીં આવું. ઈશ્વરે તને રાજા તરીકે નકાર્યો છે." શમુએલ જેવો પાછો ફર્યો એટલે શાઉલે એનો ઝભ્ભો પકડ્યો, જેનો થોડોક ભાગ ફાટી ગયો અને શાઉલના હાથમાં ટુકડો આવી ગયો. શમુએલે કહ્યું, જો આમ પણ ઈશ્વરે તારું રાજ્ય તોડી નાખ્યું છે. અને હવે આ રાજ્ય ઈશ્વર એવી વ્યક્તિના હાથમાં મૂકશે જે તારા કરતા સારો હોય. ઈશ્વર માણસના જેવો નથી કે તે બોલે શું અને કરે શું. ઈશ્વર જે બોલ્યો છે તે નક્કી થશે જ. શાઉલે શમુએલને આજીજી કરી કે તું મને મૂકીને જઈશ નહીં પણ લોકોની આગળ મારું માન સાચવ. તેથી શમુએલ શાઉલની સાથે ગયો. અને શાઉલે શમુએલની સાથે ઈશ્વરનું ભજન કર્યું. ત્યારબાદ શમુએલ પોતાના ઘરે એટલે રામાહમાં ગયો. અને ત્યારપછી કદી એટલે જીવ્યો ત્યાં સુધી તે શાઉલને મળ્યો નહીં. પરંતુ શાઉલ રાજા તરીકે નકારાયો હતો. તે બાબતે શમુએલે રુદન કર્યું અને મૌન પાળ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. શાઉલને કઈ આજ્ઞા મળી ? ..........................................
2. શાઉલે કયું બહાનું કાઢ્યું ? ..........................................
3. શમુએલે શાઉલને શું શીખવ્યું ? ..........................................
4. શાઉલ અનઆજ્ઞાંકિત થયો તેનું શું પરિણામ આવ્યું ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**
આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 15

# દાઉદ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 શમુએલ 24

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ધીરજવાન બનવા શીખવો.

**પાઠનું આયોજન**

**દાઉદની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 5:7-8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### દાઉદ ગુફામાં :

શાઉલ દાઉદને મારી નાખવા માગતો હતો. તેથી દાઉદ તેનાથી નાસતો ફરતો હતો. એક વખત દાઉદ અને તેના થોડાક માણસો એનગેદી નામની જગ્યાએ ગુફાની અંદર સંતાયા હતા. ગુફામાં થોડે ઊંડે અંધારામાં તેઓ બેઠા હતા. એ સમયે શાઉલ તે જ ગુફામાં આવીને ગુફાના શરૂઆતના ભાગમાં એકલો જ આવીને આરામ કરતો હતો. દાઉદનાં માણસોએ દાઉદને કહ્યું કે, "તારા શત્રુને ઈશ્વરે આજે તારા હાથમાં મૂક્યો છે, તો હવે તું ચાહે તે તેને કરી શકે છે." પછી દાઉદ હાથમાં તલવાર લઈને ધીમે પગલે શાઉલની તરફ આગળ વધ્યો. અને તેના માણસોને લાગ્યું કે નક્કી તે શાઉલને મારી નાખશે. પરંતુ તેના બદલે દાઉદે શાઉલનાં ઝભ્ભાની કોરનો એક ટુકડો કાપી લીધો. આ જોઈને દાઉદના માણસો નાખુશ થયાં. પરંતુ દાઉદે તેઓને કહ્યું કે, "જે વ્યક્તિને ઈશ્વરે રાજા ઠરાવ્યો છે તેને હું આવું શી રીતે કરું." દાઉદે તેનાં માણસો દ્વારા શાઉલને કંઈપણ નુકસાન થવા ન દીધું.

### દાઉદની શાઉલ સાથે વાત :

થોડા સમય પછી શાઉલ ઊંઘમાંથી જાગ્યો અને ગુફાની બહાર નીકળ્યો. દાઉદ પણ તેની પાછળ પાછળ થોડાક અંતરે બહાર નીકળ્યો અને બૂમ પાડી કે, "હે મારા મુરબ્બી રાજા" એટલે શાઉલે પોતાની પાછળ જોયું ત્યારે દાઉદે શાઉલને સાક્ષાત્ દંડવત પ્રણામ કર્યા. અને કહ્યું કે, "જે લોકો એમ કહે છે કે, દાઉદ તારું નુકસાન કરવાનું ઈચ્છે છે તેઓનું તું શા માટે સાંભળે છે. જો આજે ગુફામાં ઈશ્વરે તને મારા હાથમાં સોંપ્યો હતો. તેની સાબિતી તરીકે આ તારા ઝભ્ભાની કોરનો ટુકડો જો. કેટલાકે તને મારી નાખવાનું મને કહ્યું પરંતુ મેં તે મુજબ તને કર્યું નથી. તે પરથી જાણ અને સમજ કે મારા હાથમાં દુષ્ટતા કે ઉલ્લંઘન નથી."

**શાઉલનો પસ્તાવો :**

જ્યારે શાઉલે આ શબ્દો સાંભળ્યા ત્યારે તેને દાઉદ પ્રત્યેનો જૂનો પ્રેમ યાદ આવ્યો. તેથી શાઉલે કહ્યું કે, ‘‘મારા દીકરા દાઉદ, શું એ તારો સાદ છે ?’’ અને શાઉલ પોક મૂકીને રડ્યો અને કહ્યું કે, ‘‘તું મારા કરતા વધારે ન્યાયી છે. કેમકે તેં મને સારો બદલો આપ્યો છે પણ મેં તને બૂરો બદલો આપ્યો. તેં જે દયા આજે મારા પર દર્શાવી છે તેનો બદલો ઈશ્વર તને આપશે. હું જાણું છું કે, ઈશ્વરની ઈચ્છા છે માટે તું રાજા બનીશ. અને આ લોકો પર રાજ કરીશ. તો તું મને આજે વચન આપ કે તું રાજા બન ત્યારે મારો અને મારા કુટુંબનો નાશ નહીં કરે, પણ અમારા જીવ બચાવીશ.’’ એટલે દાઉદે શાઉલને ઈશ્વરના નામમાં તે મુજબ કરવાનું વચન આપ્યું. પછી શાઉલ દાઉદનો પીછો છોડીને પોતાના મહેલમાં ગયો. પરંતુ દાઉદ હજુ પણ શાઉલ ઉપર ભરોસો કરતો ન હતો કે તે તેને નહીં મારે, અને તેથી દાઉદ ગુપ્ત સ્થળોમાં રહેવાનું ચાલુ રાખે છે. આમ, દાઉદે શાઉલને ન માર્યો, કારણકે તે ઈશ્વરના સમય સુધી રાહ જોવા માગતો હતો કે ઈશ્વર પોતે તેને રાજા બનાવે અને ઈશ્વર જ તેને ઊંચા સ્થાને બેસાડે.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે દાઉદ શાઉલથી નાસતો ફરતો હતો ? ..........
2. દાઉદે શાઉલને શું કર્યું ? ..........
3. દાઉદે શાઉલને કયું વચન આપ્યું ? ..........
4. શા માટે દાઉદે શાઉલને મારી ન નાખ્યો ? ..........
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 16**

# રહાબઆમ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 રાજા 12:1-24

**પાઠનો ઉદ્દેશ :** સાચી સલાહ લેવા અને માનવા માટે બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**રહાબઆમની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગી.શા. 1:1-2

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### રહાબઆમ રાજા બને છે :

સુલેમાનના મરણ બાદ તેનો દીકરો રહાબઆમ તેની જગ્યાએ પોતાને રાજા જાહેર કરે છે. ત્યાર પછી યરોબઆમ નામની વ્યક્તિ અને ઈસ્રાએલી જમાતના થોડા લોકો એકઠા થઈને રહાબઆમને મળ્યા અને તેને કહ્યું કે શું તું અમારા ઉપરની સખત વેઠ તથા ઝૂંસરી હલકી કરીને અમારા પ્રત્યે કૂણું અને નમ્ર વલણ દાખવીને રાજ કરીશ; કેમકે તારા પિતાએ અમારા પર ભારે હાથે રાજ કર્યું હતું તે હળવું થાય એવી અમારી ઈચ્છા છે. તેના પિતા સુલેમાને ઈસ્રાએલીઓ પર ભારે કર નાખીને મોટી રકમ વસૂલી હતી અને સેવાચાકરી કરાવવા બોજ વધાર્યો હતો. આ ભારે હાથમાંથી તેઓ થોડી રાહત ઈચ્છતા હતા. યરોબઆમે કહ્યું કે રહાબઆમ, જો તું આ કર ઓછો કરીશ અને બોજ પણ ઓછો કરીશ, તો ઈસ્રાએલીઓ વિભાજિત ન થતાં સંગઠનમાં રહી શકશે. રહોબઆમે પ્રત્યુત્તર આપ્યો કે હું ત્રણ દિવસ પછી તમને જવાબ આપીશ. તેથી તેઓ પાછા ગયા. સલાહ લઈને યોગ્ય નિર્ણય કરવા માટે રહાબઆમને સમયની જરૂર હતી.

### રહાબઆમે સલાહ લીધી :

તેઓના પાછા ગયા પછી રહાબઆમે તેના પિતાના સમયના જૂના વૃદ્ધ સલાહકારોની સલાહ લીધી જેઓએ સલાહ આપી કે ઈસ્રાએલી જમાત સાથે તું હળવાશથી વર્તાવ કર અને તું એક નમ્ર રાજા છે એવી છાપ ઊભી કર. આ સલાહથી રહાબઆમ ખુશ ન થયો. પછી રહાબઆમે તેની ઉંમરના જુવાન સલાહકારોની સલાહ પૂછી તો તેઓએ એવી સલાહ આપી કે તું મહાન રાજાનો દીકરો છે તેથી આ મુજબ વર્તવું તને શોભા દેતું

નથી, આ વૃદ્ધ સલાહકારોની સલાહ તારે માનવી નહીં પરંતુ તારે એક મહાન રાજા બની રહેવાનું છે. આ નાના લોકોને તેમના અનુસાર જવાબ આપ; તેમને બહુ મહત્ત્વ ન આપ. રહાબઆમે વૃદ્ધ વડીલોની સલાહ ન લેતાં જુવાનિયાઓની સલાહ માની તેથી તે ખોટી સલાહ પ્રમાણે ચાલીને મુશ્કેલીમાં મૂકાયો.

**નિર્ણયની જાહેરાત :**

ત્રીજે દિવસે સર્વ લોકો રહાબઆમ પાસે પાછા આવ્યા ત્યારે તેણે કહ્યું કે, ''મારી ટચલી આંગળી મારા બાપની કમર કરતા જાડી છે. મારા બાપે તમારી ઝૂંસરી ભારે કરી પણ હું તો તમારી ઝૂંસરી વધારીશ; મારા બાપે તમને ચાબખાથી શિક્ષા કરી, પણ હું તમને વીંછુઓથી શિક્ષા કરીશ.'' જુવાનિયાઓએ આપેલ સલાહ મુજબના આ શબ્દો રાજાએ કહી સંભળાવ્યા. એનો અર્થ એ થયો કે હું તમારા પર વધુ કર નાખીશ અને ઝૂંસરી વધારે બોજવાળી બનાવીશ. આ સાંભળીને લોકો ખૂબ જ ગુસ્સે થયા અને કહ્યું કે અમે રહોબઆમને અમારા રાજા તરીકે સ્વીકારતા નથી તેથી 10 કુળોએ રહાબઆમને રાજા તરીકે નકાર્યો પરંતુ યરોબઆમને રાજા તરીકે પસંદ કર્યો અને બાકીના બે કુળ એટલે યહુદાનું કુળ અને બેન્જામિનનું કુળ રહોબઆમને રાજા તરીકે સ્વીકારીને તેને વફાદાર રહ્યું. ત્યારપછી રહોબઆમે એક મોટું સૈન્ય તૈયાર કરીને યરોબઆમની સામે યુદ્ધની તૈયારી શરૂ કરી પણ ઈશ્વરે શમાયા પ્રબોધક મારફતે તેની સાથે વાત કરીને યુદ્ધ ન કરવાની સલાહ આપી. શમાયાએ કહ્યું કે એક જ દેશના બે ભાઈઓ એકબીજાની સામે યુદ્ધ કરે તે બરાબર નથી. તેથી લડાઈ બંધ રહી; પરંતુ રહોબઆમે ખોટી સલાહ માની તેથી ઈસ્રાએલીઓ વિભાજિત થઈ ગયા.

**ખાલી જગ્યા પૂરો :**

1. યરોબઆમ રહોબઆમ પાસે શું ઈચ્છતો હતો ? ...............................................
2. રહોબઆમે કોની સલાહ માની ? .......................................................
3. સલાહ કઈ હતી ? ..................................................................
4. આ સલાહ માનવાથી શું પરિણામ આવ્યું ? ............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .....................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 17**

# એલિયા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 1 રાજા 17

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર તેના લોકોની સંભાળ રાખે છે, માટે ચિંતા કરવી નહીં.

**પાઠનું આયોજન**

**એલિયાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 6:26

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### એલિયા નાળા પાસે :

આખા ઈસ્રાએલ દેશમાં મોટો દુકાળ પડ્યો. આહાબ રાજા અને તેના લોકોને તેમની દુષ્ટતાની શિક્ષા કરવા માટે ઈશ્વરે આ ભયંકર મોટો દુકાળ મોકલ્યો હતો. મહિનાઓના મહિના વીતી ગયા પણ વરસાદનું એકે ટીપું પડ્યું નહીં; અને દિવસે સખત તપી રહેલ સૂર્યને એકે વાદળું આવીને ઢાંકતું ન હતું કે રાત્રે ઝાકળનું ટીપું સરખું પણ જમીનને ભીંજવતું નહીં. બધું જ ઘાસ સૂકાઈ ગયું અને ખેતરમાં નામનોય પાક દેખાતો ન હતો, કે કોઈ છોડ પણ ઊગતો ન હતો. એલિયા પ્રબોધક કરીથ નાળા પાસે ઊભો હતો, અને તેણે જોયું કે નાળાનું પાણી સૂકાઈ ગયું છે અને નાળાના પથ્થરો ઉપર પાણીનું એકે ટીપું ન રહ્યું. આહાબ રાજાને દુકાળની ચેતવણી આપ્યા પછી એલિયા આ નાળા પાસે છેલ્લા ત્રણ વર્ષથી સંતાઈ રહ્યો હતો. આ નાળાના થોડા પાણી અને ઈશ્વરના વિશિષ્ટ દૂતો દ્વારા એલિયા આ સ્થળે અત્યાર સુધી ખાઈ પીને જીવતો રહ્યો. એલિયાને ખોરાક આપવા આ સ્થળે સફેદ વસ્ત્રમાં સજ્જ પ્રભુના દૂતો આવતા ન હતા પરંતુ દરરોજ સવારે અને દરરોજ સાંજે એલિયાને અહીં નાળા પાસે પાંખો ફફડવાનો અવાજ સંભળાતો હતો અને કાળા રંગના કાગડાઓ ઊડીને અહીં આવતા હતા અને તેઓ ચાંચમાં રોટલી અને માંસ લઈને આવતા જે સવારે અને સાંજે એલિયા ખાતો હતો અને નાળામાંથી પાણી પીતો હતો.

### એલિયા ભૂખ્યો થયો :

હવે કરીથ નાળું સૂકાઈ ગયું અને કાગડાઓ મરી ગયા. ખાવા માટે અને પીવા માટે કશું ન રહ્યું અને હજી વરસાદ ઘણા મહિનાઓ સુધી આવવાનો ન હતો. આમ છતાં એલિયાને બહુ મુશ્કેલી ન પડી. તે ભૂખ્યો થયો, પણ તે જાણતો હતો કે જે ઈશ્વરની તે વિશ્વાસુપણે સેવા કરે છે તે ઈશ્વર તેને કોઈક રીતે ખોરાક પૂરો

પાડશે. સૂકાઈ ગયેલા નાળા પાસે તે ઈશ્વરના અવાજની વાટ જોતો ઊભો હતો, અને એ શાંત પળોમાં ઈશ્વરનું વચન, તેના કાનમાં સંભળાયું, જે તેને એમ કહેતું હતું કે તું એક નગરમાં જા, જ્યાં તને ખોરાક પૂરો પાડવા એક વ્યક્તિ તૈયાર છે, અને તે તારી કાળજી લેશે. પૂરી રીતે સૂકાઈ ગયેલ દુકાળગ્રસ્ત દેશની અંદર થઈને એલિયાએ મુસાફરી શરૂ કરી અને ઈશ્વરે તેને બતાવેલ નગરે પહોંચ્યો, તો દરેકે દરેક સ્થળે એલિયાએ ભૂખમરો અને અપાર દુઃખ જોયાં.

**એલિયાની વિનંતી :**

ઈશ્વરના જણાવ્યા મુજબ એલિયાએ મુસાફરી ચાલુ રાખી, અને જ્યારે તેણે એક વિધવા ગરીબ સ્ત્રી જેની કમર વળી ગઈ હતી અને તેના ઘરની નજીકમાં તે રાંધવા માટેના સૂકાં લાકડાં એકઠાં કરતી હતી, તેને જોઈ એટલે મુસાફરી અટકાવીને ઊભો રહ્યો. એલિયાએ તેની સાથે વાત કરી એટલે તે અચંબો પામીને તેની સામે જોઈ રહી. તેણે કહ્યું કે, "કૃપા કરીને મારે પીવા સારું વાસણમાં થોડું પાણી લઈ આવ." તેને ખબર હતી કે પાણીનું એકેએક ટીપું ખૂબ જ કિંમતી છે. એક અજાણી વ્યક્તિ આ રીતે પાણી કેવી રીતે માંગી શકે ? મુસાફરીને કારણે થાકી ગયેલ સ્થિતિ જોઈને આ સ્ત્રીએ તેને પાણી આપવાનું ચાહ્યું. તે પાણી લેવા પોતાના ઘર તરફ પાછી વળી એટલે તે સ્ત્રીએ ફરીથી પાછો બીજો અવાજ સાંભળ્યો, કે મારે માટે ખાવા સારું એક રોટલી પણ લેતી આવજે. એણે તો એવી રીતે વાત કરી જાણે કે આ સ્ત્રીની પાસે પૂરતું છે અને તેણે પીંજરું ખોલીને રોટલી કાઢીને લેતા આવવાનું ન હોય ! સ્ત્રીએ કહ્યું, "રોટલીનો ટુકડો ?" ખોરાક ન હોવાથી અમે ભૂખે મરી રહ્યા છીએ. મારો એકનો એક દીકરો ઘરમાં મારી રાહ જોઈને બેઠો છે કે મારી મા પાછી આવે એટલે અમે બન્ને જણ આ છેલ્લું ભોજન કરીએ. તેની પાસે એકે રોટલી ન હતી, માત્ર માટલીમાં એક મુઠ્ઠી મેંદો ને કૂંડીમાં થોડું તેલ છે, અને આ લાકડાં લઈ જઈને ખોરાક રાંધીશ કે જેથી હું અને મારો દીકરો તે ખાઈએ અને પછી મરી જઈએ.

**ઈશ્વરે આપેલ વચન :**

સ્ત્રીએ કહ્યું કે તારા દેવ યહોવાના જીવન સમ કે મારી પાસે એકે રોટલી નથી. હવે સ્ત્રીને સમજાયું કે આ તો એક પ્રબોધક છે પણ તેને જમવાનું કેવી રીતે આપવું. આ સ્ત્રી તેને માત્ર એટલું જ સમજાવી શકી કે મારી પાસે ઘરમાં એક મુઠ્ઠી મેંદો અને તેલના થોડા ટીપા બાકી રહ્યા છે. પણ એલિયાએ આ સ્ત્રીને કહ્યું કે બી મા. મેં તને કહ્યું છે તે પ્રમાણે તું કર. પહેલાં મારા માટે એક નાની રોટલી બનાવી લાવ પછી તું તારે માટે અને તારા દીકરાને માટે બનાવજે કારણકે ઈસ્રાએલનો દેવ યહોવા એમ કહે છે કે જે દિવસે હું ધરતી પર વરસાદ વરસાવીશ ત્યાં સુધી માટલીમાંનો મેંદો થઈ રહેશે નહીં અને કૂંડીમાંનું તેલ ખૂટી જશે નહીં. શું આ ખરેખર પ્રબોધક છે ? શું તે ખરેખર ઈશ્વરની વાણી લઈને આવ્યો છે ? આવા પ્રશ્નો મનમાં ઉઠવા છતાં આ સ્ત્રીએ તેની વાત માની અને ઉતાવળથી ઘરમાં ગઈ અને કાંપતા હાથોથી તેણે લોટ ગુંદ્યો અને રોટલી બનાવીને રાહ જોઈ રહેલા પેલા અજાણ્યા પુરુષને માટે રોટલી લઈને ઘરની બહાર આવી.

**વચન પૂરું થયું :**

તે સ્ત્રી પાછી ગઈ એટલે ઘરની અંદરના ખાલી વાસણોમાં નજર કરી તો ખબર પડી કે તેલ અને લોટ એટલો ને એટલો જ છે. હજી ખલાસ થયો નથી. હવે આ સ્ત્રીને દુકાળનો ભય રહ્યો નહીં. હવે તેના માટે, તેના પુત્ર માટે અને આવેલ આ ઈશ્વરભક્ત માટે તેની પાસે પૂરતો ખોરાક છે. જ્યારે જ્યારે આ સ્ત્રી માટલીમાંના મેંદા તરફ નજર કરતી તેટલી વખત તે ઈશ્વરનો આભાર માનતી હશે અને એવું વિચારતી હશે કે સારું થયું કે હું સ્વાર્થી અને લાલચું ન બની પણ એક એવી વ્યક્તિની સાથે મારું ભોજન વહેંચવા તૈયાર થઈ જે ખુદ ભૂખ્યો હતો. ઈશ્વર પાસેથી બદલારૂપે આ સ્ત્રીને કેવળ લાંબા સમય માટે ખોરાક મળ્યો એટલું જ નહીં પણ પાછળથી જ્યારે તેનો એકનો એક દીકરો મરણતોલ માંદો પડ્યો ત્યારે આ જ પ્રબોધકની પ્રાર્થના થકી તે જીવતો રહ્યો. આમ ઈશ્વરે તેના સેવકની અને વિધવા સ્ત્રીની ખૂબ જ સારી કાળજી લીધી.

**ખાલી જગ્યા પૂરો :**

1. નાળા પાસે એલિયાને કેવી રીતે ખોરાક મળ્યો ? ....................................
2. એલિયાએ વિધવા સ્ત્રીને શું લાવવા કહ્યું ? ....................................
3. વિધવા સ્ત્રીએ જવાબ આપ્યો કે ....................................
4. એલિયાએ વચન આપ્યું કે ....................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ....................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 18**

# એલિશા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** 2 રાજા 4:8-37

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર આપણી પ્રાર્થનાઓ સાંભળે છે.

**પાઠનું આયોજન**

**એલિશાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 21:21-22

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**એલિશા માટે અલગ ઓરડો :**

એક વખત એવું થયું કે એલિશા ઈશ્વરની સેવાના કાર્યને માટે મુસાફરીના માર્ગમાં આવજા કરતો હતો, અને તેવામાં તે એક દિવસ શૂનેમ નામના સ્થળે પહોંચ્યો. શૂનેમના રસ્તેથી તે આવજા કરતો હતો, ત્યારે એક દયાળુ અને ધનવાન સ્ત્રીએ એલિશાને થાકેલો જોઈને પોતાના ઘરે આરામ કરવા બોલાવ્યો. જ્યારે જ્યારે એલિશા અહીંથી જતો ત્યારે ત્યારે આ સ્ત્રી તેને સારું ભોજન તૈયાર કરી આપતી અને વિચાર કરતી હતી કે શું આ પ્રભુના સેવક પાસે રહેવા માટે ઘર હશે કે કેમ ? તેણે વિચાર્યું કે એલિશાને કેવી રીતે વધુ મદદરૂપ થવું. તેણે પોતાના પતિને જણાવ્યું કે અહીંથી જે પ્રબોધક અવારનવાર પસાર થાય છે તે ઈશ્વરનો પવિત્ર સેવક છે એવી મને ખાત્રી થઈ છે. તો શા માટે આપણે તેને સારું એક નાનો ઓરડો તૈયાર ન કરીએ. અને તેમાં તે સેવકને સારું એક પલંગ, એક ટેબલ, એક સ્ટુલ અને એક દીવીની વ્યવસ્થા કરીએ જેથી જ્યારે તે આ રસ્તે આવે ત્યારે તેમાં રહે તેથી એક ઓરડો તૈયાર કરવામાં આવ્યો જેમાં પલંગ, ટેબલ, સ્ટુલ અને દીવી મૂકવામાં આવ્યાં અને જેવો એલિશા એ રસ્તે ફરીથી નીકળ્યો, આ સ્ત્રીએ માત્ર તેને ભોજન કરાવ્યું એટલું જ નહીં પણ વિનંતી કરી કે તમારે માટે ખાસ તૈયાર કરવામાં આવેલ ઓરડામાં તમે આરામ કરો.

**વચન પૂરું થયું :**

આ સ્ત્રીએ જે ભલાઈ દર્શાવી તે એલિશાના હૃદયને સ્પર્શી ગઈ એટલે તેણે નક્કી કર્યું કે તેના આવા ઉપકારનો બદલો હું કોઈક રીતે વાળી આપીશ. તેણે સ્ત્રીને પૂછ્યું કે શું તારી કોઈ એવી ખાસ જરૂરિયાત છે ? પ્રબોધક હોવાને કારણે દેશવાસીઓમાં તેમજ રાજાના દરબારમાં તેની મોટી ઓળખાણ હતી. પણ આ સ્ત્રીએ કેવળ માથું હલાવીને ના પાડી. તેને કંઈ વાનાની અછત ન હતી. તેના ઘરમાં તે સંતોષથી રહેતી હતી. એલિશાએ તેના ચાકરને કહ્યું કે, “તો પછી આપણે એના માટે શું કરી શકીએ ?” આ ચાકરે કહ્યું કે તેને સંતાન નથી, એટલે એલિશાએ તેણીને વચન આપ્યું કે તને જરૂરથી દીકરો થશે. આમ તેઓને એક દીકરો પ્રાપ્ત થયો અને તેઓ વધારે આનંદિત બન્યા. દરરોજ બાપ અને દીકરો ખેતરે સાથે જતા હતા.

**દીકરાનું મરણ :**

પાકની કાપણીની મોસમમાં આ દીકરાને લઈને તેના પિતા ખેતરે ગયા, જેથી ખેતરમાં થયેલ સુંદર પાકને કાપનારા લોકો કેવી રીતે કાપે છે અને લણે છે તે દીકરો જોઈ શકે. બપોરના સમયે આ દીકરાને માથું દુઃખવાની ફરિયાદ તેના પિતા આગળ કરી કે સૂર્યના ભારે તાપથી મને ગરમી મગજમાં ચઢી ગઈ છે. આ દીકરો તેના પિતાને એકાએક કહે છે કે, ‘‘મારું માથું, મારું માથું.’’ પિતાએ આ દીકરાને ઘરે તેની માતા પાસે મોકલ્યો. માતાએ તેને સંભાળીને કાળજી લીધી પણ તે દીકરો મરણ પામ્યો. તેથી માતા દોડીને સીધી એલિશા પ્રબોધક પાસે ગઈ અને આ બાબત તેને જણાવી. તે જાણતી હતી કે એલિશા કંઈક કરીને તેની મદદ કરશે. એલિશા આ વાત સાંભળીને તેના ચાકરને લાકડી લઈને મોકલે છે કે તું જઈને આ લાકડી છોકરાના શરીર ઉપર મૂકજે એટલે ચાકર ગયો અને મરેલા દીકરા ઉપર લાકડી મૂકી પણ દીકરો તેની તે જ સ્થિતિમાં રહ્યો. તે જીવતો થયો નહીં.

**પ્રાર્થના સાંભળવામાં આવી :**

પછી એલિશા એકલો નાની ઓરડીમાં પેઠો અને ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યો. ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી. જ્યારે એલિશાએ દીકરાને પોતાની છાતી સરસો ચાંપ્યો એટલે તેને લાગ્યું કે ઠંડું પડી ગયેલ છોકરાનું શરીર હુંફાળું થવા લાગ્યું છે અને પછી તેનો શ્વાસ ચાલુ થયો અને દીકરાએ આંખો ખોલી. ઓરડીની બહાર માતા રાહ જોઈને ઊભી છે અને તેના વિશ્વાસનો બદલો તેને મળ્યો. એલિશાએ તેને અંદર બોલાવી અને દીકરો તેના હાથમાં મૂક્યો એટલે તે સ્ત્રી તેને ઘૂંટણે પડી અને એટલી બધી હર્ષઘેલી થઈ ગઈ કે આભાર માનવાનું પણ ભૂલી ગઈ. તેને ખાત્રી હતી કે પ્રભુનો આ સેવક જરૂર તેની સહાય કરશે. આ સ્ત્રી તે દિવસને યાદ કરીને મોટો માનતી હતી જે દિવસે તેણીએ પોતાની ભલાઈને કારણે આ દાસને માટે એક નાનો ઓરડો તૈયાર કર્યો અને એક અજાણી વ્યક્તિને આવકાર આપ્યો હતો; અને તેના બદલારૂપે આ સેવકે એક ખૂબ જ મોટો ઉપકાર પાછો વાળ્યો હતો. સારું માપ દાબેલું અને ઉભરાતું તે વાળી આપે છે. આ રીતે એલિશાની પ્રાર્થના દ્વારા ઈશ્વરે એક આશ્ચર્યજનક કાર્ય કર્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. આ સ્ત્રીએ એલિશા માટે શું કર્યું ? ................................................
2. એલિશાએ તેણીને વચન આપ્યું કે ................................................
3. તેણી એલિશા પાસે કેમ ગઈ ? ................................................
4. એલિશાએ પ્રાર્થના કરી ત્યારે શું બન્યું ? ................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

## પાઠ - 19

# દાનિયેલ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** દાનિયેલ 6

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર તેના લોકોને ભયમાંથી છોડાવે છે.

**પાઠનું આયોજન**

**બી વાવનારનું દૃષ્ટાંત એ વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 43:2

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**દાનિયેલની પ્રાર્થના :**

દાર્યાવેશ નામે એક રાજા થઈ ગયો. તેના રાજ્યમાં દાનિયેલને લઈ આવવામાં આવ્યો હતો. દાર્યાવેશ રાજાએ તેના રાજ્યમાં ખૂબ જ ઊંચા સ્થાન ઉપર અને હોદ્દા ઉપર નામાંકિત સ્થાને દાનિયલને મૂક્યો હતો. આ રાજ્યના બધા જ સૂબાઓ અને સરસૂબાઓમાં દાનિયેલ સૌથી પ્રથમ ક્રમે આવ્યો હતો. રાજાએ જોયું કે દાનિયેલ ખૂબ જ જ્ઞાની છે અને રાજ્ય ચલાવવા સમર્થ છે. રાજ્યના બીજા અધિકારીઓને આ બાબતને લીધે દાનિયેલ ઉપર ઈર્ષા આવતી હતી અને તેઓએ દાનિયેલમાં ભૂલો શોધવાની શરૂ કરી જેથી તેઓ દાનિયેલ વિરુદ્ધ રાજા આગળ ફરિયાદ કરી શકે. આ લોકોને ખબર હતી કે દાનિયેલ દરરોજ દિવસમાં ત્રણ વખત તેના રૂમમાં જઈને તેની બારી યરૂશાલેમ ભણી ખુલ્લી કરીને, યરૂશાલેમ તરફ નજર રાખીને પ્રાર્થના કરતો હતો. યરૂશાલેમનું તે વખતે પતન થઈ ગયું હતું. નગર ખંડેર બની ગયું હતું અને યરૂશાલેમનું મંદિર પણ પડી ગયું હતું. આમ છતાં પણ ઈશ્વરનું ઘર એક સમયે જે સ્થળે હતું તે તરફ પોતાનું મોં રાખીને દાનિયેલ દિવસમાં ત્રણ વખત પ્રાર્થના કરતો હતો. જો કે આ જગ્યા તો હજારો માઈલ દૂર હતી તો પણ દાનિયેલ આ મુજબ કરતો.

**દાનિયેલની બિનસંમતિ :**

આ અધિકારીઓને લાગ્યું કે દાનિયેલની પ્રાર્થનામાં કંઈક શોધી કાઢીને તેઓ દાનિયેલને નુકસાન પહોંચાડી શકશે; અને કદાચ દાનિયેલને મરણદંડ પણ આપી શકાય એવું તેઓએ વિચાર્યું. આથી તેઓ બધા એકઠા મળીને દાર્યાવેશ રાજાની પાસે ગયા અને રાજાને જણાવ્યું કે એવું ફરમાન બહાર પાડવામાં આવે કે આપના આખા રાજ્યમાં દરેક જણ રાજાને જ પ્રાર્થના કરે અને તે સિવાય કોઈપણ અન્ય દેવની પ્રાર્થના કોઈએ કરવી નહીં. અને જો કોઈપણ વ્યક્તિ એ હુકમનું પાલન ન કરે તેને સિંહોના બિલમાં નાખી દેવો. રાજા આ બાબતે સહમત થયા અને કાયદાને અમલમાં મૂક્યો. દાનિયેલને ખબર પડી કે કાયદો પસાર થઈ ગયો છે અને તેનો અમલ શરૂ થઈ ગયો છે, તેમ છતાં દાનિયેલે તો તેના રૂમમાં જઈને બારી યરૂશાલેમ તરફ ખોલીને તે તરફ નજર રાખી દિવસમાં ત્રણ વખત હંમેશની જેમ જ પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. આ અધિકારીઓએ દાનિયેલ ઉપર સખત નજર રાખી અને જોયું કે દાનિયેલ તો ઘૂંટણિયે પડીને દિવસમાં ત્રણ વાર તેના ઈશ્વરની પ્રાર્થના

કરે છે, રાજાની નહીં. તેથી તેઓ રાજાની પાસે ગયા અને જણાવ્યું કે દાનિયેલે હુકમ પાળ્યો નથી. તે ઈશ્વરની પ્રાર્થના કરે છે રાજાની નહીં. દાનિયેલને સજા કરવાની રાજાને ફરજ પડી; કેમકે તેણે નિયમ તોડ્યો હતો. રાજા ખૂબ જ ઉદાસ થયા અને દુઃખી મને દાનિયેલને પોતાનો નિર્ણય જણાવ્યો. રાજાએ દાનિયેલને જણાવ્યું કે મને આશા છે કે તારો દેવ તને ઉગારી લેશે. પછી દાનિયેલને સિંહોના બિલમાં નાખવામાં આવ્યો.

**પરિણામ :**

તે આખી રાત રાજાએ કંઈ ખાધુ નહીં, ઊંઘ્યો નહીં અને સંગીત પણ સાંભળ્યું નહીં. વહેલી સવારે રાજા ઊઠ્યો અને ઝડપથી ખબર કાઢવા ગયો કે દાનિયેલ જીવે છે કે નહીં. સિંહોના બિલના ઘોર અંધકારમાંથી રાજાને દાનિયેલનો અવાજ સંભળાયો કે, "હે રાજા, આપ ઘણું લાંબું જીવો ! મારા દેવે દૂતને મોકલીને સિંહોના મોં બંધ કર્યા છે. સિંહોએ મને હાનિ કરી નથી કેમકે મારા દેવે જોયું કે મેં કંઈ જ ખોટું કર્યું નથી. અને હે રાજા, મેં આપનું પણ કશું ખોટું કર્યું નથી." રાજા ખૂબ જ આનંદિત થયા. રાજાએ પોતાના ચાકરોને હુકમ કર્યો કે દાનિયેલને બિલની બહાર કાઢવામાં આવે. તેઓએ દાનિયેલને સહીસલામત બહાર કાઢ્યો. પછી રાજાની આજ્ઞા મુજબ તે ચાકરોએ પેલા અધિકારીઓને પકડ્યા જેઓ દાનિયેલની વિરુદ્ધ બોલ્યા હતા અને તેમની પત્નીઓ અને બાળકોને પણ પકડ્યા કેમકે રાજા તેઓ ઉપર ગુસ્સે ભરાયા હતા. તે બધાને બિલમાં નાખવામાં આવ્યા. તેઓ બિલના તળિયા સુધી પહોંચે તે પહેલાં જ આ ભૂખ્યા સિંહો તેઓની પર તરાપ મારીને તેઓના ટુકડે ટુકડા કરીને ખાઈ ગયા.

**નવો કાયદો :**

ત્યાર પછી દાર્યાવેશ રાજાએ તેના આખા નગરમાં તેમજ જે જે નગરો પર તેની હકુમત ચાલતી હતી તે દરેક જગ્યાએ નવો કાયદો લખી મોકલાવ્યો કે મારા રાજ્યના તમામ લોકોએ હવે પછી દાનિયેલના દેવની ભક્તિ કરવી અને પ્રાર્થના કરવી, કેમકે બધા જ દેવો કરતા દાનિયેલનો દેવ સૌથી મહાન છે, અને જીવતો દેવ છે. અને તે જ બધા માણસોને બચાવી શકે તેમ છે. દાર્યાવેશ રાજાનું રાજ્ય ચાલ્યું ત્યાં સુધી એટલે કે તેની સત્તાનો અંત ન આવ્યો ત્યાં સુધી તેમજ ત્યારબાદ ઈરાનનો રાજા કોરેશ સત્તા ઉપર આવ્યો તે સઘળા સમય દરમિયાન દાનિયેલ રાજાની હજૂરમાં મહત્ત્વના સ્થાને ચાલુ રહ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે બીજાઓને દાનિયેલની અદેખાઈ આવી ? ..........................................
2. નવા કાયદા વિશે જાણીને દાનિયેલે ..........................................
3. દાનિયેલને સિંહોના બિલમાં નાખવામાં આવ્યો ત્યારે શું થયું ? ..........................................
4. રાજાએ પછી કયો નવો કાયદો બનાવ્યો ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 20**

# યૂના

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યૂના 1-2

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે આપણે ઈશ્વરની હાજરીમાંથી ભાગી શકતા નથી.

**પાઠનું આયોજન**

**યૂનાની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગી. શા. 139:7-10

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**યૂનાનું નાસી જવું :**

ઘણા સમય પહેલાં યૂના નામનો એક પ્રબોધક થઈ ગયો જે ઈસ્રાએલ લોકોને ઈશ્વરનું વચન કહી સંભળાવતો હતો. એક વખત ઈશ્વરે યૂનાને જણાવ્યું કે તું નિનવેહ નામના નગરમાં જા, જે એક મોટું નગર છે અને ત્યાં જઈને પ્રચાર કર કે તે નગરની દુષ્ટતા ખૂબ જ વધી ગઈ છે અને ઈશ્વરે તે બાબત નજરમાં લીધી છે. પણ યૂના આ સંદેશો નિનવેહના લોકોની આગળ પ્રચાર કરવા માંગતો ન હતો, કારણકે નિનવેહના લોકો તેના દેશના એટલે ઈસ્રાએલ માટે દુશ્મન હતા. તેથી નિનવેહવાસીઓ તેમના પાપમાં મરી જાય તેવું યૂના ઈચ્છતો હતો. તેઓ પસ્તાવો કરીને પાપથી પાછા ફરે અને બચી જાય તેવી યૂનાની ઈચ્છા ન હતી. ઈશ્વર યૂનાને જે શહેરમાં મોકલવા માગતા હતા તેનાથી તે દૂર જતો રહેવા માગતો હતો. સમુદ્રકિનારે આવેલ યાફા શહેરમાં તે નાસી ગયો અને ત્યાંથી તેને તાર્શીશ જનારું એક વહાણ મળ્યું; જે પશ્ચિમ દિશાએ ઘણું દૂર આવેલ હતું. તેણે તે વહાણમાં બેસવાનું નૂર આપ્યું અને વહાણમાં બેસવા બંદરે પહોંચ્યો જેથી તે નિનવેહથી ઘણે દૂર જતો રહી શકે.

**વાવાઝોડું આવ્યું :**

ઈશ્વરે યૂનાને વહાણમાં જોયો એટલે ઈશ્વરે સમુદ્રમાં વાવાઝોડું અને ભારે પવન મોકલી આપ્યા, અને એવું લાગવા લાગ્યું કે જાણે વહાણ ભાંગીને ટુકડે ટુકડા થઈ જશે. વહાણના ચાલકોએ વધારાનો સામાન દરિયામાં નાખી દીધો, જેથી વજન ઓછું થઈ જાય. પણ એથી વિશેષ કંઈ કરી શકે તેમ ન હતા. તોફાન ઓછું થયું નહીં એટલે દરેક જણ પોતપોતાના ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા કે જેથી વહાણનો અને દરેકના જીવનો બચાવ થાય. હવે યૂના તો વહાણના સૌથી અંદરના ભાગમાં ઉતરી જઈને ઊંઘી ગયો હતો અને તે ભરઊંઘમાં હતો. ત્યારે વહાણનો કપ્તાન તેની પાસે આવ્યો અને તેને કહ્યું કે આવી કટોકટીના સમયમાં તું આ રીતે શી રીતે સૂઈ ગયો છે ? ઊઠ ઊભો થા અને તારા દેવને પ્રાર્થના કર. કદાચ તારો દેવ તારી પ્રાર્થના સાંભળે અને આપણા બધાના જીવ બચી જાય. પણ વાવાઝોડું વહાણની આસપાસ સતત ફૂંકાતું રહ્યું એટલે તેઓએ માંહોમાંહે કહ્યું

કે આ વહાણમાં કોઈક વ્યક્તિ છે જેને લીધે આપણા ઉપર આ મુશ્કેલી આવી પડી છે. તો ચાલો, આપણે ચિઠ્ઠીઓ નાખીએ અને શોધી કાઢીએ કે તે વ્યક્તિ કોણ છે.

**યૂનાને ફેંકી દેવામાં આવ્યો :**

પછી તેઓએ ચિઠ્ઠીઓ નાખી એટલે ચિઠ્ઠી યૂનાના નામની નીકળી એટલે બધા જ લોકો તેને પૂછવા લાગ્યા કે તું કોણ છે ? તું કયા દેશમાંથી આવ્યો છે ? તારો ધંધો શું છે ? તું કઈ કોમનો છે ? આ બધી મુશ્કેલી તું અમારા ઉપર કેમ લાવ્યો છે ? પછી યૂનાએ તેમને બધી વાત જણાવી કે તે કેવી રીતે વતન ઈસ્રાએલથી નીકળ્યો અને ઈશ્વરની હાજરીમાંથી નાસી રહ્યો છે અને તેઓએ કહ્યું કે અમે તારું શું કરીએ જેથી આ તોફાન શાંત થાય ? યૂનાએ કહ્યું તમે મને ઊંચકીને સમુદ્રમાં નાખી દો તો તોફાન શાંત થઈ જશે; અને પાણી સ્થિર થઈ જશે. કેમકે હું જાણું છું કે મારે લીધે તમારા બધા પર આ વાવાઝોડું આવ્યું છે. પણ તે લોકો યૂનાને સમુદ્રમાં નાખવા માંગતા ન હતા. સમુદ્રને કિનારા ઉપર લઈ જવા તેઓએ ખૂબ જ પ્રયત્નો કર્યા પણ તેમ થઈ શક્યું નહીં. પછી તેઓએ ઈશ્વરની આગળ પોકાર કર્યો કે હે ઈશ્વર, આ માણસના મરણનો શ્રાપ અમારા ઉપર ન આવે. તમને જે યોગ્ય લાગ્યું તે તમે કર્યું છે. આખરે તેઓ પોતાની જાતને બચાવી શકે એવી સ્થિતિમાં ન રહ્યા એટલે નાછૂટકે તેઓએ યૂનાને સમુદ્રમાં ફેંકી દીધો અને તરત જ વાવાઝોડું થંભી ગયું અને સમુદ્રનું પાણી સ્થિર થઈ ગયું. મોજાં ઉછળતાં બંધ થઈ ગયાં. વહાણમાંના બધા જ લોકોમાં ઈશ્વરનું ભય ફેલાઈ ગયું. તેઓએ ઈશ્વરને અર્પણ ચઢાવ્યાં અને ઈશ્વરની સેવા કરવા માટે વચનો આપ્યાં.

**યૂના નિનવેહ જાય છે :**

ઈશ્વરે એવું કર્યું કે એક મોટી માછલી યૂનાને ગળી ગઈ અને યૂના માછલીના પેટમાં ત્રણ દિવસ અને ત્રણ રાત જીવતો રહ્યો. ત્યાર પછી ઘણા બધા વર્ષો પછી પ્રભુ ઈસુ આ પૃથ્વી પર હતા ત્યારે તેમણે એમ કહ્યું હતું કે જેમ યૂના માછલીના પેટમાં ત્રણ દિવસ રહ્યો હતો તેવી જ રીતે તે પોતે ત્રણ દિવસ ભૂમિની અંદર રહેશે. એટલે યૂનાનું માછલીના પેટમાં રહેવું તે ખ્રિસ્ત માટેની ભવિષ્યવાણીરૂપે હતું. માછલીના પેટમાંથી યૂનાએ ઈશ્વરને પોકાર કર્યો અને ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી; તેથી માછલીએ યૂનાને કોરી ભોંય પર દરિયામાં આવેલ બેટ ઉપર ઓકી કાઢ્યો. પછી ઈશ્વરની આજ્ઞા મુજબ યૂના નિનવેહ ગયો અને ન્યાયશાસન અંગેનો સંદેશો આપ્યો. આમ યૂનાએ ઈશ્વરથી નાસી જવા પ્રયત્ન કર્યો પણ તે, તે મુજબ ન કરી શક્યો. ઈશ્વરે જે કાર્ય તેને સોંપ્યું હતું તે તેની પાસે જ કરાવ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. યૂના શા માટે તાર્શીશ નાસી ગયો ? ........................................
2. યૂના ઊંઘી ગયો પછી શું બન્યું ? ........................................
3. તોફાન શાંત કરવા યૂનાએ કહ્યું કે ........................................
4. યૂનાને ઈશ્વરે કેવી રીતે બચાવ્યો ? ........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 21**

# યોહાન બાપ્તિસ્મી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 3:1-17

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને નમ્ર બનતાં શીખવો.

**પાઠનું આયોજન**

**યોહાન બાપ્તિસ્મીની વાર્તા શીખવો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** નીતિવચનો 18:12

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યોહાનની તૈયારી :

યોહાન નામની એક વ્યક્તિ થઈ ગઈ. તે ઝખાર્યા નામના વયોવૃદ્ધ પ્રબોધકનો દીકરો હતો. ઝખાર્યા પ્રબોધકને દૂતે જણાવ્યું હતું કે તને જે દીકરો થશે તે રાજાની આગળ માર્ગ તૈયાર કરનાર અને સંદેશવાહક બનશે. યોહાન જે જીવન જીવી ગયો તે સરળ ન હતું. તેની પાસે સુંદર કપડાં ન હતાં કે આરામ કરવા સુંવાળી ગાદી ન હતી કે ઉત્તમ ખોરાક ન હતો. તેની માતા એલીઝાબેથ માટે એ ખૂબ જ કપરું કામ હતું કે તેના એકના એક દીકરાને તેની ઉંમરના બીજા બાળકો કરતાં અલગ રીતે ઊછેરવો અને બીજા તેના મિત્રોની જેમ તેને જીવનનો આનંદ ન લૂંટવા દેવો. પોતાના આનંદ વિશે તેણે કદી વિચાર્યું નહીં. તે જાણતી હતી કે મારે મારા દીકરાને એવી રીતે શિક્ષણ આપવાનું છે કે તે રાજાઓના રાજાનો સાચો સંદેશવાહક બને અને શરૂઆતથી જ તેને બે બાબતો શીખવવા વધારે ધ્યાન આપ્યું - આજ્ઞાંકિતતા અને સ્વનકાર. આ દીકરો જેવો મોટો થયો કે તરત તેણે ઘરની સુખ સગવડો મૂકી દીધી અને ઘર પણ મૂકી દીધું અને અરણ્યમાં તે જોખમ ભરેલું જીવન વીતાવવા ગયો જે જીવન કઠણ પણ હતું. ત્યાં અરણ્યમાં કોઈ મિત્રો પણ ન હતા અને કોઈ નીકટની વ્યક્તિનો પણ સંગાથ ન હતો. આ જંગલના એકાંત વિસ્તારોમાં લૂંટારાઓ હતા પણ તેની પાસે લૂંટી શકાય એવું કશું ન હતું. જંગલી પ્રાણીઓ રાત્રે જંગલમાં ફરતાં પણ યોહાન બાપ્તિસ્મી તો બહાદુર અને બીક વગરનો હતો અને તારાઓના રાત્રિના પ્રકાશમાં તે તેટલી જ શાંતિથી સૂઈ જતો જેટલી શાંતિથી તે ઘરે સૂઈ જતો હતો. તેનો પોષાક ખરબચડો હતો જે ઊંટના રૂઆમાંથી બનાવેલ હતો અને કમરે ચામડાનો પટ્ટો બાંધતો હતો અને તેનો ખોરાક ગરીબમાં ગરીબ વ્યક્તિ ખાય તે - એટલે તીડ અને રાની મધ હતો. જંગલની ગુફાઓમાં અને ખડકોની ફાટમાં રાની મધમાખીઓ જે મધ મૂકતી તે રાની મધ તે ખાતો હતો. અરણ્યમાં તે ઈશ્વરની હાજરીમાં સમય ગાળતો હતો. ઈશ્વરે તેને જે કાર્ય સોંપ્યું તે કરવા માટે તેણે પોતાની જાતને તૈયાર કરી.

**સેવાની શરૂઆત :**

યરદન નદીના કિનારે તેણે તેની સેવા શરૂ કરી. ત્યાં ઊભો રહીને તે લોકોને ઉપદેશ સંભળાવતો. પ્રચાર કરતી વખતે તે જે વસ્ત્રો પહેરીને ઊભો રહેતો તે તો વિચિત્ર દેખાવ હતો - ઊંટના રૂઆનો લાંબો કોટ અને કમરે ચામડાનો પટ્ટો. તેનો ચહેરો વિવિધ ઋતુઓથી અને સૂર્યના ભારે તડકાથી વિશિષ્ટ પ્રકારનો બની ગયો હતો. તેના વાળ લાંબા અને રુંવાટી આકારના હતા અને પગમાં તે સાદા સેન્ડલ પહેરતો હતો. જંગલી જેવા દેખાવવાળો આ સંદેશવાહક જે સંદેશ પ્રચાર કરતો તે વિચિત્ર સંદેશ હતો. રાજા (ઈસુ) આવી રહ્યા છે જેમની લોકો ઘણા સમયથી રાહ જોઈ રહ્યા છે તે રાજા આવી રહ્યો છે. પણ લોકોએ તેને આવકાર્યો નહીં. તેણે માત્ર એટલું જ ન કહ્યું કે તમારા હૃદયો ભૂંડા છે અને તમે લોકો દુષ્ટ છો પણ એ પણ જણાવ્યું કે પાપને લીધે તેઓના હૃદય અંધકારમય બન્યાં છે અને રાજાને આવકારી શકતાં નથી. લોભી લોકો પણ તે સમયે હતા જેઓની પાસે જે જોઈએ તે સઘળું હતું પણ તેઓ બીજાઓની સાથે વહેંચતા ન હતા. યોહાને જણાવ્યું કે તમારી પાસે જે સારાં વાનાં છે તે તમે તેઓને આપો જેઓની પાસે તે નથી. મિજાજી સૈનિકોને તેણે કહ્યું કે તેઓ ક્રૂર ન બને; અને જેઓ નબળા છે તેઓની સાથે તેઓ બળજબરી કરીને પડાવી ન લે. પૈસાદાર અને ગરીબ બન્ને પ્રકારના લોકોને એકસરખી રીતે કહ્યું કે તમે જે જે ખરાબ કરો છો તે બાબત સારી નથી; અને રાજા આવે તે પહેલાં આ બાબતોનો દરેક જણ પોતાના જીવનમાં અંત આણે. તેણે કહ્યું કે તમે બધા તમારા બધા જ પાપોનો પસ્તાવો કરો.

**યોહાને પોતાની ઓળખ આપી :**

જે લોકોએ તેનું સાંભળ્યું તેઓએ છેવટે એવું વિચાર્યું કે આ કોઈ મહાન પ્રબોધક છે - કદાચ આ પોતે જ રાજા હશે. અને એક દિવસ તો લોકો તેની પાસે આવીને સ્પષ્ટ રીતે પૂછ્યું કે શું તું ખરેખર આવનાર રાજા ખ્રિસ્ત છે ? સંત યોહાને કહ્યું ''ના'' હું તે નથી. ''હું પોતે કંઈ જ નથી.'' હું તો રાનમાં પોકારનારની વાણી છું કે રસ્તો પાધરો કરો. આવનાર રાજાના ચંપલની વાધરી છોડવાને માટે પણ હું યોગ્ય નથી. આમ યોહાન ખૂબ જ નમ્ર માણસ હતો જેણે એમ કહ્યું કે તે (ઈસુ) વધતા જાય અને હું (યોહાન) ઘટતો જાઉં. ઈસુને બાપ્તિસ્મા આપવાનો તેને લ્હાવો મળ્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. યોહાન કેવા પ્રકારનું જીવન જીવ્યો ? ..........................................
2. લોકો વિશે યોહાને શું કહ્યું ? ..........................................
3. યોહાને સૈનિકોને કહ્યું કે ..........................................
4. યોહાને પોતાના વિશે શું કહ્યું ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 22

# યુવાન ઈસુ મંદિરમાં

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 2:41-52

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વર અને માણસોની સાથે બાળકો સારા સંબંધમાં વૃદ્ધિ કરે તેમ શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુ મંદિરમાં તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** લૂક 2:52

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યુવાન ઈસુ પાછળ રહી ગયા :

ઈસુ જયારે બાર વર્ષની ઉંમરના હતા ત્યારે તેમના મા-બાપ તેમને લઈને પાસ્ખાપર્વમાં ગયા હતાં. યહુદી રિવાજ મુજબ આ પ્રમાણે કરવામાં આવ્યું હતું. પવિત્ર નગર યરૂશાલેમને અને દેવના મંદિરને તેમણે જીવનમાં પ્રથમ વખત જોયું. તે યુવાન હતા અને મંદિરના આંગળામાંથી ચાલતાં ચાલતાં આગળ વધી રહ્યા હતા ત્યારે તેમનો આત્મા હચમચી ગયો. તેમણે બલિદાનોની ધૂણી જોઈ, યાજકોને સફેદ ઝભ્ભામાં જોયા. લેવીઓના હાથમાં ચાંદીના રણશીંગડા હતાં. ઈસુ બાળકની ઉંમરના હોવા છતાં તેમને લાગ્યું કે તે દેવનો દીકરો છે અને આ ઘર તેમના પિતાનું ઘર છે. મંદિરમાં થતી આરાધના, ફરોશીઓ અને શાસ્ત્રોના શબ્દો, અને ઈસુના પોતાના વિચારો આ બધા વડે તેમનું હૃદય એવું ભરાઈ ગયું કે ઘરે પાછા નાઝરેથમાં જવાનો સમય થયો એટલે તે પાછળ રહી ગયા. દેવના મંદિરનો પ્રેમ તેમને પાછળ ખેંચી રહ્યો. મુસાફરી કરી રહેલ લોકોનો સમુદાય મોટી સંખ્યામાં હોવાથી ઈસુ શરૂઆતમાં તો નથી તેવું દેખાયું નહીં.

### ઈસુની શોધખોળ :

પણ રાત્રિ થઈ ગઈ પછી ઈસુ ટોળામાં જોવામાં ન આવ્યા તેથી તેમની માતા સાવચેત થયાં. બીજા દિવસે સવારે યૂસફ અને મરિયમ ટોળામાંના પોતાના સાથીદારોને મૂકીને યરૂશાલેમ પાછા જવા ઉતાવળથી નીકળી ગયા. પ્રથમ મંદિરમાં ઈસુને શોધવાનો વિચાર તેમને ન આવ્યો. તેઓએ ઈસુને પ્રથમ તેના મિત્રોમાં અને જયાં બાળકો રમતાં હતા તેવી જગ્યામાં જઈને શોધ્યો પણ તે ત્યાં ન મળ્યો. છેક ત્રીજા દિવસે તેઓ ભારે હૃદયે

મંદિરમાં શોધવા ગયા અને ત્યાં તેમને તેમનો દીકરો મળ્યો. અને મંદિરની અંદર તે નિયમશાસ્ત્રના શાસ્ત્રીઓની સાથે બેઠેલો જોવા મળ્યો તેઓની વચમાં બેસીને તે સાંભળતો હતો તથા તેઓને પ્રશ્ન પૂછતો હતો. આ નાના છોકરાની અંદર દેવના વચનોનું જે જ્ઞાન હતું તે જાણીને તેની પાસેના બધા જ લોકોને આશ્ચર્ય થયું.

**તેનો જવાબ :**

મારો દીકરો તેની ફરજ સંબંધી વિચારતો નથી તેવું માનીને માતા દીકરા ઈસુને પૂછે છે કે દીકરા તું અમારી સાથે આવી રીતે કેમ વર્ત્યો ? તું જાણે છે કે હું અને તારા પિતા દુઃખી થઈને તને ક્યારના શોધી રહ્યા છીએ ? ઈસુએ જવાબ આપ્યો કે, તમે શા માટે મારી શોધ કરી ? તમે જાણતા નથી કે મારે મારા બાપના ઘરમાં હોવું જોઈએ ? આ શબ્દો તેના મા-બાપ સમજી ન શક્યાં પરંતુ તેની માતા મરિયમે આની ઉપર વિચાર કર્યો કેમકે તેને લાગ્યું કે તેનો દીકરો એક સામાન્ય બાળકની જેમ નથી. અને તેના આ શબ્દોનો અર્થ ગૂઢ છે. ઈસુ તેની ઉંમરની સરખામણીમાં વધુ જ્ઞાની હતા છતાં તે યૂસફને અને મરિયમને સઘળી બાબતોમાં આજ્ઞાંકિત બની રહ્યા. તે તેઓની સાથે નાઝરેથ ગયો અને તેમના વતનના ઘરે તે સંતોષથી જીવન જીવ્યા.

**ખાલી જગ્યા પૂરો :**

1. મરિયમ અને યૂસફે ઈસુને ક્યાં શોધ્યો ? ........................................
2. મંદિરમાં ઈસુ શું કરતા હતા ? ........................................
3. ઈસુએ તેમની માતાને શો જવાબ આપ્યો ? ........................................
4. આ સાંભળીને મરિયમે શું કર્યું ? ........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 23**

# ઈસુનું બાપ્તિસ્મા અને વંશાવળી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 3:13-17

**પાઠનો ઉદ્દેશ :** દેવને પસંદ પડે તેવું જીવન બાળકોને જીવતાં શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુનો જન્મ અને વંશાવળીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** રૂમી 12:1

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યોહાનનો સંદેશો :

એક વખત સંત યોહાને લોકોને ઉપદેશ આપ્યો કે તેઓ કેટલા બધા ખરાબ છે. આ સાંભળીને લોકોમાંથી કેટલાકને હૃદયમાં ખૂબ જ દુઃખ થયું તેથી તેઓએ સારું જીવન જીવવા ઈચ્છા વ્યક્ત કરી. સંત યોહાને એવા લોકોને યરદન નદીમાં બાપ્તિસ્મા આપ્યું જેથી એવું દર્શાવી શકાય કે બાપ્તિસ્મા લેનારાઓને તેમની સ્થિતિનો સાચો અહેસાસ થયો છે. તેઓએ સાચો ખેદ વ્યક્ત કર્યો છે. જેવી રીતે ગંદી વસ્તુઓને પાણીમાં ધોઈને ફરીથી ચોખ્ખી બનાવી શકાય છે તેવી જ રીતે તેઓના કાળા હૃદયોને તેઓ ફરીથી સફેદ હૃદયનો બનાવવા માંગે છે તેની બાહ્ય નિશાની તરીકે દર્શાવવાની આ રીત હતી.

### ઈસુ આવ્યા :

એક દિવસ આ પ્રમાણે સંત યોહાન બાપ્તિસ્મા આપી રહ્યા હતા પછી તેમણે આંખો ઊંચી કરીને જોયું તો ત્યાં રાજા ઊભા છે જે લોકોના ટોળાની અંદર ઊભા હતા. કોઈને ખબર નહીં કે આ રાજા છે. તેમણે રાજવી ઝભ્ભો પહેર્યો ન હતો, માથા પર મુગટ ન હતો. તેમના હાથ કામ કરવાને કારણે કઠણ અને બરછટ થઈ ગયા હતા અને તેમણે એક સામાન્ય ગરીબ ખેડૂતનો પોશાક પહેર્યો હતો. ખુદ સંત યોહાન આ રાજા વિશે પૂરેપૂરું જાણતા ન હતા પણ તેમના વિશે એટલું જાહેર કર્યું હતું કે તે મારાં કરતાં વધારે પવિત્ર છે અને વધારે સામર્થ્ય ધરાવે છે. આ રાજા નજીક આવ્યા અને બીજા લોકોની સાથે તેમણે પણ બાપ્તિસ્મા લેવાની ઈચ્છા પ્રગટ કરી તો સંત યોહાને તેમને તેમ કરવા ના પાડી અને કહ્યું કે ખરેખર તો મારે તમારાથી બાપ્તિસ્મા પામવાની જરૂર છે અને શું તમે મારાથી બાપ્તિસ્મા લેવાનું કહો છો ? મારે તો માત્ર તમારા ચરણોમાં નમ્રતાથી ઝૂકી જવા

સિવાય કંઈ કરવાનું નથી. પણ ઈસુ બીજા લોકો આગળ એક ઉત્તમ નમૂનો મૂકવા ઈચ્છતા હતા; અને રાજાએ પોતાની ઈચ્છા પ્રગટ કરી એટલે રાજાના સેવકે તો તેનો અમલ કર્યા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

**કબૂતર ઉતર્યું :**

સંત યોહાન જેણે તેના પ્રભુને અગાઉ કદી ઓળખ્યા ન હતા તેણે આજે પ્રથમ વાર તેના પ્રભુ અને રાજાને ઓળખ્યા કેમકે યોહાને જોયું કે આકાશ એકદમ ખુલી ગયું હતું અને પ્રભુનો પવિત્ર આત્મા કબૂતરની પેઠે ખુલ્લા આકાશમાંથી નીચે ઉતરીને ઈસુ પર તે કબૂતરના રૂપમાં બેઠો અને તે જ વખતે ભૂરા આકાશમાંથી વાદળા મધ્યેથી એવી વાણી થતી સંભળાઈ કે આ મારો વ્હાલો દીકરો છે તેના પર હું પ્રસન્ન છું. લોકો આ વાણી સાંભળીને નવાઈ પામ્યા કેમકે વાણી સંભળાઈ પણ બોલનાર વ્યક્તિ ત્યાં હાજર ન હતી. વાદળાંઓમાંથી તેઓએ પ્રકાશના મોટા પૂંજને આવતો જોયો. આમ, ઈસુ એવી વ્યક્તિ હતા જે હંમેશા ઈશ્વરને પ્રસન્ન કરતા હતા. આ પ્રકારની બાબતો માટે અને આવી સારી સાક્ષીને માટે ઈસુ યોગ્ય વ્યક્તિ હતા.

**ખાલી જગ્યા પૂરો :**

1. યોહાને પ્રચાર કર્યો ત્યારે શું બન્યું ? ..................................................

2. ઈસુને બાપ્તિસ્મા આપવામાં આવ્યું, કેમકે ..................................................

3. ઈસુનું બાપ્તિસ્મા થયું પછી શું બન્યું ? ..................................................

4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................

5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 24

# ઈસુ અને તેના શિષ્યો

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માથ્થી 20:20-34; માર્ક 10:35-52; લૂક 18:35-19:28

**પાઠનો ઉદ્દેશ :** સાચા હેતુથી ઈશ્વર પાસે માંગણી કરવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુ અને તેના શિષ્યોની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 4:2-3

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### માતાની વિનંતી :

ઈસુ યરૂશાલેમ તરફ જઈ રહ્યા હતા. ઈસુના શિષ્યો પણ તેમની સાથે હતા અને લોકોનો મોટો સમુદાય પણ. કારણકે તે દિવસો પાસ્ખાપર્વના દિવસો હતા. દેશના જુદા જુદા ભાગોમાં રહેતા બધા જ લોકો યરૂશાલેમમાં આ પર્વ ઉજવવા એકઠા મળતા હતા. ઈસુએ અનેક વખત કહ્યું હતું કે તે યરૂશાલેમમાં મરણ પામવાના છે, પરંતુ ઘણા બધા લોકો એવું માનતા હતા કે ઈસુ યરૂશાલેમમાં જઈને રાજા બનશે અને આખા રાજ્ય ઉપર રાજ ચલાવશે. હવે એક દિવસ એવું બન્યું કે યાકૂબ અને યોહાન ઈસુના બે શિષ્યો જેઓ બન્ને ભાઈઓ હતા અને ઝબદિના દીકરાઓ હતા. તે બન્ને જણ તેમની માતાની સાથે ઈસુની પાસે આવ્યા; અને માતા ઈસુના ચરણોમાં પડી અને બન્ને દીકરાઓ પણ માતાની સાથે સાથે ઈસુને ઘૂંટણે પડ્યા. ઈસુએ તેણીને પૂછ્યું, "તારી શી ઈચ્છા છે ? તું મારી પાસે શું માંગે છે ?" તેણીએ કહ્યું કે, "પ્રભુ, એવું થવા દો કે મારા બન્ને દીકરાઓ તારા રાજ્યમાં તારી રાજગાદી પાસે ઊભા રહેનારા બને, એક તારે જમણે હાથે અને બીજો તારે ડાબે હાથે ઊભો રહેનાર થાય."

### ઈસુનો જવાબ :

ઈસુએ જવાબ આપ્યો કે, "તું શું માંગે છે તેની તને ખબર નથી." "જે પ્યાલો હું પીવાનો છું તે શું તમે પી શકશો ખરા ?" હવે "પ્યાલો" એટલે ઈસુ તેમના દુઃખો વેદનાઓ અને જે જે સહન કરવાનું હતું તેની વાત કરતા હતા. પણ આ લોકો આ વાતને સમજી ન શક્યા અને તેઓએ જવાબ આપી દીધો કે, "હા, અમે પી શકીશું." ઈસુએ તેઓને કહ્યું કે, "મારો પ્યાલો કદાચ તમે પી શકો; પરંતુ મારા જમણા કે ડાબે હાથે બેસાડવું તે મારું કામ નથી પણ જેઓને સારું તે સિદ્ધ કરેલું છે તેઓને માટે છે."

**ઈસુ ખુલાસો કરે છે :**

બાકીના દસ શિષ્યોએ સાંભળ્યું કે યાકૂબ અને યોહાન બન્ને શિષ્યોએ પ્રભુના રાજ્યમાં સર્વોચ્ચ સ્થાન મેળવવાની ખાત્રી માટે પ્રયત્નો કર્યા છે ત્યારે આ દસે શિષ્યો આ બન્ને ભાઈઓ પર ગુસ્સે થયા. પણ ઈસુએ તેઓને પાસે તેડીને કહ્યું કે, તમે જાણો છો કે વિદેશીઓના રાજાઓ તેઓ પર ધણીપણું કરે છે અને જેઓ મોટા છે તેઓ તેઓના પર ધણીપણું કરે છે અને જેઓ મોટા છે તેઓ તેઓના પર અધિકાર ચલાવે છે, પણ તમારામાં એવું ન થાય પણ તમારામાં જે કોઈ મોટો થવા ચાહે તે તમારો સેવક થાય અને જે કોઈ તમારામાં મુખ્ય થવા ચાહે તે તમારો દાસ થાય. જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહીં પણ સેવા કરવાને તથા ઘણા લોકની ખંડણીને સારું પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ. ત્યાર પછી ઈસુ, તેના શિષ્યો તેમજ લોકોનો મોટો સમુદાય યરીખો ગયા. આ રીતે ઈસુએ શિષ્યોને સ્પષ્ટતા કરી કે મોટાઈનો ખરેખરો અર્થ શો છે. તેથી જ્યારે આપણે ઈશ્વર પાસે કંઈક માગીએ ત્યારે તે થકી ઈશ્વરનો મહિમા થાય તે માટે માગવું જોઈએ.

**ખાલી જગ્યા પૂરો :**

1. માતાએ કઈ વિનંતી કરી ? ........................................................
2. સ્થાન અને સત્તા મેળવવા બાબતે ઈસુએ જણાવ્યું કે ............................
3. બાકીના દસ શિષ્યો કેમ ગુસ્સે થયા ? ..........................................
4. મહાનતા વિશે ઈસુએ શું શીખવ્યું ? ...........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 25

# ઈસુએ પાંચ હજારને જમાડ્યા

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 6:33-34

**પાઠનો ઉદ્દેશ :** આપણે ઈશ્વરને ખુશીથી આપવું જોઈએ તે બાબત બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**ઈસુએ પાંચ હજારને જમાડ્યા તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 2 કરિંથી 9:7

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

**વાર્તાનો સારાંશ :**

**ઈસુએ શિક્ષણ આપ્યું :**

ઈસુના બાર શિષ્યો ગાલીલના ગામોમાં ઈસુની વાત લોકોને જણાવીને ઈસુની પાસે પાછા આવ્યા અને જે જે કર્યું હતું તે વિશે ઈસુને જણાવ્યું. ઈસુની પાછળ જનાર જનસમુદાયની સંખ્યા હવે અગાઉ કરતાં ઘણી વધારે હતી કેમકે પાસ્ખાપર્વમાં સમય નજીક આવી રહ્યો હતો તેથી યરૂશાલેમ તરફ આગળ વધવાની મુસાફરીમાં જે લોકો હતા તેઓ તેમની મુસાફરીના માર્ગને થોડો બદલીને ઈસુ-મહાન ઉપદેશક અને શિક્ષકને સાંભળવા અને જોવા માટે આવતા હતા. ઈસુ અને તેના શિષ્યોને મળવા આવનાર અને જનાર લોકો એટલી મોટી સંખ્યામાં હતા કે તેઓને જમવાનો સમય પણ મળતો ન હતો. ઈસુએ પોતાના બાર શિષ્યોને કહ્યું કે, "આવો, મારી સાથે આવો. આપણે કોઈ એકાંત અને શાંત સ્થળે જઈએ જે લોકોના ટોળાથી દૂર હોય અને ત્યાં આપણે થોડો આરામ કરીએ." તેઓ હોડીમાં બેઠા અને હલેસાં મારીને સરોવરને પેલે કાંઠે ગયા. જ્યાં ખુલ્લી જગ્યા હતી અને કોઈ ત્યાં વસતું ન હતું અને તે સ્થળ બેથસેદાથી ઘણે દૂર પણ ન હતું. પણ કેટલાક લોકો તેઓને જોઈ રહ્યા હતા કે તેઓ કઈ તરફ જઈ રહ્યા છે તે બધા લોકો પગે ચાલીને તે દિશામાં આગળ વધ્યા અને તેઓ જયાં હતા ત્યાં પહોંચી ગયા; આમ ઈસુ અને તેના શિષ્યોને એકાંત ન મળ્યું. ઈસુને લાગ્યું કે આ લોકો કેટલા બધા આતુર છે કે અમને શોધતા શોધતા પગે ચાલીને અહીં સુધી આવ્યા છે, તેથી ઈસુને તેઓના ઉપર દયા આવી તેથી ઈસુએ આ લોકોને શિક્ષણ આપ્યું અને જેઓ માંદા હતા તેઓને સાજા કર્યા.

**ઈસુએ કહ્યું ખાવાનું આપો :**

સાંજ પડવા આવી એટલે શિષ્યોએ ઈસુને કહ્યું કે, "આ એકાંત સ્થળ છે અને આટલા મોટા લોકોના ટોળાને પૂરતું થઈ રહે એટલું જમવાનું આપવા અહીં કશું નથી. તેથી અંધારું થઈ જાય તે પહેલાં આ લોકોને વિદાય કરો કે તે સમયસર પોતપોતાને ઘરે જાય." પણ ઈસુએ શિષ્યોને કહ્યું કે, "તેઓને પાછા મોકલવાની જરૂર નથી. તમે તેઓને સારું ખાવાનું લાવો." તેઓએ કહ્યું કે, "શું અમે તેઓને સારું બસો દીનારની રોટલી ખરીદી લાવીએ ? અને તે પણ દરેકને ભાગે થોડું થોડું જ આવશે." ઈસુએ ફિલિપ તરફ નજર કરી અને કહ્યું

કે, “ફિલિપ, આ બધાને જમવાને માટે પૂરતી રોટલી આપણે ક્યાંથી લાવીશું ?” હવે ઈસુએ તો ફિલિપના વિશ્વાસને પરખવા સારું આમ કહ્યું હતું. પણ ઈસુ પોતે શું કરવાના છે તે તો ઈસુ જાણતા હતા. ફિલિપે મોટા ટોળા તરફ નજર કરી તો 5000 (પાંચ હજાર) પુરુષો હતા. અને તે ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો અલગ. ફિલિપે કહ્યું કે, આટલા બધા લોકો માટે બસો દીનારની રોટલી પણ પૂરતી નહીં થાય. આન્દ્રીયા નામનો બીજો શિષ્ય જે પિત્તરનો ભાઈ હતો. તેણે ઈસુને કહ્યું કે અહીં એક જુવાન છે. જેની પાસે જવની પાંચ રોટલી અને બે નાની માછલી છે. પરંતુ આટલા બધા લોકોને તે પૂરતી થશે શું તથા ઈસુએ પેલા છોકરાનાં ખાણા તરફ નજર કરી, જે તે હાથમાં લઈને ઊભો હતો.

**ચમત્કાર થયો :**

ઈસુએ શિષ્યોને કહ્યું કે તમે લોકોમાં જાઓ અને તેમને પચાસ, પચાસ અને સો, સોના જૂથણાં વહેંચી નાખો, અને તેઓને કહો કે, તેઓ હારબંધ બેસી જાય. તેથી લોકો એ રીતે ઘાસ ઉપર બેઠા. પછી ઈસુએ પેલા જુવાન પાસેથી પાંચ રોટલી અને બે માછલી પોતાના હાથમાં લીધી. અને આકાશ તરફ જોઈને આ ખોરાક માટે આભાર માન્યો. પછી રોટલી અને માછલી ભાંગી. અને તે ટુકડા શિષ્યોના હાથમાં મૂક્યા. શિષ્યો તે લઈને હારબંધ બેઠેલા લોકોને વહેંચવા લાગ્યા અને દરેકને જેટલી જોઈતી હતી તેટલી રોટલી અને માછલી આપી. બધાએ ખાધું અને ખોરાક દરેકને પૂરતો થયો. જમી રહ્યા પછી, ઈસુએ કહ્યું કે, જમીન પર પડેલા ટુકડા એકઠા કરો. કંઈ જ બગાડ ન થાય. બધા જ શિષ્યો ટોપલા લઈને છાંણેલા કકડા એકઠા કરવા લાગ્યા અને તેઓ પાછા આવ્યા ત્યારે છાંણેલા કકડાની 12 (બાર) ટોપલીઓ ભરાઈ હતી.

**ઈસુ બીજે ગયા :**

જ્યારે લોકોએ જોયું કે, તેમને જરૂરી ખોરાક ઈસુ પૂરો પાડે છે, તેથી તેઓ ઈસુને પોતાનો રાજા બનાવવા માંગતા હતાં. જેથી તે તેઓને રોમન સત્તામાંથી મુક્ત કરે. ઈસુ રાજા હતા ખરા, પરંતુ તેઓ ઈચ્છતા હતા તે મુજબનાં રાજા ન હતાં. જેઓ ઈસુ પર પ્રેમ કરે, તેઓના હૃદયમાં ઈસુ રાજ્ય સ્થાપતા, પણ ઈસુ તલવારથી અને સૈનિકોથી રાજ્ય ચલાવતા ન હતા. ઈસુએ જોયું કે મારી ઈચ્છા વિરુદ્ધ આ લોકો મારા શિષ્યોની મદદથી મને રાજા બનાવવા માંગે છે. તેથી ઈસુ લોકોના ટોળાથી દૂર થઈ ગયાં. અને અલગ જગ્યાએ ગયાં. ઈસુનું રાજ્ય અલગ પ્રકારનું રાજ્ય હતું. અને ઈસુ પોતે અલગ પ્રકારના રાજા હતા. આ ચમત્કાર એટલા માટે થયો કેમકે એક છોકરાએ તેનું લંચબોક્ષ ઈસુને આપ્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ તેના શિષ્યો સાથે એકાંતમાં ગયા ત્યારે શું બન્યું ? ..........................................
2. ઈસુએ શિષ્યોને શું કહ્યું ? ..........................................................................
3. ખોરાક કોણે આપ્યો અને દરેકને પૂરતો થયો શું ? ..........................................
4. શા માટે ઈસુ દૂર જતા રહ્યાં ? ....................................................................
4. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? .................................................................
5. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 26**

# ભલા સમરૂનીનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 10:30-37

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે તેઓ બીજા ઉપર દયા દર્શાવે.

**પાઠનું આયોજન**

**ભલા સમરૂનીની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** લૂક 10:27

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

**પ્રશ્ન :**

એક વખત પંડિત ઈસુની પાસે આવ્યો. તે જમાનામાં પંડિતો જૂના કરારના પુસ્તકોનો અભ્યાસ કરતાં, લખતા અને શીખવતા હતા. આવા એક પંડિતે ઈસુ પાસે આવીને પ્રશ્ન કર્યો કે, અનંતજીવન મેળવવા માટે શું કરવું જોઈએ ? ઈસુ શું જવાબ આપે છે તે જાણવાના આશ્રયથી તે પ્રશ્ન કર્યો હતો. ઈસુએ તેને કહ્યું કે, નિયમશાસ્ત્ર વાંચનાર અને જાણનાર છે, તો તું મને કહે કે તેમાં આ સંબંધી શું લખેલું છે ? પેલા માણસે જવાબ આપ્યો કે, નિયમશાસ્ત્રમાં લખેલું છે કે, તારા દેવ પ્રભુ પર તારા ખરા હૃદયથી તથા તારા ખરા જીવથી તથા તારા પૂરા સામર્થ્યથી તથા તારા ખરા મનથી પ્રેમ રાખ; અને જેવો પોતા પર તેવો જ તારા પડોશી પર પ્રેમ રાખ. ઈસુએ તેને કહ્યું કે, તેં ઠીક ઉત્તર આપ્યો છે. તું એમ કર એટલે તું અનંતજીવન પ્રાપ્ત કરીશ. પણ આ માણસે બીજો પ્રશ્ન કર્યો કે, મારો પડોશી કોણ ?

**જવાબ :**

આ પ્રશ્નનો જવાબ આપવા માટે ઈસુએ તેને ભલા સમરૂનીની વાત અથવા દૃષ્ટાંત કહી સંભળાવ્યું. ઈસુએ કહ્યું કે, એક પુરુષ યરૂશાલેમથી યરીખો જતો હતો. અને તે લૂંટારાઓના હાથમાં પડ્યો. અને તેઓએ તેના લુગડા ઉતારી લઈને તેને લૂંટી લીધો. તથા તેને મારીને તેને અધમૂઓ મૂકીને ચાલ્યા ગયાં. દૈવયોગે એક યાજક તે માર્ગે થઈને જતો હતો. જેણે આ માણસને ત્યાં પડેલો જોયો, પરંતુ તે બીજી બાજુએ થઈને ચાલ્યો ગયો. પછી એક લેવી પણ આજ રસ્તે થઈને જતો હતો તેણે પણ આ માણસને જોયો, તે પણ બીજી બાજુએ ચાલ્યો ગયો. પછી એક સમરૂની આ માર્ગે થઈને પસાર થતો હતો. તેણે આ માણસને જોયો, એટલે તે તેની પાસે ગયો. તેને જોઈને તેને કરુણા આવી. તેણે તેના ઘા પર તેલ તથા દ્રાક્ષારસ રેડીને પાટા બાંધ્યા. અને તેને

પોતાના જાનવર પર બેસાડીને ઉતારામાં લઈ ગયો, અને તેની માવજત કરી. બીજે દહાડે તેણે બે દીનાર કાઢીને ઉતારાવાળાને આપીને કહ્યું કે, આની માવજત કરજે. અને જો કંઈ વધારે ખર્ચ લાગશે તો હું પાછો આવીશ ત્યારે તને આપીશ.

આ રીતે ઘાયલ થયેલી વ્યક્તિ ઉપર સમરૂનીએ દયા દર્શાવી. અને તેની મદદ કરી. અને તે તેનો સારો પડોશી બન્યો. ઈસુએ કહ્યું કે, તું પણ જઈને આ પ્રમાણે કર. બીજાઓ ન કરે તો પણ તું કર. આવા દયાળુ લોકોને ઈશ્વર ચાહે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. પંડિતે કયો ઉત્તર આપ્યો ? ..........................................................
2. કયા બે વ્યક્તિઓએ મદદ ન કરી ? ..................................................
3. સમરૂનીએ કેવી રીતે મદદ કરી ? ...................................................
4. તમે કોઈકને મદદ કરી હોય તે પ્રસંગ ટૂંકમાં લખો. ....................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ...................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 27**

# ચાઈરની દીકરી સાજી થઈ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 5:22-43

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે સંદેહ લાવવાથી સાજાપણું મળતું અટકે છે.

**પાઠનું આયોજન**

**યાઈરની દીકરીની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યાકૂબ 1:6-8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યાઈરની વિનંતી :

ઈસુ અને તેના શિષ્યો હોડીમાં બેસીને સમુદ્રને પેલે પાર કફરનાહૂમમાં ગયા. ત્યાં પણ લોકોનું મોટું ટોળું તેમની રાહ જોઈને ઊભું હતું. આ ટોળામાંથી એક માણસ આગળ આવ્યો અને ઈસુનાં ચરણોમાં પડ્યો. તે સભાસ્થાનનો આગેવાન હતો. તેનું નામ યાઈર હતું. તેણે ઈસુને વિનંતી કરી કે, ઓ પ્રભુ, તું અત્યારે જ મારા ઘરે આવ. મારી નાની દીકરી મરણતોલ માંદી છે. જો તું આવીને તારો હાથ તેને લગાડશે તો તે જીવતી રહેશે. ઈસુ યાઈરની સાથે ગયા અને તેના શિષ્યો પણ પાછળ-પાછળ ગયા. ટોળામાંથી કેટલાક લોકો પણ પાછળ-પાછળ ગયાં. રસ્તામાં ઈસુએ એક લોહીવાવાળી સ્ત્રીને સાજી કરી, જે બાર વર્ષથી લોહીવાને કારણે પીડાતી હતી.

### ઈસુ પહોંચ્યાં :

આખા રસ્તે આ દીકરીના પિતા ઘણી મુશ્કેલીથી ઈસુની સાથે રહ્યાં. કારણકે તેને બીક હતી કે, ઈસુ મારા ઘરે પહોંચશે તે પહેલા મારી દીકરી મરી જશે, કારણકે તે મરણતોલ માંદી હતી. તેઓ રસ્તામાં હતા એટલામાં જ કોઈ એકે તેની પાસે આવીને કહ્યું કે તારી દીકરી તો મરી ગઈ છે. હવે તું ઉપદેશકને તસ્દી શું કામ દે છે ? પરંતુ ઈસુએ કહ્યું કે, તું બી મા; માત્ર વિશ્વાસ રાખ, અને તારી દીકરી બચી જશે. પછી તેઓ યાઈરનાં ઘરે આવ્યાં. તો ત્યાં લોકો રુદન તથા વિલાપ કરતાં હતાં. ઈસુએ તેઓને કહ્યું કે તમે શા માટે આમ કરો છો ? છોકરી તો મરી નથી ગઈ, પણ તે ઊંઘે છે. ઈસુ એમ કહેવા માગતા હતા કે, આપણા વ્હાલાઓ મરી જાય ત્યારે આપણે

દુઃખ અને રુદન ન કરીએ કેમકે મૃત્યુ એ લાંબી ઊંઘ છે. અને ઈશ્વર તેને ઉઠાડે નહીં ત્યાં સુધી તે ઊંઘી રહે છે. પરંતુ આ વાત લોકો સમજી શક્યા નહીં અને તેમને દિલાસો મળ્યો નહીં, કેમકે તેઓ એટલું જ જાણતા હતા કે દીકરી મરી ગઈ છે.

**ઈસુએ સાજી કરી :**

પછી ઈસુએ ઘરની અંદર બીજા કોઈને આવવા દીધા નહીં. પરંતુ ઈસુ પોતાની સાથે ત્રણ શિષ્યો એટલે પિત્તર, યાકૂબ અને યોહાન તેમજ દીકરીના પિતા અને માતાને લઈને જ્યાં છોકરી હતી ત્યાં અંદર ગયાં. અને બીજાઓને બહાર કાઢીને દરવાજો બંધ કર્યો. 12 (બાર) વર્ષની આ દીકરીનો હાથ ઈસુએ પકડ્યો અને કહ્યું કે છોકરી, હું તને કહું છું કે ઊઠ અને આ દીકરીનો જીવ તેનામાં પાછો આવ્યો. તેણે આંખો ઉઘાડી અને ઊઠીને ચાલવા લાગી. ઈસુએ તેઓને કહ્યું કે તેને કંઈક ખાવાનું આપો. પછી ઈસુએ આજ્ઞા કરી, આ દીકરી કેવી રીતે સાજી થઈ તે તમારે કોઈને કહેવું નહીં. આ પ્રકારનો ચમત્કાર થઈ શક્યો કારણકે યાઈરે ઈસુના શબ્દો પર વિશ્વાસ કર્યો અને સંદેહ લાવ્યો નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. યાઈરે શું વિનંતી કરી ? ..........................................................
2. માર્ગમાં શું બન્યું ? ..........................................................
3. ઈસુએ યાઈરને શું કહ્યું ? ..........................................................
4. યાઈરના ઘરે પહોંચ્યા પછી ઈસુએ શું કર્યું ? ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 28**

# ખોવાયેલ ઘેટું અને અધેલીનું દૃષ્ટાંત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 15:1-10

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર ઈચ્છે છે કે, બધા જ બચી જાય.

**પાઠનું આયોજન**

**ખોવાયેલ ઘેટું અને અધેલીની વાર્તા શીખવો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 2 પિત્તર 3:9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુ પાપીઓ સાથે :

ઈસુ શિક્ષણ આપતા હતા ત્યારે, કેટલાક કર ઉઘરાવનારાઓ ઈસુની પાસે આવ્યા. તેઓનું કામ લોકો પાસેથી કર ઉઘરાવવાનું હતું. તેઓ ઈસુની વાત સાંભળવા માટે આવ્યા હતા. એ સમયે બીજા કેટલાક લોકો પણ ઈસુની પાસે આવ્યાં જેમને શાસ્ત્રીઓ અને ફરોશીઓ "પાપીઓ" તરીકે ઓળખતા હતાં. ઈસુના દુશ્મનોએ કહ્યું કે, ઈસુ પોતાની પાસે પાપીઓને અને દાણીઓને બોલાવે છે અને તેમની સાથે ખાય છે. આમ તે નિયમશાસ્ત્ર પ્રમાણે વર્તતા નથી. તેઓએ કહ્યું કે, ઈસુ આવું કેમ કરે છે, અને નિયમશાસ્ત્રનું ઈસુ ઉલંઘન કેમ કરે છે.

### પ્રથમ દૃષ્ટાંત :

પછી ઈસુએ તેઓને ખોવાયેલ ઘેટાંનું દૃષ્ટાંત કહ્યું. જેથી તેઓ સમજી શકે કે શા માટે ઈસુ પાપીઓને ચાહે છે. ઈસુએ કહ્યું કે તમારામાં એવું કયું માણસ હોય, કે જો તેની પાસે 100 (સો) ઘેટાં હોય, અને તેઓમાંનું એક ઘેટું ખોવાય તો પેલા નવ્વાણુંને રાનમાં મૂકીને ખોવાયેલું જડે ત્યાં સુધી તે તેની શોધમાં નહીં જાય ? અને તે તેને જડે ત્યારે હર્ષથી તે તેને પોતાની ખાંધ પર ચઢાવે છે. અને ઘરે આવીને પોતાના મિત્રોને અને પડોશીઓને એકઠા કરીને તેઓને કહે છે કે, મારી સાથે આનંદ કરો કેમકે મારું ઘેટું ખોવાયેલું હતું તે મને જડ્યું છે. ઈસુએ કહ્યું કે એ જ રીતે 99 (નવ્વાણું) ન્યાયીઓને પસ્તાવાની અગત્ય નથી. તેઓનાં કરતા એક પાપી પસ્તાવો કરે તો આકાશમાં આનંદ થશે.

**બીજું દૃષ્ટાંત :**

ઈસુએ લોકોને ખોવાયેલ અધેલીનું દૃષ્ટાંત પણ કહ્યું. ઈસુએ કહ્યું કે કઈ સ્ત્રી એવી હોય કે જો તેની પાસે 10 (દસ) અધેલી હોય, અને તેઓમાંની એક અધેલી ખોવાઈ જાય તો તે દીવો કરીને ઘર નહીં વાળે, અને જડે ત્યાં લગી તેની શોધ સારી પેઠે નહીં કરે ? અને તે તેને જડે ત્યારે તે પોતાની સખીઓ તથા પડોશણોને બોલાવીને કહે છે કે મારી સાથે આનંદ કરો. કેમકે મારી અધેલી ખોવાઈ ગઈ હતી, તે જડી છે. તે જ રીતે એક પાપી પસ્તાવો કરે, તેને લીધે દેવના દૂતોની સમક્ષ હર્ષ થાય છે. ઈશ્વર ઈચ્છે છે કે બધા જ માણસો બચી જાય, તેથી તેમણે ઈસુને આ જગતમાં મોકલ્યાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુ કોની સાથે બેઠા ? ..........................................................
2. કેટલાક લોકો ઈસુથી કેમ નારાજ થયા ? ..........................................
3. બન્ને દૃષ્ટાંતમાં શું ખોવાયું હતું ? ..............................................
4. બન્ને દૃષ્ટાંતોનો અંત કેવો છે ? ...................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ....................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 29**

# જાખ્ખી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** લૂક 19:1-10

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર આપણને સારી પેઠે ઓળખે છે.

**પાઠનું આયોજન**

**જાખ્ખીની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયા 1:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુને મળવા જાખ્ખીનો પ્રયત્ન :

યરીખોમાં એક ધનવાન માણસ રહેતો હતો. તેનું નામ જાખ્ખી હતું. આ વિસ્તારનો તે મોટો કર ઉઘરાવનાર હતો. તેણે રોમન સરકાર માટે અને પોતાના માટે કર દ્વારા ઘણા પૈસા ભેગા કર્યા હતા. આથી યહુદીઓ જાખ્ખીને પસંદ કરતા ન હતા. તેઓ તેને લોભી અને છેતરનાર ગણતા હતા. એક વખત ઈસુ યરૂશાલેમ જઈ રહ્યા હતાં ત્યારે યરીખોમાં થઈને મુસાફરી કરી રહ્યા હતા. લોકોનું મોટું ટોળું રસ્તામાં અને ગલીઓમાં ઈસુને જોવા હારબંધ ઊભું હતું. તેઓ આનંદના અવાજ સાથે ઈસુની વાટ જોઈ રહ્યા હતાં. આ ટોળામાં જાખ્ખી પણ હતો. તે એટલો બધો ઠીંગણો હતો કે ટોળામાં ઊભો રહીને ઈસુને જોઈ શકે તેમ ન હતો. તેથી જાખ્ખી ઝાડ ઉપર ચઢી ગયો. એક નીચી ડાળી પકડીને તે ઉપર ગયો અને પછી ઝાડની ટોચ સુધી પહોંચી ગયો. તેને ઝાડ ઉપર જોઈને લોકો હસશે તેની તેણે ચિંતા કરી નહીં. તેણે સાંભળ્યું હતું કે ઈસુ કર ઉઘરાવનારાઓની મિત્રતા કરે છે. કંઈ પણ પરવા કર્યા વગર તે માત્ર ઈસુને જોવા માંગતો હતો. રસ્તા પર ઊભેલા લોકો આનંદમાં અવાજો કરતાં હતાં. જાખ્ખીએ ઉપરની જોયું કે, ધૂળવાળા રસ્તામાં થઈને એક માણસ આગળ આવી રહ્યો છે. જાખ્ખીએ વિચાર્યું કે આ ઈસુ જ હશે. એટલે નાઝરેથના ઈસુ, ટોળાની સાથે જાખ્ખી પણ મોટેથી બૂમ પાડવા લાગ્યો.

### ઈસુ જાખ્ખીના ઘરે :

પછી જાખ્ખી બૂમ પાડતો અટકી ગયો. ઈસુ આ ઝાડ નીચે આવ્યા ત્યારે, તેમણે ઉપર જોયું ને જાખ્ખી તરફ નજર કરી. કર ઉઘરાવનાર જાખ્ખી એક શબ્દ પણ બોલ્યો નહીં, તે તો માત્ર ઈસુને ટગર-ટગર જોઈ રહ્યો. ઈસુના જેવી આંખો તેણે પહેલા કદી જ જોઈ ન હતી. ઈસુએ તેને કહ્યું કે જાખ્ખી તું જલ્દીથી નીચે ઉતરી આવ, કેમકે આજે હું તારા ઘરે રોકાવાનો છું. જાણે ઝાડ પરથી કૂદકો માર્યો ન હોય તેટલી ઝડપે જાખ્ખી નીચે ઉતર્યો.

તેને ખૂબ જ આશ્ચર્ય થયું. તે હર્ષ પામ્યો. મને આવું માન ! પછી તે ઈસુને પોતાના ઘરે લઈ ગયો. બીજા લોકોએ કચકચ કરીને કહ્યું કે, જુઓ ઈસુ તો ફરીથી પણ પાપીઓની સાથે જાય છે.

**જાખ્ખીનું તારણ :**

જાખ્ખીએ ઈસુને પોતાનાં ઘરમાં આવકાર આપ્યો. અને પછી કહ્યું કે, હું તમને વચન આપું છું કે હું જે કાંઈ કમાયો છું, તેમાંથી અડધો ભાગ ગરીબોને આપવાનું વચન આપું છું. વળી, જો કોઈનું અન્યાયથી પડાવી લીધું હોય તો હું તેને ચાર ઘણુ પાછું આપવા વચન આપું છું. તેણે પોતાનું માથું નીચું નમાવ્યું. જાખ્ખીને ખબર પડી કે ખરેખર ઈસુ કોણ છે. ઈસુ માટે પોતાનું જીવન બદલવા જાખ્ખી તૈયાર થયો. ઈસુએ કહ્યું કે આજે આ ઘેર તારણ આવ્યું છે. તું અને તારું આખું કુટુંબ તારણ પામ્યું છે. માણસનો દીકરો આટલા માટે જ આ પૃથ્વી પર આવ્યો છે. બધા જ લોકોને બચાવવા માટે તે આવ્યો છે. ઈસુ જાખ્ખીને ઓળખતા હતાં. તેનું નામ જાણતા હતાં. તેની શું ઈચ્છા છે અને તેની શું પરિસ્થિતિ છે તેની ઈસુને ખબર હતી. અને તેથી જ ઈસુ તેની પાસે ગયાં. ઈસુ તમારો અને મારો પણ બચાવ કરી શકે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુને મળવા માટે જાખ્ખીએ શું કર્યું ? ..............................................
2. ઈસુ તેના ઘરે ગયા ત્યારે જાખ્ખીનો પ્રતિભાવ કેવો હતો ? ..............................
3. જાખ્ખીએ કયું વચન આપ્યું ? ..................................................
4. આ જગતમાં આવવાનો ઈસુનો હેતુ શો છે તે બાબતે ઈસુએ શું કહ્યું ? ......................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 30**

# છેલ્લું ભોજન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** માર્ક 14:12-26

**પાઠનો ઉદ્દેશ :** આવી સંગતનું મહત્ત્વ બાળકોને સમજાવો.

**પાઠનું આયોજન**

**છેલ્લું ભોજન તેની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 6:53-54

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ઈસુની સૂચનાઓ :

પાસ્ખાપર્વના આગળના અઠવાડિયામાં કોઈ એક દિવસે શિષ્યો ઈસુની પાસે બેથનિયામાં આવ્યા; અને ઈસુને કહ્યું કે, તમે પાસ્ખા ખાવ તે માટે અમે ક્યાં જઈને તૈયારી કરીએ, તે વિશે તમારી શી ઈચ્છા છે ? ઈસુએ પોતાના શિષ્યોમાંના બે શિષ્યોને એટલે પિત્તર અને યોહાનને પાસે બોલાવ્યા અને તેઓને સૂચના આપી કે તમે શહેરમાં જાઓ ને પાણીની ગાગર લઈ જતો એક માણસ તમને મળશે તેની પાછળ પાછળ જાઓ અને જે ઘરમાં તે પેસે તે ઘરમાં તમે જાઓ અને તે ઘરના ઘરધણીને કહેજો કે, ઉપદેશકે કહેવડાવ્યું છે કે તેને માટે ઉતરવાની ઓરડી ક્યાં છે કે જ્યાં તે પોતાના શિષ્યો સાથે પાસ્ખા ખાઈ શકે ? અને તે તમને એક મોટી મેડી શણગારેલી ને તૈયાર કરેલી દેખાડશે; ત્યાં આપણે સારું તૈયારી કરો.

### તૈયારીઓ પૂરી થઈ :

પિત્તર અને યોહાન યરૂશાલેમમાં ગયા અને રસ્તામાં તેઓને એક માણસ મળ્યો જે પાણીની ગાગર લઈને જતો હતો, જે તેમની તરફ આવી રહ્યો હતો. આ બન્ને શિષ્યો પેલા માણસની પાછળ પાછળ ગયા અને જે ઘરમાં તે ગયો તેમાં બન્ને શિષ્યો પણ ગયા અને ઘરના માલિક જેવો દેખાતો હોય તેવા વ્યક્તિને તેમણે પૂછ્યું કે, માલિકનું એમ કહેવું છે કે તે તેના શિષ્યોની સાથે પાસ્ખા ખાય તે માટેની મહેમાનોની ઓરડી ક્યાં છે ? પેલો માણસ આ શિષ્યોને ઉપલા માળે લઈ ગયો અને તેમને એક ઓરડો બતાવ્યો જેમાં જમવા માટેનું ટેબલ અને વાસણો ગોઠવેલા હતાં. મહેમાનોની જમવાની પૂરી વ્યવસ્થા તૈયાર કરેલી હતી. પછી શિષ્યો બહાર ગયા અને એક હલવાનને લઈ આવ્યા અને તેને શેક્યું અને જમવા માટે શાક તૈયાર કર્યું અને ખમીર વગરનો લોટ લઈને તેમાંથી વેફર્સ તૈયાર કરી. પછી ઈસુ અને તેના શિષ્યો બેથાનીની બહાર નીકળ્યા. ઈસુ માણસના

હૃદયના વિચારોને પારખનાર વ્યક્તિ હતા. તેથી ઈસુને એકલાને ખબર હતી કે તેમના શિષ્યોમાંનો એક એટલે યહુદા ઈશ્કારિયોતે મુખ્ય યાજકોને વચન આપ્યું હતું કે, તે તેઓને ઈસુને પકડાવવા માટે મદદ કરશે અને ઈસુને પકડાવી દેશે. અને આ દુષ્ટ કૃત્ય કરવા માટેના શ્રેષ્ઠ સમય અને તકની રાહ જોઈને યહુદા તાકી રહ્યો હતો. તેઓ બધા પેલા ઘરની અંદર આવ્યા અને ઉપલા માળે ગયા જ્યાં ભોજનની પૂરેપૂરી તૈયારી કરી દેવામાં આવી હતી. ટેબલ ઉપર ભોજન ગોઠવવામાં આવ્યું અને બધા જ શિષ્યો ટેબલની ચારે તરફ જમવા માટે બેઠા અને દરેક જણનું મોં ટેબલ તરફ હતું. બધા એકબીજાને અઢેલીને નજીક નજીક બેઠા હતા જેથી ઈસુ દરેકને ખોરાક આપી શકે. બધા જ પગ ઉઘાડા હતા કેમકે યહુદી રીત પ્રમાણે ઘરમાં આવતાં પહેલાં દરેક જણ પોતાના સેન્ડલ બહાર ઉતાર્યા હતાં.

**ભોજન શરૂ થયું :**

ટેબલ ઉપર મુખ્ય જગ્યાએ ઈસુ બેઠા હતા અને યોહાન જેના પર ઈસુ વધારે પ્રેમ રાખતા હતા તે ઈસુની બાજુમાં બેઠો હતો. જમતી વખતે ઈસુએ રોટલી લીધી, અને ઈશ્વરપિતાનો આભાર માન્યો અને ત્યાર પછી રોટલીને ભાંગી અને દરેક શિષ્યને એક એક ટુકડો આપવા રોટલી આગળ જવા દીધી અને બારે બાર શિષ્યોને વહેંચી; અને કહ્યું કે લો આ ખાવ, આ મારું શરીર છે જે તમારે સારું ભાંગવામાં આવ્યું છે. તે મારી યાદગીરીને સારું કરો. ત્યારબાદ ઈસુએ પ્યાલો લીધો અને દ્રાક્ષારસનો આ પ્યાલો પણ એ જ રીતે બારે બારને વારાફરતી આપતા કહ્યું કે આ મારું રક્ત છે, જે તમારે સારું અને ઘણાઓને સારું પાપમુક્તિને અર્થે વહેવડાવવામાં આવ્યું છે. જેટલી વાર તમે તે પીઓ તેટલી વાર મારી યાદગીરીને અર્થે તે કરો. ઈસુએ તેના શિષ્યોને આજ્ઞા કરી કે જ્યારે જ્યારે તમે એકઠા થાવ ત્યારે ત્યારે આ કરો. મારા મરણની યાદગીરીની તે તમને યાદ અપાવશે અને આભાર પણ માનો. આમ કરવાથી આપણે આપણી જાતની સ્વપરીક્ષા કરીને ઈશ્વરની નવી અને તાજી કૃપા પ્રાપ્ત કરી શકીએ છીએ.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુએ કઈ સૂચના આપી ? ..............................................
2. પિત્તર અને યોહાન ગયા ત્યારે તેમણે શું જોયું ? ..............................................
3. પરસ્વાધીન કરવા બાબતે ઈસુએ શું કહ્યું ? ..............................................
4. ભોજનનું મહત્ત્વ શું છે ? ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 31**

# માછલીઓ ચમત્કારિક રીતે પકડાઈ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** યોહાન 21:1-11

**પાઠનો ઉદ્દેશ :** જ્યારે આપણે ઈશ્વરથી દૂર જઈએ છીએ, ત્યારે ઈશ્વર આપણને શોધે છે તે વાત બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**માછલીનું ચમત્કારિક રીતે પકડાવવું તે વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** હિબ્રૂ 13:5 "હું તને કદી મૂકી દઈશ નહીં, અને તજીશ નહીં."

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### શિષ્યોનું પાછા હઠવું :

તમે જાણો છો કે ઈસુ પુનરુત્થાન પામ્યા અને કબરમાં રહ્યા નહીં. પુનરુત્થાન પછી દૂતોએ સ્ત્રીઓને ઈસુની ખાલી કબર આગળ જણાવ્યું હતું કે, શિષ્યોને કહો કે તેઓ ગાલીલમાં જાય અને ત્યાં તેઓ ઉત્થાન પામેલા ઈસુને જોશે. તેથી તેઓ ગાલીલમાં ગયા અને થોડા દિવસો સુધી રાહ જોતા રહ્યા પણ ઈસુનું દર્શન થયું નહીં. આખરે પિત્તરે કહ્યું કે હું માછલાં પકડવા જાઉં છું એટલે બીજા શિષ્યોએ કહ્યું કે અમે પણ તારી સાથે આવીશું. પિત્તરની સાથે યાકૂબ અને યોહાન બન્ને ભાઈઓ તથા થોમા અને નાથાનિયેલ અને બીજા બે શિષ્યો પણ જોડાયા. માછલાં પકડવાની હોડી લઈને તેઓ સમુદ્રને કાંઠે માછલા પકડવા ગયાં. અને આખી રાત મહેનત કરી, પણ એકપણ માછલી પકડાઈ નહીં. દિવસ ઊગ્યો ત્યારે તેમણે સમુદ્રને કાંઠે એક માણસને ઊભો રહેલો જોયો. તે તો ઈસુ હતા, પણ તેઓ તેને ઓળખી શક્યા નહીં. જેમ એક મિત્ર બીજા મિત્રને બૂમ પાડે તેમ ઈસુએ તેમને મોટે સાદે કહ્યું કે, છોકરાઓ શું તમે કોઈ માછલી પકડી ખરી ? તેઓએ જવાબ આપ્યો કે ના.

### ચમત્કાર થયો :

ઈસુએ તેઓને કહ્યું કે હોડીની જમણી તરફ જાળ નાખો. એટલે તમને માછલી મળશે. શિષ્યોને એવો વિચાર આવ્યો હશે કે આપણે અહીં સમુદ્રમાં છીએ તો પણ માછલી દેખાતી નથી. તો ઈસુને ત્યાં દૂર કિનારા ઉપર ઊભા ઊભા શી રીતે માછલી દેખાતી હશે. પરંતુ યોહાનની નજર આ અજાણી વ્યક્તિને ઓળખી ગઈ. તેથી તેણે પિત્તરને કહ્યું કે આ તો પ્રભુ છે ! જ્યારે પિત્તરે સાંભળ્યું, એટલે તરત તેણે પોતાનો ડગલો પહેર્યો. અને ઈસુને મળવા માટે ઝડપથી કિનારા ઉપર ગયો. પરંતુ બાકીના 6 (છ) શિષ્યો હોડીમાં જ હતા. અને હલેસા

મારતા મારતા તેઓ કિનારા તરફ ગયાં. અને તેમની જાળ માછલીઓથી ભરાઈ ગઈ હતી. તેને પણ તેઓ ખેંચીને લઈ ગયા જ્યારે તેઓ કિનારા ઉપર આવ્યાં. ત્યારે તેમણે કોયલાંનો દેવતાં સળગતો અને તેનાં પર શેકેલી માછલી જોઈ અને રોટલી પણ જોઈ. હવે બધા જ શિષ્યોને ખબર પડી કે આ તો ઈસુ છે. ઈસુએ તેઓને કહ્યું કે જે માછલી તમે હમણાં પકડી છે તેમાંથી થોડીક તમે લાવો. એટલે પિત્તર માછલીઓથી ભરેલી જાળ તરફ ગયો. અને માછલીઓ ગણી તો 153 (એકસો ત્રેપન) મોટી માછલીઓ હતી. અને આ સિવાય બીજી નાની પણ માછલીઓ હતી. આટલી બધી માછલીઓ હોવા છતાં જાળ ફાટી ગઈ નહીં. ઈસુએ તેઓને કહ્યું કે, આવો નાસ્તો કરો. ઈસુએ તેમને રોટલી અને માછલી આપી અને આ સાત શિષ્યોએ પુનરુત્થાન પામેલા પ્રભુની સાથે નાસ્તો કર્યો. પુનરુત્થાન પામ્યા પછી ઈસુએ આ ત્રીજી વખત સમૂહ આગળ દર્શન આપ્યું અને કુલ સાત વખત ઈસુએ દર્શન દીધું. આ પ્રસંગ એવું દર્શાવે છે કે શિષ્યો ઈસુથી દૂર જતા રહેવા માંગતા હતા પણ ઈસુ તેમની પાછળ ગયા. આ રીતે ઈસુએ તેમને મૂકી દીધા નહીં પરંતુ ધીરજથી કામ લીધું.

**ખાલી જગ્યા પૂરો :**

1. ઈસુએ શિષ્યોને શું કરવાનું કહ્યું ? ..........................................
2. શિષ્યો શું કરતા હતા ? ..........................................
3. ઈસુએ આજ્ઞા કરી એટલે શું થયું ? ..........................................
4. સિમોન પિત્તરે શું કર્યું ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 32

# હબસી ખોજાએ સુવાર્તા સ્વીકારી

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રેરિતોના કૃત્યો 8:25-40

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને સમજાવો કે તેમને સાચા માર્ગે દોરવા માટે ઈશ્વર હંમેશા તેમને દોરવણી આપે છે.

**પાઠનું આયોજન**

**હબસી ખોજાની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 58:11

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### અમલદારનો ભેટો :

ફિલીપને ભાણાં પીરસવાની સેવા માટે નીમવામાં આવ્યો હતો. તે હંમેશા સુવાર્તા પ્રગટ કરતો અને ઘણાંઓને ખ્રિસ્ત પાસે દોરી લાવતો. એક વખત તે સમરૂનમાં સુવાર્તાનું કાર્ય કરી રહ્યો હતો. ત્યારે પ્રભુના દૂતે તેને કહ્યું કે, તું આ શહેરમાંથી નીકળીને દક્ષિણ તરફ આગળ જા અને યરૂશાલેમથી ગાઝા તરફ જે રસ્તો જાય છે તે રસ્તે આગળ વધ. આ રસ્તો ઉજ્જડ હતો. માર્ગમાં કોઈ ગામ કે લોકો દેખાતા ન હતા. પરંતુ ફિલીપ પ્રભુના વચનને આધીન થઈને આગળ વધ્યો. તેણે સમરૂન મૂક્યું અને દક્ષિણમાં ચાલવા લાગ્યો. એ અરણ્યનાં માર્ગે હતો ત્યારે તેણે એક રથ જોયો જેમાં શ્યામ રંગનો એક માણસ બેઠેલો હતો. જે પુસ્તક વાંચી રહ્યો હતો. તે માણસ આફ્રિકાના ઈથોપીયા પ્રાંતનો હતો. જે પ્રદેશ ઈજિપ્તની દક્ષિણે આવેલો છે. તે એક અમલદાર હતો અને ઊંચો હોદ્દો ધરાવનાર હતો. હબસીઓની રાણી કંદિકાના હાથ નીચે મોટો અમલદાર તથા તેના સઘળા ભંડારનો કારભારી હતો. તે યહુદીનો હતો. તેમ છતાં 1,000 (એક હજાર) કરતા વધારે માઈલની મુસાફરી કરીને રથ દ્વારા ઈશ્વરનું ભજન કરવા યરૂશાલેમ ગયો હતો. ભજન પૂરું કરીને તે પોતાના વતન પાછો જઈ રહ્યો હતો. અને રથમાં બેઠો બેઠો યશાયાહ પ્રબોધકનું પુસ્તક વાંચી રહ્યો હતો.

### ઈશ્વરે દોર્યો તેમ ફિલીપ ગયો :

આ શ્યામ માણસનો રથ નજરે પડ્યો, એટલે પ્રભુએ ફિલીપને કહ્યું કે, તું દોડીને રથની નજીક જા એટલે ફિલીપ દોડીને રથની સાથે થઈ ગયો. અને પેલા માણસને કહ્યું કે તું જે વાંચે છે તે તું સમજે છે શું ? અધિકારીએ જવાબ આપ્યો કે, કોઈકના સમજાવ્યા વગર હું શી રીતે સમજી શકું ? શું તું મને સમજાવશે ? જો એવું હોય તો

તું રથમાં આવીને મારી સાથે બેસ. તેથી ફિલીપ રથમાં ચઢ્યો. અને અધિકારી સાથે બેઠો. તે યશાયાનો 53 (ત્રેપન)મો અધ્યાય વાંચી રહ્યો હતો, જ્યાં એ પ્રમાણે લખવામાં આવ્યું છે કે, હલવાન વધ કરવા માટે લઈ જવામાં આવે છે. તેના જેવો, અને ઘેટી પોતાના કાતરનારની આગળ મૂંગી રહે છે, તેના જેવો તે હતો. તેણે પોતાનું મોં ઉઘાડ્યું જ નહીં. અને તેને જીવતાઓની ભૂમિ પરથી મારી નાખવામાં આવ્યો. આ શબ્દો યશાયાહ પ્રબોધકે આ પૃથ્વી પર આવ્યા અગાઉ ઈસુ માટે લખ્યા હતા. ફિલીપે હબસી ખોજાને ખ્રિસ્તની વાત વિગતવાર જણાવી. હબસી ખોજાએ વિશ્વાસ કર્યો અને પ્રભુને હૃદયમાં સ્વીકાર્યા.

**અમલદારનું બાપ્તિસ્મા :**

તેઓ વાતો કરતા કરતા એક જગ્યાએ આવ્યા જ્યાં પાણી હતું. અમલદારે કહ્યું કે જુઓ અહીં પાણી છે ! તો શું હું બાપ્તિસ્મા ન લઉં ? ફિલીપે કહ્યું કે જો તું પૂરા હૃદયથી વિશ્વાસ કરતો હોય તો તને બાપ્તિસ્મા આપી શકાય. તેણે ઉત્તર આપ્યો કે ઈસુ ખ્રિસ્ત દેવનો દીકરો છે એવો હું વિશ્વાસ કરું છું. પછી આ અમલદારે રથ ચલાવનારને કહ્યું કે થોભી જા. પછી ફિલીપ અને તે બન્ને જણ રથમાંથી નીચે ઉતરીને પાણીમાં ગયા અને ફિલીપે તેને બાપ્તિસ્મા આપીને ઈસુનો શિષ્ય બનાવ્યો. તેઓ પાણીની બહાર આવ્યા એટલે પ્રભુનો આત્મા ફિલીપને દૂર લઈ ગયો એટલે આ અમલદાર ફિલીપને ફરીથી જોઈ શક્યો નહીં, પણ તે આનંદ કરતો કરતો પોતાના વતનમાં પાછો ગયો. ફિલીપ ત્યારપછી સમુદ્રકાંઠે આવેલ બીજા શહેરમાં ગયો અને ત્યાં સુવાર્તા આપ્યા બાદ ઉત્તરના શહેરોમાં થઈને કૈસરિયા ગયો. કૈસરિયામાં તે ઘણા વર્ષો રહ્યો. ફિલીપ ઈશ્વરની દોરવણી પ્રમાણે ચાલનાર હોવાથી આત્મા જીતવામાં તે સફળ રહેતો હતો. જો આપણે ઈશ્વર ઉપર આધાર રાખનાર બનીએ તો ઈશ્વર આપણને માર્ગદર્શન આપશે.

**ખાલી જગ્યા પૂરો :**

1. પ્રભુના આત્માએ ફિલીપને શું કહ્યું ? ..........................................
2. અમલદાર શા માટે યરૂશાલેમ આવતો હતો ? ..........................................
3. ફિલીપે અમલદાર સાથે શી વાત કરી ? ..........................................
4. તેથી તેનામાં શું ફેરફાર આવ્યો ? ..........................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 33**

# શાઉલનું બદલાણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રે.કૃ. 9:1-19

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે ઈશ્વર ગમે તેવી વ્યક્તિનું હૃદય અને જીવન બદલી શકે છે.

**પાઠનું આયોજન**

**શાઉલના બદલાણની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યર્મિયા 18:6

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### શાઉલ અને તેની યોજના :

શાઉલ એક નવયુવાન, જેણે સ્તેફનને મારી નાખવામાં ભાગ ભજવ્યો હતો અને ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરનાર લોકોને જેણે દૂર દૂર સુધી વિખેરી નાખ્યા હતા તે હજુ સુધી સુવાર્તાનો કટ્ટર શત્રુ હતો. તેના સાંભળવામાં આવ્યું કે જે લોકોને તેણે નસાડી મૂક્યા હતા તેમાંના કેટલાક યરૂશાલેમથી નાસીને દમસ્ક ગયા હતા. દમસ્કનગર યહુદી પ્રાંતની બહારનો વિસ્તાર હતો જે ઉત્તર દિશામાં આવેલ હતો. શાઉલે સાંભળ્યું કે તેઓ દમસ્કની અંદર રહીને ખ્રિસ્તનું શિક્ષણ લોકોને સમજાવે છે. શાઉલે નક્કી કર્યું કે દમસ્કમાંના આ નવા કાર્ય અને નવી મંડળીનો નાશ કરવો જે રીતે તેણે યરૂશાલેમની મંડળીમાં કર્યું હતું તેમ જ દમસ્કની મંડળીમાં પણ કરવું. તેથી શાઉલ પ્રમુખ યાજક પાસે ગયો અને આ લોકોને પકડવા માટેની મંજૂરી માંગીને મંજૂરીપત્ર મેળવ્યો જેથી તે લોકોની ધરપકડ કરી શકે. શાઉલે જે પ્રમાણે માંગણી કરી તે પ્રકારના મંજૂરીપત્રો પ્રમુખ યાજકે શાઉલને આપ્યા, એટલે શાઉલે દમસ્ક જવા માટે યુવાનોની એક ટીમ તૈયાર કરી. ઘોડા કે અન્ય પ્રાણી પર બેસીને દમસ્કની મુસાફરી કરતા દસ દિવસ લાગતા હતા. આ દસ દિવસ દરમિયાન દમસ્કના રસ્તે જતા જતા શાઉલને ખ્રિસ્ત વિશે અને સુવાર્તા વિશે મનોમંથન કરવાનો પૂરતો સમય મળ્યો. સ્તેફનનો ચળકતો ચહેરો ફરીથી તેના મનમાં ઉપસી આવ્યો, અને સ્તેફને મરતાં મરતાં બોલેલા શબ્દો યાદ આવ્યા. શાઉલે એ પણ વિચાર્યું કે ઈસુના અનુયાયીઓ પ્રેમથી, ધીરજથી અને શાંતિથી દુઃખો ઉઠાવે છે અને અન્યાય સહન કરે છે. શાઉલના હૃદયમાં ઊંડે ઊંડે એક લાગણી ઉત્પન્ન થઈ જેને તે ખાળી શક્યો નહીં અને તેને મનોમન લાગ્યું કે ખ્રિસ્તની સુવાર્તા સાચી છે; અને તેનો વિરોધ કરવો તે મારું એક દુષ્ટ કૃત્ય જ છે. આમ છતાં તે તો આગળ અને આગળ વધી રહ્યો હતો. અને દમસ્કમાંની ખ્રિસ્તની મંડળીનો નાશ કરવાના એકમાત્ર ઈરાદાથી તેણે મુસાફરી ચાલુ જ રાખી.

**શાઉલનો ઈશ્વર સાથે ભેટો :**

આખરે શાઉલ દમસ્કની ખૂબ જ નજીક આવી પહોંચ્યો. એકાએક, ભરબપોરે આકાશમાંથી વીજળીના જેવો ભારે પ્રકાશ ઝબૂક્યો જે સૂર્યના તેજ કરતાં પણ વધારે તેજસ્વી હતો. આ ભારે પ્રકાશથી તેની આંખો અંજાઈ ગઈ અને તે કંઈપણ જોઈ ન શક્યો પણ ભોંય પર પડી ગયો. પ્રકાશની અંદર તેણે એક એવી વ્યક્તિને જોઈ જેને તેણે અગાઉ કદી જોઈ ન હતી. વળી, તેણે એક વાણી એમ બોલતી સાંભળી કે, ‘‘શાઉલ, શાઉલ તું મને કેમ સતાવે છે ?’’ શાઉલે જવાબ આપ્યો કે, ‘‘પ્રભુ તું કોણ છે ?’’ એટલે તેને જવાબ મળ્યો કે હું ઈસુ છું જેને તું સતાવે છે ! ત્યારે આશ્ચર્ય સાથે શાઉલ સતેજ થયો અને ધ્રૂજતો ધ્રૂજતો કહેવા લાગ્યો કે પ્રભુ હું શું કરું ? તારી શી ઈચ્છા છે ? પ્રભુએ તેને કહ્યું કે ઊઠ, અને શહેરમાં જા અને તારે શું કરવું તે તને કહેવામાં આવશે. શાઉલની સાથે જે લોકો હતા તેઓને આ બાબતથી આશ્ચર્ય થયું કેમકે તેઓએ પ્રકાશ જોયો ખરો તેમજ વાણી પણ સાંભળી પણ કોઈ વ્યક્તિ કે ચહેરો તેમના જોવમાં ન આવ્યો અને તેમની સાથે વાતચીત પણ ન થઈ; કેમકે ખ્રિસ્તનું સંદર્શન કેવળ શાઉલને જ થયું. ઈશ્વર સાથે ભેટો કેવળ શાઉલને જ થયો. તેના સાથીઓએ શાઉલને ભોંય પરથી ઉઠાડ્યો અને ખબર પડી કે પ્રકાશને કારણે તેની આંખો આંધળી બની ગઈ છે. તેઓ તેને દોરીને શહેરમાં લઈ ગયા કારણકે આંધળો બની જવાથી તે જાતે ચાલી શકે તેમ ન હતો. શહેરની અંદર તેઓ તેને યહુદીયાના ઘરમાં લઈ ગયા જ્યાં શાઉલ ત્રણ દિવસ સુધી રોકાયો, અને આ ત્રણ દિવસ દરમિયાન તે શારીરિક અને માનસિક ભારે વેદનામાંથી પસાર થયો. તે કંઈપણ જોઈ ન શક્યો અને તેણે કંઈ જ ખાધું પીધું નહીં. અંધકારની અંદર જ તે ઈશ્વરને પ્રાર્થના કરતો હતો.

**શાઉલનો અનાન્યા સાથે ભેટો :**

હવે દમસ્ક શહેરમાં ઈસુ ખ્રિસ્તનો એક શિષ્ય રહેતો હતો જેનું નામ અનાન્યા હતું. તે ભલો માણસ હતો અને જેઓ તેને ઓળખતા હતા તે બધા જ તેને માન આપતા હતા. આ અનાન્યાની સાથે પ્રભુએ વાત કરી અને તેને નામ દઈને કહ્યું કે ‘‘અનાન્યા’’ ત્યારે તેણે ઉત્તર આપ્યો કે પ્રભુ હું આ રહ્યો. પ્રભુએ અનાન્યાને કહ્યું કે તું ઊભો થા અને પાધરા નામના રસ્તે જા અને યહુદીયાનું ઘર શોધી કાઢ કેમકે તે ઘરમાં તને તાર્સસનો શાઉલ નામે એક વ્યક્તિ મળશે; જે પ્રાર્થના કરી રહ્યો છે અને શાઉલે સંદર્શનમાં જોયું છે કે અનાન્યા નામે એક વ્યક્તિ તેના રૂમની અંદર આવીને તેના માથે હાથ મૂકીને તેની દૃષ્ટિ પાછી આવે માટે પ્રાર્થના કરે છે. ઈશ્વરની આ આજ્ઞા સાંભળીને અનાન્યાને આશ્ચર્ય થયું. અનાન્યાએ જવાબ આપ્યો કે પ્રભુ મેં તો ઘણા બધાના મોંએ સાંભળ્યું છે કે આ શાઉલે તો યરૂશાલેમમાંના તારા સંતોને ઘણું બધું દુઃખ દીધું છે અને જેઓ તારું નામ લે છે તેઓને બાંધીને લઈ જવા માટે તેણે પ્રમુખ યાજક પાસેથી પરવાના મેળવ્યા છે ! શું આવા માણસની હું મુલાકાત કરું ? પણ પ્રભુએ અનાન્યાને કહ્યું કે તું ચાલ્યો જા કેમકે વિદેશીઓ, રાજાઓ તથા ઈસ્રાએલપુત્રોની આગળ મારું નામ પ્રગટ કરવા સારું એ મારું પસંદ કરેલું પાત્ર છે. કેમકે મારા નામને લીધે તેને કેટલું બધું દુઃખ સહન કરવું પડશે એ હું તેને દેખાડીશ. ત્યારે અનાન્યા ચાલ્યો ગયો, અને તે ઘરમાં પેઠો; અને તેના પર હાથ મૂકીને કહ્યું કે, ભાઈ શાઉલ, પ્રભુ એટલે ઈસુ, જે તને માર્ગમાં આવતા દેખાયો, તેણે તું દેખતો થાય, અને પવિત્ર આત્માથી તું ભરપૂર થાય, માટે મને મોકલ્યો છે. હવે તું વધુ લાંબો સમય રાહ જોઈશ નહીં પણ ઊભો થા, અને બાપ્તિસ્મા લે. અને તારે મોંઢે ઈસુનું નામ લે. જે તારા પાપ ધોઈ નાખશે.

**શાઉલનું બદલાણ :**

એટલે એવું થયું કે, તેની આંખો પરથી તત્કાળ છાલાં જેવું કંઈ ખરી પડ્યું, એટલે તે દેખતો થયો; અને ઊઠીને તે બાપ્તિસ્મા પામ્યો. તેણે ભોજન કર્યું. એટલે તેને શક્તિ આવી. ઈસુ ખ્રિસ્તના શિષ્યોને પકડવા માટે તે દમસ્ક ગયો હતો, પરંતુ તેનું બદલાણ થયું એટલે તે દમસ્કમાંના શિષ્યોની સાથે રહેવા લાગ્યો. હવે તે દુશ્મન નહીં ભાઈ બન્યો. દમસ્કમાં આવેલ યહુદીઓના સભાસ્થાનમાં એ ગયો અને પ્રચાર કરવા લાગ્યો કે ઈસુ ખ્રિસ્ત દેવનો દીકરો છે. જેમણે આ સાંભળ્યું તેમને નવાઈ લાગી. તેઓ સર્વ વિસ્મય પામીને બોલ્યા કે, જેણે ઈસુના નામની પ્રાર્થના કરનારાઓનો યરૂશાલેમમાં ઘાણ વાળ્યો, અને તેઓને બાંધીને મુખ્ય યાજકોની પાસે લઈ જવા માટે અહીં આવ્યો છે તે શું એ નથી ? પણ શાઉલમાં વિશેષ બળ આવતું ગયું અને ઈસુ તે જ ખ્રિસ્ત છે, તેના પ્રમાણો આપીને તેણે દમસ્કમાં રહેનારાઓને ગૂંચવી નાખ્યા. શાઉલ લાંબો સમય દમસ્કમાં રોકાયો નહીં. થોડા સમય પછી તેણે તે શહેર છોડી દીધું અને ત્યાંથી નીકળીને અરણ્યમાં એકાંત સ્થળે ગયો. અને ત્યાં એકાદ વર્ષ રોકાયો. તે સમય દરમિયાન તે સુવાર્તા પર મનન કરતો અને પ્રભુ પાસેથી એકાંતમાં શીખતો. આ રીતે મંડળીનો નાશ કરનાર વ્યક્તિનું ચમત્કારિક રીતે બદલાણ થયું અને તે હવે મંડળી તોડનાર નહીં પણ મંડળી બાંધનાર બન્યો.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે શાઉલ દમસ્ક ગયો ? ..................................................
2. રસ્તામાં શું બન્યું ? ..................................................
3. ઈશ્વરે અનાન્યાને શું કહ્યું ? ..................................................
4. શાઉલમાં કયા ફેરફાર આવ્યા ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 34

# શાઉલની મંડળી સાથે સંગત

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રેરિતોના કૃત્યો 9:26-28

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને ઉત્તેજન આપો કે તેઓ બાર્નાબાસની જેમ શાંતિ કરાવનારા બને.

**પાઠનું આયોજન**

**શાઉલ મંડળીમાં એ વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 5:9

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### શાઉલ યરૂશાલેમની મંડળીમાં :

શાઉલનું બદલાણ થયા પછી, અને અરણ્યમાં થોડો સમય રોકાયા પછી, તે યરૂશાલેમમાં પાછો આવ્યો. ત્રણ વર્ષ અગાઉ તે અહીંથી દુશ્મન તરીકે ગયો હતો. પરંતુ હવે તે ખ્રિસ્તના અનુયાયી તરીકે પાછો આવ્યો, જ્યારે શાઉલે યરૂશાલેમના વિશ્વાસીઓ સાથે જોડાવવાની ઈચ્છા દર્શાવી. ત્યારે બધા લોકોને તેનો ડર લાગ્યો. કારણકે જે વ્યક્તિ તેમનો કટ્ટર દુશ્મન હતો, તે ઈસુનો મિત્ર બન્યો હોય તે વાત માનવા તેઓ તૈયાર ન હતા. આવી વ્યક્તિને તેઓ સ્વીકારવા માગતા ન હતા. કારણકે તેમણે વિચાર્યું કે, તે કદાચ જાસૂસ બનીને આવ્યો હશે. તેમણે એ પણ વિચાર્યું કે, આ સમાચાર યહુદી આગેવાનોના કાને પહોંચશે એટલે આપણા જીવ જોખમમાં મૂકાશે. સ્તેફનને મારી નાખવાને કારણે, જે ભય તેમનામાં હતો તે હજુ ઓછો થયો ન હતો. શાઉલનો સ્વીકાર કરવા માટે કોઈએ પહેલ કરી નહીં. તેથી શાઉલ ખૂબ જ ગૂંચવાઈ ગયો અને દ્વિધામાં મૂકાયો. તે મુશ્કેલ ક્ષણોમાં પડ્યો અને કોઈક તેને સ્વીકારવા આગળ આવે છે કે કેમ તે અંગે રાહ જોવા લાગ્યો.

### શાઉલની ઓળખાણ :

પછી બાર્નાબાસ જેણે પોતાની મિલ્કત વેચીને મંડળીને આપી હતી તેણે શાઉલ પર વિશ્વાસ કર્યો, કેમકે તેણે શાઉલના બદલાણની વાત ગંભીરતાથી લીધી. બાર્નાબાસ શાઉલને પિત્તર પાસે લઈ ગયો, અને પિત્તર આગળ શાઉલની ઓળખાણ કરાવતાં કહ્યું કે કેવી રીતે તેને માર્ગમાં ઈસુનું દર્શન થયું; તેમજ તેણે કેટલી હિંમતથી દમસ્કમાં પ્રચાર કર્યો. શાઉલનો સ્વીકાર કરતાં બાર્નાબાસ સહેજે ગભરાયો નહીં અને તેણે

વિશ્વાસીઓને ઉત્તેજન આપ્યું કે તેઓ શાઉલનો સ્વીકાર કરે. પછી પિત્તરે શાઉલનો હાથ પકડ્યો અને તેને ઈસુના શિષ્ય તરીકે સ્વીકાર્યો. શાઉલ થોડાં અઠવાડિયા સુધી યરૂશાલેમમાં રોકાયો, અને યહુદીઓના સભાસ્થાનમાં જઈને પ્રચાર કર્યો. જેમ સ્તેફને અગાઉ આ જ રીતે જઈને પ્રચાર કર્યો હતો કે ઈસુ કેવળ યહુદીઓ માટે જ નહીં, પણ વિદેશીઓ માટે પણ છે તે જ બાબત શાઉલે પણ પ્રચાર કરી. (જે યહુદી ન હોય તે બધા જ યહુદીઓની દષ્ટિમાં વિદેશી હતા) આમ બાર્નાબાસે શાઉલ અને મંડળી વચ્ચે શાંતિ સ્થાપવાનું કામ કર્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. શાઉલે મંડળીમાં જોડાવાની વાત કરી તો શું થયું? ..............................................
2. તેને સ્વીકારવા શા માટે વિશ્વાસીઓ ગભરાયા? ..............................................
3. શાંતિ સ્થાપવા કોણે પ્રથમ પગલું ભર્યું અને કેવી રીતે? ..............................................
4. પાછળથી શાઉલે .............................................................. કર્યું.
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 35**

# પિત્તરનો જેલમાંથી બચાવ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પ્રેરિતોનાં કૃત્યો 12:1-19

**પાઠનો ઉદ્દેશ :** જેઓ મુશ્કેલીમાં છે તેઓને માટે વિશ્વાસથી પ્રાર્થના કરવાનું બાળકોને શીખવો.

**પાઠનું આયોજન**

**પિત્તરનો જેલમાંથી બચાવ તે વાર્તા શીખવો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** ગીતશાસ્ત્ર 27:5

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### પિત્તરની ધરપકડ :

ઘણા સમય પહેલા હેરોદ નામનો એક રાજા થઈ ગયો. જે ઈસ્રાએલના એક ભાગ ઉપર રાજ કરતો હતો. યરૂશાલેમમાંના યહુદીઓને ખુશ કરવા માટે તેણે યાકૂબને પકડ્યો. ઈસુની નિકટ રહેનારા ત્રણ પ્રેરિતોમાંનો એક યાકૂબ હતો. તેની ચોકી કરનારા ચોકીદારોને સૂચના આપી કે, તમારે યાકૂબને તલવારથી મારી નાખવો. હેરોદે જોયું કે આવું કરવાથી મુખ્ય યાજક અને આગેવાનો ખૂબ જ ખુશ થયાં. તેથી તેણે સિમોન પિત્તરને પણ પકડ્યો. અને જેલખાનામાં નાખ્યો ને તેને સાચવવા માટે સોળ સૈનિકો નીમ્યા. અને ચાર સૈનિકો સતત તેના પર દેખરેખ રાખતા હતાં. પરંતુ મંડળી પિત્તરને માટે આગ્રહથી પ્રાર્થના કરતી હતી.

### પ્રભુના દૂતે પિત્તરને છોડાવ્યો :

જે દિવસે પિત્તરને મારી નાખવાનો હતો, તેની આગલી રાત્રે તે સાંકળોથી બાંધેલો જેલની અંદર ઘસઘસાટ ઊંઘતો હતો. અને ચોકીદારો ચોકી પહેરો કરી રહ્યા હતા. રાત્રે જેલની અંદર એકાએક જ પ્રકાશ ઝબૂક્યો અને જે ભાગમાં પિત્તર હતો ત્યાં પ્રભુનો દૂત હાજર થયો. દૂતે પિત્તરને કૂખમાં મારીને જગાડ્યો. અને કહ્યું કે ઝડપથી ઊભો થા. પિત્તર ઊભો થઈને ચાલવા લાગ્યો. એટલે તેની સાંકળો આપોઆપ ખુલી ગઈ અને તે બંધનમુક્ત થઈ ગયો. દૂતે પિત્તરને કહ્યું કે, તારી કમર બાંધ અને પગમાં ચંપલ પહેર. પિત્તરે તે પ્રમાણે કર્યું પરંતુ પિત્તરને એમ હતું કે આ બધું સ્વપ્નમાં થઈ રહ્યું છે. ત્યારપછી પિત્તર અને દૂત આગળ ચાલીને પહેલી

ચોકીથી બહાર ગયા. પછીથી બીજી ચોકીની બહાર ગયા. પરંતુ તેમને કોઈએ રોક્યા નહીં. ત્યારપછી તેઓ જેલના મુખ્ય દરવાજાએ પહોંચ્યા જે લોખંડનો હતો. ખૂબ જ મોટો હતો, પરંતુ આ દરવાજો આપોઆપ જ ખુલી ગયો. જાણે કોઈ અજાણ્યા હાથીએ ખોલ્યો ન હોય. તેઓ જેલની બહાર જ નીકળ્યા અને શહેરની અંદર ચાલવા લાગ્યો. પછી પેલો દૂત પિત્તરને મૂકીને ઝડપથી અદશ્ય થઈ ગયો, જેટલી ઝડપથી પિત્તરની પાસે આવ્યો હતો; તેટલી જ ઝડપથી તે અદશ્ય થઈ ગયો. હવે પિત્તર ઊંઘમાંથી બરાબર જાગી ગયો હતો અને તેને ખાત્રી થઈ કે પ્રભુએ તેનાદૂતને મોકલીને મને જેલમાંથી એટલે હેરોદની સત્તામાંથી છોડાવ્યો છે.

**પિત્તરની વિશ્વાસીઓ સાથે મુલાકાત :**

શું કરવું અને ક્યાં જવું તે અંગે પિત્તરે વિચાર કર્યો અને પછી તે મરિયમ નામની સ્ત્રીના ઘરે ગયો. મરિયમના ઘરમાં ઘણા બધા લોકો એકઠા મળીને પિત્તર માટે પ્રાર્થના કરી રહ્યા હતા. પિત્તરે આ ઘરે પહોંચીને દરવાજો ખટખટાવ્યો. અવાજ સાંભળીને રોદા નામની એક દાસી દરવાજો ખોલવા બહાર આવી. તેણે પિત્તરનો અવાજ સાંભળ્યો. અને એટલી બધી ખુશ થઈ ગઈ કે, તે દરવાજો ખોલવાનું પણ ભૂલી ગઈ અને ઘરમાં પાછી જઈને બધા લોકોને જણાવ્યું કે, પિત્તર આવીને બારણા આગળ ઊભો છે. આ સાંભળીને બધાએ કહ્યું કે તું ગાંડી થઈ ગઈ છે. તેણે કહ્યું કે પિત્તર ખરેખર આવ્યો છે, ને મેં તેનો અવાજ સાંભળ્યો છે. પછી તેઓએ કહ્યું કે, પ્રભુનો દૂત પિત્તરનું સ્વરૂપ લઈને આવ્યો હશે. આ તરફ પિત્તરે બારણું ખટખટાવવાનું ચાલુ રાખ્યું. અને છેવટે તેઓએ બારણું ખોલ્યું તો પિત્તરને જોઈને તેઓને આશ્ચર્ય થયું. પિત્તરે તેઓને બધી વાત જણાવી, અને પ્રભુએ કેવી રીતે જેલમાંથી છોડાવ્યો તે કહી સંભળાવ્યું. પિત્તરે તેઓને કહ્યું કે બીજા પ્રેરિતો જેવો અહીંયા નથી તેઓને પણ જાણ કરો.

**જેલમાં ગૂંચવણ :**

પછી પિત્તર એવા સ્થળે ગયો, જ્યાં હેરોદ કે તેના માણસો તેને શોધી શકે નહીં. સવાર પડી એટલે જેલના સિપાઈઓ પિત્તરની વાત જાણીને ધ્રૂજી ગયા. હેરોદ રાજાએ પિત્તરની શોધ કરી અને ગુસ્સામાં આવીને હુકમ કર્યો કે, જેલના ચોકીદારોને મરણદંડ કરો. આ બાબતના થોડાક સમય પછી હેરોદ એકાએક મરણ પામ્યો. તેથી ઘણા લોકોએ માન્યું કે ઈશ્વરનો કોપ આવવાથી તે મરણ પામ્યો છે. આ રીતે હેરોદ મરણ પામ્યો. પરંતુ પિત્તર જેને તે મારી નાખવા માગતો હતો તે ઘણા વર્ષો જીવ્યો અને ખ્રિસ્ત માટે કાર્ય કર્યું. મંડળી પિત્તર માટે વિશ્વાસથી પ્રાર્થના કરતી હતી. તેથી આ ચમત્કાર બન્યો. આ જ રીતે આપણી પ્રાર્થનાઓ સાંભળીને ઈશ્વર ચમત્કારો કરે છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. હેરોદે શા માટે પિત્તરની ધરપકડ કરી ? ..................................................
2. જેલમાં શું બન્યું ? ..................................................
3. પિત્તર બારણું ખટખટાવતો તો ત્યારે ઘરની અંદરના વિશ્વાસીઓએ શું વિચાર્યું ? ..................
4. જેલની અંદર શું પરિણામ આવ્યું ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 36**

# ફિલેમોન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** ફિલેમોન 1 અધ્યાય

**પાઠનો ઉદ્દેશ :** બાળકોને શીખવો કે જેમ ઈશ્વરે માફી આપી તેમ આપણે બીજાઓને માફ કરીએ.

**પાઠનું આયોજન**

**ફિલેમોનની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 6:14-15

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### ફિલેમોનનો ઉદ્ધાર :

ફિલેમોન નામે એક માણસ હતો, તે જે શહેરમાં રહેતો હતો તે શહેરમાં એક દિવસ પાઉલ ઈસુની સુવાર્તા જણાવવા ગયો હતો. પાઉલ જે લોકોના ટોળાને સુવાર્તા જણાવી રહ્યો હતો તે ટોળામાં ફિલેમોન પણ હાજર હતો. પાઉલે જે કહ્યું તે ફિલેમોને વિશ્વાસથી સ્વીકાર્યું. ઈસુ વિશે જણાવતા પાઉલે કહ્યું કે ઈસુ પર વિશ્વાસ કરવાથી તારણ પ્રાપ્ત થાય છે. પાઉલે ઈસુના જન્મ, જીવન, મરણ અને પુનરુત્થાનની વાત જણાવી. ફિલેમોને વિશ્વાસ કર્યો અને તે પાઉલનો તેમજ ઈસુનો મિત્ર બન્યો. પછી પાઉલ અન્ય સ્થળે પ્રચાર કરવા ગયો.

### ઓનેસિમસ નાસી ગયો :

ફિલેમોન પાસે એક ગુલામ હતો જે ફિલેમોનની ચાકરી કરતો હતો, તેનું નામ ઓનેસિમસ હતું. તે ફિલેમોનનું બધું જ કામ વ્યવસ્થિત કરતો હતો, અને થોડાં વર્ષો સુધી તેણે વિશ્વાસુપણે ફિલેમોનની ચાકરી કરી. ગુલામો રાખવાની પ્રથા તે દિવસોમાં સર્વસામાન્ય હતી. ગરીબ લોકોને બજારમાં વેચી દેવામાં આવતા હતા. ધનવાન લોકો આ ગરીબોને બજારમાંથી ખરીદી જતા અને તેમને ગુલામ તરીકે ઘરમાં કામકાજ કરાવતા હતા. ઓનેસિમસ આવો જ એક ગુલામ હતો, જેને ફિલેમોને ગુલામ તરીકે ખરીદ્યો હતો. એક દિવસ ઓનેસિમસે ફિલેમોનના ઘરમાંથી કશુંક ચોરી લીધું. ફિલેમોનને આ વાતની ખબર પડી એટલે ઓનેસિમસ નાસી ગયો. આવા સંજોગોમાં ગુલામને તેનો માલિક ગમે તે સજા કરે, અને કોઈ કંઈ કહી શકે નહીં તેવી પ્રથા હતી. તેથી તેના માલિક ફિલેમોનથી બચવા માટે આ ગુલામ ઓનેસિમસ તેના ઘરમાંથી નાસી ગયો. પાછળથી તે પકડાઈ ગયો એટલે તેને જેલમાં પૂરવામાં આવ્યો. પાઉલ પણ આ જ જેલમાં હતો તેથી બન્ને જણની મુલાકાત જેલમાં થઈ.

**પાઉલ સાથે મુલાકાત :**

જેલમાં પાઉલે ઓનેસિમસને પૂછ્યું કે તું અહીં કેવી રીતે આવ્યો છે એટલે તેણે બધી વાત જણાવી. ચોરી કરી હોવાથી મારે નાસી જવું પડ્યું તે વાત પણ તેણે જણાવી. પાઉલે ઓનેસિમસ સાથે સુવાર્તાની વાતચીત કરી. પાઉલે તેને કહ્યું કે, ''તું મારા માલિકની સેવા કરવા તૈયાર છે ?'' ''હું મારા પ્રભુની સેવા કરું છું જે મારો માલિક છે.'' પાઉલે ઓનેસિમસને વિગતવાર જણાવ્યું કે ઈશ્વર લોકોને તેમના સઘળા પાપ, અન્યાય અને ભૂલો માફ કરે છે. ઓનેસિમસ ઈસુનો મિત્ર બન્યો. ઈસુ પર વિશ્વાસ કરીને તે પ્રભુ ઈસુનું સંતાન બન્યો. પછી પાઉલે તેને સલાહ આપી કે તું તારા માલિક પાસે પાછો જા જેના ઘરમાંથી તું નાસીને નીકળી ગયો છે.

**ફિલેમોન પાસે પરત :**

પાઉલ જાણતો હતો કે ઓનેસિમસે ફિલેમોન સાથે બધું વ્યવસ્થિત કરવાનું છે. આ તરફ ઓનેસિમસે પાઉલને કહ્યું કે હું પાછો જવા માંગતો નથી કારણકે મારો માલિક હજી પણ મારા ઉપર ગુસ્સે થશે. પાઉલે તેને કહ્યું કે તું ચિંતા ન કર, મને ખાત્રી છે કે તે તને માફી આપશે. હું એક પત્ર ફિલેમોન ઉપર લખીને તારી સાથે મોકલીશ જેમાં હું લખીશ કે તારી અંદર ફેરફાર આવી ગયો છે, અને તને જૂની બાબતોનું દુઃખ છે, તેથી ઓનેસિમસ ફિલેમોન પાસે પાછો ગયો.

ઓનેસિમસને દૂરથી આવતો જોઈને ફિલેમોન ગુસ્સે થયો અને લાલપીળો થઈને તેને મારવાની તૈયારી કરતો હતો. પણ ધ્રૂજતા હાથે અને બીક સાથે ઓનેસિમસે પેલો પત્ર તેના માલિકને આપ્યો. પાઉલનો લખેલો આ પત્ર વાંચીને ફિલેમોનનો ગુસ્સો દૂર થઈ ગયો અને તેણે ઓનેસિમસને માફી આપી. તે સમજી ગયો કે જેમ ઈશ્વર માફી આપે છે તે જ રીતે મારે ઓનેસિમસને માફી આપવાની છે. ત્યારબાદ તેને તેના ઘરમાં એક ભાઈ તરીકે રાખ્યો. આમ બીજાઓને માફી આપવી અને આપણા હૃદયમાં તેમના પ્રત્યે ગુસ્સો ન રાખવો તે જરૂરી છે.

**ખાલી જગ્યા પૂરો :**

1. ફિલેમોનના જીવનમાં કયો ફેરફાર આવ્યો ? ......................................
2. શા માટે ઓનેસિમસ નાસી ગયો ? ......................................
3. ઓનેસિમસનું બદલાણ કેવી રીતે થયું ? ......................................
4. ઓનેસિમસ પાછો આવ્યો ત્યારે શું બન્યું ? ......................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ......................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 37**

# પ્રેરિત યાકૂબનું મરણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પાઠને અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** અંત સુધી ઈશ્વરની સેવા વિશ્વાસુપણે કરવા બાળકોને ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**યાકૂબનું મરણની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યોહાન 17:24

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### યાકૂબ નામનો માણસ :

પ્રભુ ઈસુના બાર શિષ્યોમાંના એકનું નામ યાકૂબ હતું, જે ઝબદીનો દીકરો અને તેના ભાઈનું નામ યોહાન હતું. યાકૂબ અને યોહાન બન્ને ભાઈઓ અને પિત્તર એ ત્રણે જણને પ્રભુ ઈસુની સાથે ઘણા બધા પ્રસંગોએ સાથે રહેવાનો લ્હાવો મળ્યો હતો, જેમકે રૂપાંતરના પહાડ ઉપર, પિત્તરની સાસુને તાવમાંથી ઊઠાડવામાં આવી, યાઈરની દીકરીને સાજી કરવામાં આવી તેમજ ઈસુના મરણની આગલી રાત્રે ગેથસેમાને વાડીમાં જાગતા રહીને પ્રાર્થના કરતી વખતે ઈસુએ બીજા શિષ્યોને નહીં પણ આ ત્રણને પોતાની સાથે રાખ્યા હતા. બીજા શિષ્યો જેઓ માછીમારમાંથી ઈસુના શિષ્યો બન્યા હતા તેમની સરખામણીમાં આ લોકોનો એટલે યાકૂબ અને યોહાનનો સામાજિક દરજ્જો વિશેષ ઊંચો હતો. તેમના પિતા આર્થિક રીતે સમૃદ્ધ હોવાથી માછીમારીના કામ માટે નોકર ચાકર ભાડે રાખતા હતા. યોહાનને મુખ્ય યાજક સાથે સંપર્ક હતો (યોહાન 18:15). આ બે ભાઈઓના નામ ઈસુએ ''ગર્જનાના દીકરા'' પાડ્યું હતું, કદાચ એટલા માટે કે તેઓનો સ્વભાવ ગુસ્સાવાળો હતો (હોટ ટેમ્પર્ડ) અને ઉતાવળિયા સ્વભાવના પણ હતા. આ અંગેના બે પ્રસંગો સુવાર્તામાં નોંધેલા જોવા મળે છે. એક પ્રસંગ એ કે ઈસુ અને શિષ્યો સમરૂનમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સમરૂનીઓએ તેઓને આવકાર્યા નહીં તે પ્રસંગે યાકૂબ અને યોહાન ઈસુને કહે છે કે પ્રભુ તમે આકાશમાંથી અગ્નિ વરસાવીને આ લોકોનો નાશ કરો. બીજા એક પ્રસંગે તેઓ ઈસુને કહે છે કે તમે તમારા રાજ્યમાં

અમને ખાસ માનવાળું અને પ્રથમ દરજ્જાનું સ્થાન આપજો પણ ઈસુએ તેઓને સમજાવ્યું કે ઈસુને માટે દુઃખ ઉઠાવવું તે સિવાય વધારે માનવાળું સ્થાન અને પ્રથમ દરજ્જાનું સ્થાન એકે નથી.

**તેનું મરણ :**

આખરે, ઈ.સ. 42ની સાલમાં પાસ્ખાપર્વની પહેલાં (પ્રે.કૃ. 12) હેરોદ અગ્રીપા રાજાના હુકમથી યાકૂબનું માથું કાપી નાખવામાં આવ્યું. બાર શિષ્યોની અંદર યાકૂબ એ પ્રથમ શહીદ છે અને બાર શિષ્યોમાં કેવળ યાકૂબના મરણની વાત જ નવા કરારમાં નોંધવામાં આવી છે. નવા કરારમાં યાકૂબ નામની બીજી વ્યક્તિઓથી અલગ કરવા આ યાકૂબને યોહાનનો ભાઈ યાકૂબ એ રીતે અથવા મોટા યાકૂબ એ રીતે સંબોધન કરવામાં આવ્યું છે. એમ માનવામાં આવે છે કે તેણે સ્પેનમાં મિશનરી મુસાફરી કરી અને તેના મરણ પછી તેને સ્પેન લઈ જવામાં આવ્યો અને ત્યાં દફન કરવામાં આવ્યો. સ્પેનમાં જે સ્થળને તેના દફનના સ્થળ તરીકે ઓળખવામાં આવે છે તે સ્થળે ઘણા બધા યાત્રાળુઓએ યાત્રા કરીને મુલાકાત લીધી છે. આમ, ઈશ્વરની સેવા વિશ્વાસુપણે કરીને તે મરણ પામ્યો. તેને મરણની બીક ન હતી અને તેણે વિશ્વાસનો ત્યાગ કર્યો નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. યાકૂબ કેવી વ્યક્તિ હતો ? ..........................................................
2. ઈસુએ તેને કયું નામ આપ્યું ? ..........................................................
3. યાકૂબને કોણે મારી નાખ્યો ? ..........................................................
4. તેણે ક્યાં સેવા કરી ? ..........................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..........................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

**પાઠ - 38**

# પ્રેરિત પિત્તરનું મરણ

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** સ્વનકાર કરી ઈશ્વરની પાછળ ચાલવા બાળકોને ઉત્તેજન આપો.

**પાઠનું આયોજન**

**પિત્તરના મરણની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** માથ્થી 17:24-25

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### પિત્તર નામનો માણસ :

એમ કહેવામાં આવે છે કે પ્રેરિત પિત્તર દૂબળો અને પાતળો વ્યક્તિ હતો. તેની ઊંચાઈ મધ્યમ હતી એટલે વધારે ઊંચો ન હતો અને તેનો દેખાવ રતુમડો ગોરા રંગનો હતો. એમ પણ કહેવામાં આવે છે કે તેની દાઢી ટૂંકી, ઘાટી અને વાંકોડીયા વાળની હતી. ભમર પાતળા હતાં અથવા એમ કહીએ કે ભમર ન હતાં તો પણ ચાલે. પિત્તરની આંખો કાળી હતી પણ વારંવારના રડવાને કારણે આંખોમાં લાલ ટપકાં પડી ગયાં હતાં. યૂના નામના એક માછીમારના ઘરે ગાલીલના બેથશેદામાં તેનો જન્મ થયો હતો. પિત્તર તેના પિતાને માછીમારીના ધંધામાં મદદ કરતો હતો. પિત્તર અને તેનો ભાઈ આન્દ્રિયા, ઝબદીના દીકરાઓ યાકૂબ અને યોહાનની સાથે મળીને માછીમારીના ધંધામાં ભાગીદારી કરી હતી. આ ચારે જણ એટલે પિત્તર, આન્દ્રિયા, યાકૂબ અને યોહાન. ઈસુના શિષ્યો બનવાના હતા અને પાછળથી તેમને પ્રેરિતો નિમવાના હતા. પિત્તરનો વિશ્વાસ એટલો મજબૂત અને દૃઢ હતો કે ઈસુએ તેનું નામ કેફા પાડ્યું હતું, સિરીયન ભાષામાં એનો અર્થ ખડક થાય છે. કેફાનું ગ્રીક ભાષાંતર પિત્તર કરવામાં આવ્યું છે. પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી પચાસમાંના દિવસે લોકોના મોટા સમુદાયને પિત્તરે સંદેશો આપ્યો હતો. યહુદા ઈશ્કારિયોત પ્રભુ ઈસુને પરસ્વાધીન કરાવે છે પછી તેનું મરણ થયું એટલે તેની ખાલી પડેલી જગ્યાએ બીજી વ્યક્તિને પ્રેરિત તરીકે નિમવા માટે પિત્તરે બાકીના શિષ્યોને ઢંઢોળ્યા હતા. જન્મથી લંગડો માણસ જે ચાળીસ વર્ષનો હતો તેને પિત્તરે સાજો કર્યો હતો. પાઉલે પ્રેરિતે પિત્તરને મંડળીના સ્તંભ તરીકે વર્ણવ્યો છે અને લોકોનું ટોળું એમ માનતું હતું કે પિત્તરનો માત્ર પડછાયો તેઓની ઉપર પડે તો તેનાથી ચમત્કારિક સાજાપણું મળતું હતું. યરૂશાલેમમાં પ્રેરિતોની સભામાં પિત્તરે વિદેશીઓનો પક્ષ લીધો. અને કહ્યું કે, તેઓને પણ ખ્રિસ્તી સંગતમાં દાખલ કરવા જોઈએ.

**પિત્તરનું મરણ :**

પિત્તરને તેના વિશ્વાસને લીધે, ઘણીબધી વખત યરૂશાલેમની જેલમાં પૂરવામાં આવ્યો. તે તેની પત્ની અને થોડાક લોકો બીજે ગયા. એમ માનવામાં આવે છે કે, બાબેલના યહુદી વિસ્તારોમાં તેણે સેવા આપી. અને એમ પણ મનાય છે કે, તેણે પ્રથમ પત્ર લખ્યો (1 પિત્તર) ત્યારે તે એ જ વિસ્તારમાં હતો. ત્યારપછી તે રોમમાં ગયો અને ત્યાં માર્કની સુવાર્તા લખી. મંડળીની પ્રણાલિની વિરુદ્ધ નિરોહ બાદશાહે પોતાને દેવનો દુશ્મન જાહેર કર્યો અને તેણે પ્રેરિતોને કતલ કરવા માટે નિર્ણય કર્યો. પિત્તરના છેલ્લા દિવસોમાં તેને ભયંકર જેલમાં નવ મહિના સુધી પૂરવામાં આવ્યો. જેમાં પુષ્કળ અંધારું હતું તેને સતાવણી આપવા માટે એક ખિલ્લા સાથે બાંધવામાં આવ્યો.  બધી જ મુશ્કેલીઓ હોવા છતાં પિત્તર ઈશ્વરનું કાર્ય જારી રાખે છે. જેલમાં જેઓ તેની સાથે હતા. તેવા 47 (સુડતાલીસ) લોકોને અને દરોગાને તે પ્રભુ પાસે લાવ્યો. તેને વધુ સતાવણી આપતા વધસ્તંભ પર ઊંધા માથે લટકાવવામાં આવ્યો. તેની છેલ્લી ઘડીઓ વિશે એમ માનવામાં આવે છે કે, તેની પત્નીને મારી નાખવા માટે લઈ જતી જોઈને, તેણે પોતાના વિશ્વાસને લીધે પ્રભુમાં આનંદ કર્યો અને ઉત્તેજન આપ્યું. અને જણાવ્યું કે ઈશ્વરને યાદ કરજે. આ રીતે પિત્તર મરણ પામ્યો. નિરોહ બાદશાહના સમયમાં ઈ.સ. પૂર્વે 67 (સડસઠ)ની સાલમાં તે મરણ પામ્યો. સુવાર્તાને માટે પોતાનું જીવન આપી દેતા તે ગભરાયો નહીં.

**ખાલી જગ્યા પૂરો :**

1. પિત્તરના મિત્રો કોણ હતા ? ..................................................
2. પિત્તરે કઈ થોડી બાબતો કરી ? ..................................................
3. સતાવણીની શરૂઆત કોણે કરી ? ..................................................
4. પિત્તરને કેવી રીતે મારી નાખવામાં આવ્યો ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 39

# હડસન ટેલર

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પાઠને અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરની ઈચ્છાને જીવનમાં પૂરી કરવા બાળકોને કેળવો.

**પાઠનું આયોજન**

**હડસન ટેલરની વાર્તા કહો** – 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો** – 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો** – 10 મિનિટ

**મુખપાઠ કલમ :** 2 તિમોથી 4:7-8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

**ટેલરનું આરંભનું જીવન :**

ટેલરનો જન્મ 21 મે 1832માં ઈંગ્લેન્ડમાં બારનસલે, યોર્કશાઈરમાં થયો હતો. તેના પિતા મેથોડિસ્ટ મંડળીના સમર્થ અને યોગ્ય ઉપદેશક હતા. તેઓ ખૂબ સારો પ્રચાર કરતા હતાં. તેનાં માતા આદર્શ ગૃહિણી અને શાંત તથા નમ્ર સ્વભાવના હતાં. તેના પિતા અને માતાના ગુણ હડસન ટેલરમાં આવ્યા. સુવાર્તાનું એક ચોપાનિયું વાંચીને 15 વર્ષની ઉંમરે તેઓનું બદલાણ થયું. અને ઈશ્વરના કાર્યને માટે તેમને જ્યાં પણ લઈ જવામાં આવે તે માટે નિર્ણય કર્યો. હડસન ટેલર જાણતા ન હતા કે તેના પિતા તેને ચીનમાં મિશનેરી તરીકે મોકલવા માટે પ્રાર્થના કરતાં હતા. વૉલ્ટર હેન્રી મેડહર્સ્ટ દ્વારા લખાયેલ પુસ્તક "ચાઈના" વાંચીને ટેલરે ચીન જવાનો નિર્ણય કર્યો. આ પુસ્તક વાંચવાથી ટેલરને ચીન જવાની પ્રેરણા મળી.

**ચાઈના મિશન :**

સેવાને માટે પોતે સમર્પિત થયા હતા, તે બાબત ધ્યાનમાં રાખીને પોતાના જીવનને તૈયાર કરવાં ટેલર હુલ નામના સ્થળે એક ડૉક્ટરનાં હાથ નીચે મદદનીશ તરીકે જોડાયા. અને ત્યારપછી લંડન હૉસ્પિટલમાં વૈદકીય અભ્યાસ શરૂ કર્યો. ત્યારબાદ ચાઈના ઈવેન્જલાઈઝેશન સોસાયટી સ્થાપવામાં આવી. જે દ્વારા સેવા કરવા હડસન ટેલર 19 સપ્ટેમ્બર 1853માં દરિયાઈ માર્ગે ચીન ગયાં. 1854થી 1860 એ છ વર્ષ તેમણે ચીનના શાંગહાઈ, સ્વાટો અને નીંન્ગપો શહેરમાં બીજા મિશનરીઓની સાથે કામ કરવામાં ગાળ્યો. ત્યારબાદ તે ઈશ્વર પર વિશ્વાસ રાખીને સ્વતંત્ર

રીતે કાર્ય કરવા લાગ્યાં. તેમની વ્યક્તિગત જરૂરિયાતો પૂરી કરવા માટે ઈશ્વરે વિશ્વાસુપણું દર્શાવ્યું. ત્યારબાદ ટેલરે નીંન્ગપો શહેરમાં જે હૉસ્પિટલમાં કાર્ય કર્યું તેની જરૂરિયાતો પૂરી કરવા તથા ચાઈના ઈનલેન્ડ મિશનની જરૂરિયાતો પૂરી કરવામાં તેઓ ઈશ્વરનું વિશ્વાસુપણું જોઈ શક્યાં. લંડન મિશનરી સોસાયટીના રેવ. શેમ્યુલ ડાયરની દીકરી મીસ મારિયા ડાયર સાથે ટેલરનાં લગ્ન નીંન્ગપોમાં થયાં. તેમનાં બાળકોમાંથી બે બાળકોએ ચીનમાં મિશનેરી તરીકે કાર્ય કર્યું.

**માંદગી અને મરણ :**

તબિયત બગડવાને કારણે 1860માં તે ઈંગ્લેન્ડ પાછા ગયાં. અને પાંચ વર્ષ ત્યાં રહ્યાં. ત્યારપછી ચીનમાં સુવાર્તાનું કાર્ય ચાલુ રાખવા માટે તેમણે એક નવી સોસાયટીની શરૂઆત કરવાનું નક્કી કર્યું. 1860ના મે મહિનામાં તે તેમના પત્ની, બાળકો અને સોળ મિશનેરીઓએ ચીનની મુસાફરી દરિયા દ્વારા શરૂ કરી. આ રીતે ચાઈના ઈનલેન્ડ મિશન શરૂ થયું. ત્યારપછી તેની વૃદ્ધિ થઈ, અને બીજા ઘણા મિશનેરીઓ ચીનમાં કામ કરવા તેમાં જોડાયા. આ મોટા કાર્યના બોજાથી ટેલર વારંવાર બીમાર થઈ જતાં. જુવાની જેટલી શક્તિ ન હોવા છતાં, તેઓ ફરીથી સાજા થયાં. 1900ની સાલમાં તેઓ ન્યુયોર્ક કોન્ફરન્સમાં હતા ત્યારે તેમની તબિયત ફરીથી લથડવા લાગી. ત્યારપછી તે રિટાયર્ડ થયા અને સ્વીટ્ઝરલેન્ડમાં રહેવા લાગ્યાં. તેમનાં બીજા પત્નીની ફાઉલ્ડીંગની સાથે 1871માં લગ્ન થયા હતા અને જેનાથી બે બાળકો પણ હતા તે પત્ની 1904ના ઉનાળામા મરણ પામ્યા. ટેલરની તબિયત ખૂબ જ નાજુક હોવા છતાં તેમણે 1905માં ચીનની મુસાફરી કરવાનો વિચાર કર્યો. જુદા જુદા કેન્દ્રોની મુલાકાત કરીને તેઓ ચંગસા કેન્દ્રમાં પહોંચ્યા. અને ત્યાં તેઓ શાંતિથી મરણ પામ્યા. તેઓનું મરણ 3 જૂન 1905માં થયું. તેમનાં શરીરને તેમના પ્રથમ પત્ની તેમજ અન્ય બાળકોને ચીનમાં દફનાવવામાં આવ્યા હતા, તે કબર પાસે શિકીઆંગમાં દફનાવવામાં આવ્યા. જ્યારે ઈચ્છ્યુ ત્યારે પ્રભુમાં ઊંઘી જવાની શક્તિ ધરાવનાર તરીકે તેમણે રાત અને દિવસ પ્રભુનું કાર્ય કર્યું અને પૂરેપૂરા નંખાઈ ગયા ત્યાં સુધી કાર્ય ચાલુ રાખ્યું. શાંત પ્રાર્થના અને બાઈબલ અભ્યાસ દ્વારા તેઓ દરરોજનો દિવસ શરૂ કરતાં. તેમનાં જીવનમાં તેમણે ઈશ્વરની ઈચ્છાને વિશ્વાસુપણે પૂરી કરી અને સ્વર્ગમાં ગયાં.

**ખાલી જગ્યા પૂરો :**

1. શા માટે ટેલરે ચીનમાં જવાનો નિર્ણય કર્યો ? ..................................................
2. તેઓ પ્રથમ વખત ચીન ગયા ત્યારે તેમણે શું કર્યું ? ..................................................
3. તેમણે કયું મિશન સ્થાપ્યું ? ..................................................
4. તેઓનું મરણ ક્યાં થયું ? ..................................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..................................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

પાઠ - 40

# ડેવિડ લિવીંગસ્ટન

**શિક્ષક માટે સૂચના**

**આપેલ શાસ્ત્રભાગ વાંચો :** પાઠને અનુરૂપ વાંચન કરો.

**પાઠનો ઉદ્દેશ :** ઈશ્વરના કાર્ય માટે બાળકો તેમનું જીવન સમર્પિત કરે તેમ કરો.

**પાઠનું આયોજન**

**ડેવિડ લિવીંસ્ટનની વાર્તા કહો –** 25 મિનિટ

**પાઠને અનુરૂપ ચિત્ર બતાવો.**

**પાઠને અનુરૂપ ગીત શીખવો –** 10 મિનિટ

**પાઠને અનુરૂપ પ્રવૃત્તિ કરાવો –** 10 મિનિટ

**મુખપાઠ કલમ :** યશાયા 6:8

**આજનો સુઆચાર :** પુસ્તકના અંતમાં આપેલ યાદીમાંથી પસંદ કરો.

## વાર્તાનો સારાંશ :

### તેમનું આરંભનું જીવન :

લિવીંગસ્ટનનો જન્મ 1813માં એક કટ્ટર સ્કોટિસ મા-બાપને ત્યાં થયો. તેઓ સ્કોટલેન્ડમાં રહેતા હતાં. સ્કૂલનો અભ્યાસ પૂરો કરીને ડૉ. લિવીંગસ્ટન સુવાર્તાનો પ્રચાર પૃથ્વીના છેડા સુધી કરવા તૈયાર હતા. તેઓ હંમેશા કહેતા કે, તેઓ ચીન જશે, પરંતુ તેમના સંજોગો તેમને આફ્રિકા લઈ ગયા. એક નમ્ર અને ચુસ્ત સ્કોટિસ કુટુંબના સાત બાળકોમાં લિવીંગસ્ટન એક હતા. તેઓ શરૂઆતથી જ પરિશ્રમ, ઈશ્વરમય જીવન અને અભ્યાસમાં સમય ગાળતાં. કુટુંબને મદદ કરવા માટે 10 વર્ષની ઉંમરે તેમણે કાપડની ફેક્ટરીમાં કામ કરવાનું શરૂ કર્યું. અને અભ્યાસ પણ પૂરો કર્યો. 1830ની સાલમાં બ્રિટીશ મંડળીઓએ એશિયામાં મિશનરીઓ મોકલવા માટે આહ્‌વાન આપ્યું ત્યારે લિવીંગસ્ટન પોતાની જાતને રોકી ન શક્યા. આ માટે એક બીજી ઊંચી પદવી પ્રાપ્ત કરવા તેઓએ બે વર્ષ સુધી અભ્યાસ કર્યો જેથી આ કાર્યમાં તેમને જરૂરી જ્ઞાન મળી રહે.

### આફ્રિકામાં કાર્ય :

દક્ષિણ આફ્રિકામાં સેવા કરતાં મિશનરી રોબર્ટ મોફટે લિવીંગસ્ટનને ખાત્રી કરાવી કે આફ્રિકામાં તમારી સેવાની જરૂર છે. 1841ની સાલમાં ડૉ. લિવીંગસ્ટન કેપટાઉનમાં ગયા. જે અત્યારે દક્ષિણ આફ્રિકા તરીકે ઓળખાય છે. મોફટની વાત સાચી પડી. આ જગ્યાએ લિવીંગસ્ટનની સેવાઓની પુષ્કળ જરૂર હતી. મિશનરી તરીકે કાર્ય કરતા કરતા તેમણે સ્થાનિક લોકોમાં જે ગુલામીની પ્રથા હતી તેને દૂર કરવા માટે ગુલામીની પ્રથાનો મૌખિક વિરોધ કર્યો અને આ પ્રથા નાબૂદ કરવાની તરફેણ કરી. ગુલામીની પ્રથાની વિરુદ્ધ તેમણે એક રેલીનું આયોજન કર્યું. જેને કારણે તેઓ પોર્ટુગીઝ લોકોના દુશ્મન બન્યાં. તેમણે ઘણા બધા નવા સ્થળો શોધી

કાઢ્યા જે અંગે અગાઉ કોઈ જ જાણતું ન હતું. આ સ્થળો ખૂબ જ મહત્ત્વના હતાં. 1845ની સાલમાં રોબર્ટ મોફટની દીકરી મેરી સાથે લિવીંગસ્ટનનાં લગ્ન થયા. મોફટ જેવા મિશનરીની દીકરી હોવાને કારણે મેરી આફ્રિકાથી અજાણ ન હતી. લિવીંગસ્ટનની સાથે તેણે 7 (સાત) વર્ષ મુસાફરી કરી; અને બાળકો સાથે બ્રિટન મોકલી દેવામાં ન આવી ત્યાં સુધી તે લિવીંગસ્ટન સાથે રહી.

**છેલ્લા દિવસો :**

તેમણે આફ્રિકાની અંદર નવા નવા સ્થળોની શોધ કરવા સતત મુસાફરી ચાલુ રાખી. જેથી તે ખૂબ જ બીમાર પડી ગયા. તેમની પર એક વખત સિંહે હુમલો પણ કર્યો. આવી જોખમકારક મુસાફરીઓમાં એક વખત તેમનાં કોઈ જ સમાચાર લાંબા સમય સુધી આવ્યા નહીં. તેથી બધાએ માન્યું કે તે મરી ગયા છે. કેટલાક સમય પછી તેઓ જીવતા દેખાયાં. અગાઉ તેમણે નાઈલ નદીનું મુખ શોધવા શરૂઆત કરી હતી તે ફરીથી શરૂ કરી. આ તેમનું એકમાત્ર અધૂરું કાર્ય રહ્યું, કારણકે તેમની આ શોધની અધવચમાં જ તે 1873માં મરણ પામ્યા. તેમના વફાદાર મિત્રએ તેમને તેમની પથારી પાસે મરણ પામેલા જોયા. આ મિત્રએ તેમનું હૃદય અને આંતરડાં કાઢીને તેમના શરીરને સૂકવી નાખ્યું. ત્યારપછી 1,000 (એક હજાર) માઈલ દૂર ઊંચકીને લઈ ગયાં ને ત્યાંથી વહાણ દ્વારા ઈંગ્લેન્ડ દફન માટે મોકલવામાં આવ્યું. જેથી ડૉ. લિવીંગસ્ટનના શરીરને ઈંગ્લેન્ડમાં વૅસ્ટમિન્સ્ટર ઍબ્બીમાં દફનાવવામાં આવે પરંતુ તેમના હૃદયને આફ્રિકામાં દફનાવવામાં આવ્યું. આ રીતે તેમણે ઈશ્વરનાં તેડાને પ્રત્યુત્તર આપ્યો અને નાશ પામતા આત્માઓને બચાવવા માટે કાર્ય કર્યું.

**ખાલી જગ્યા પૂરો :**

1. બાળપણમાં લિવીંગસ્ટન શું શીખ્યા ? ..............................................
2. આફ્રિકામાં તેમણે શું કર્યું ? ..............................................
3. તે કેવી રીતે મરણ પામ્યા ? ..............................................
4. તેમનાં મરણ પછી તેમનાં શરીરને શું કરવામાં આવ્યું ? ..............................................
5. તમે આ વાર્તામાંથી શું શીખ્યા ? ..............................................
6. આ વાર્તા તમે કોને કહેશો ?

**જીવનમાં લાગુકરણ**

આ વાર્તા શીખ્યા પછી તમે તમારા જીવનમાં કયો નિર્ણય કરવાના છો ?

# સુઆચાર (શિષ્ટાચાર)

1. કંઈક લેવા માટે ટેબલ ઉપર અડધા ઝૂકીને કશું ન લો પણ નજીકમાં બેઠેલ વ્યક્તિને કહો કે "મહેરબાની કરીને મને... આપશો ?" અને તે ચીજ મળી ગયા પછી "આભાર" એમ બોલો.

2. ખોરાક બીજી વાર લો ત્યારે તમારા ડાબા હાથનો ઉપયોગ કરો, જે સ્વચ્છ છે. નહીંતર જમતાં ગંદો થયેલો જમણો હાથ ચમચાને અને અન્ય વાસણોને ગંદા કરી દેશે.

3. જમતી વખતે પાણી પીતાં ડાબા હાથનો ઉપયોગ કરો જેથી ગ્લાસ ગંદો ન થાય.

4. પાણી પીતા ગટગટાવશો નહીં પણ અવાજ ન થાય તેમ પીઓ.

5. જમતી વખતે તમારી થાળીની બહાર ખોરાક ન ઢોળાય તે માટે પૂરતી કાળજી લો. આમ છતાં તે ઢોળાય તો જમીને ઊઠતા પહેલાં તે ખોરાકને તમારી થાળીમાં એકઠો કરી લો, પણ જમવાના ટેબલ ઉપર પોતા વડે તે ખોરાકને ફેલાવશો નહીં.

6. ઓડકાર ન આવે તેવા પ્રયત્ન કરો, તેમછતાં જો ઓડકાર આવી જાય તો એમ કહો કે "એક્સક્યુઝ મી" (માફ કરશો) અથવા "પ્લીઝ એક્સક્યુઝ મી" (મહેરબાની કરી મને માફ કરશો).

7. જો તમારી થાળીમાંથી વાળ, કાંકરી કે અન્ય નકામી વસ્તુ દેખાય તો કોઈને ખબર ન પડે તેમ શાંતિથી તેને થાળીની બહાર મૂકી દો. બીજાઓને તે બતાવીને કે જણાવીને વાતને ફેલાવશો નહીં, જેથી જે બીજા લોકો જમી રહ્યા છે તેમની ભૂખ ઊડી ન જાય.

8. તમારી થાળી, ગ્લાસ, જગ અને અન્ય ડીશ ટેબલ ઉપર મૂકતાં અવાજ કરશો નહીં.

9. જમીને ટેબલ ઉપરથી ઊભા થાવ એટલે ખુરશીને તેની મૂળ જગ્યાએ મૂકી દો.

10. ભોજન કર્યા પછી જે વ્યક્તિઓએ ખોરાક રાંધ્યો હોય તેમને કહો કે, ખોરાક ખૂબ સારો બનાવ્યો છે. તમે ખૂબ જ મહેનત કરી છે.

11. ભોજન કર્યા પછી, સાફસૂફ કરવા માટે મદદ કરવા ઓફર કરો.

12. જમતી વખતે વાતો કરવી નહીં. શાંતિથી જમો. ટેબલ પર બેઠેલ અન્ય વ્યક્તિઓ સાથે શાંતિ જાળવો.

13. જમતી વખતે જમણાં હાથે જમો. કારણકે ડાબા હાથને અશુદ્ધ ગણવામાં આવે છે. જમતી વખતે હંમેશા જમણા હાથનો જ ઉપયોગ કરો.

14. જેમ ઉપર કહ્યું તેમ હંમેશાં જમણા હાથે જમો. પરંતુ જે પાત્રમાં ખોરાક ભરેલો છે તેને બીજી વ્યક્તિ તરફ મૂકતી વખતે બીજા હાથનો એટલે ડાબા હાથનો જે ચોખ્ખો છે તેનો ઉપયોગ કરો.

15. રાંધેલ દરેક ખોરાક ચાખવો જરૂરી નથી. પરંતુ તમારી ડીશમાં પીરસવામાં આવેલ બધો જ ખોરાક પતાવી દો, તે જરૂરી છે.

16. ઘણા લોકો પુષ્કળ ચિંતા કરીને સમય બગાડે છે. જે વસ્તુ બની નથી અથવા બનવાની જ નથી, તેની પાછળ તેઓ સમય બગાડે છે.

17. તમારી આવડતો ઉપર શંકા કરીને સમય બગાડો નહીં.

18. બિનજરૂરી વાતો કરીને સમય બગાડો નહીં.

19. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરીને સમયનો સદ્ઉપયોગ કરો.

20. આળસુ બનીને બેસી રહીને સમય બગાડશો નહીં, નહીં તો છેલ્લી ઘડીએ દોડધામ થશે. દરેક કામ સમયે સમયે કરો.

21. તમારી છાતી ઉપર હાથની અદબ વાળીને ઊભા રહેવું તે દર્શાવે છે કે તમે બીજી વ્યક્તિની નજીક જવા તૈયાર નથી અને તમે સ્વસ્થ નથી.

22. તમારા બન્ને હાથ સીધા અને છૂટા રાખો. જે દર્શાવે છે કે, તમે તંદુરસ્ત છો, અને મળતાવડા છો.

23. વાતચીત કરતી વખતે વ્યક્તિ તરફ થોડાક ઝૂકો જે દર્શાવે છે કે જે વાત થઈ રહી છે તેમાં તમે રસ દર્શાવો છો.

24. વ્યક્તિથી પાછા ન હઠો. તેમ કરવું શરમ, શંકા અથવા અણગમો દર્શાવે છે.

25. હંમેશા સ્મિત કરો. મિત્રભાવે વાતચીત કરો અને તમારી નજીકનાં લોકોને આનંદિત કરો.

26. ટેરવાં ન ચઢાવશો - તે દર્શાવે છે કે તમે સહમત નથી અને ગુસ્સામાં છો.

27. કોઈ વાત કરતું હોય ત્યારે ''હા'' કે ''સંમતિ'' તરીકે વારંવાર માથું હકારમાં ધુણાવવું એમ બતાવે છે કે સામી વ્યક્તિ ચૂપ થઈ જાય. તમે ધીરજ રાખી શકતા નથી તેમ દર્શાવે છે.

28. વાતચીત કરતી વખતે કોઈ ખાસ વાત ઉપર માથું હકારમાં ધુણાવો - તેનાથી ખ્યાલ આવે છે કે તમે સામી વ્યક્તિની વાત સાંભળવામાં રસ દાખવો છો.

29. લોકોનાં વખાણ કરો તે માટે આ મુજબ કહી શકાય - તમને મળવાથી મજા આવી, આ કપડામાં તમે સરસ લાગો છો, પેલો ખોરાક ખૂબ સ્વાદિષ્ટ હતો, તમે સરસ રસોઈ બનાવી, વગેરે.

30. દરેક જણ સાથે માનથી વર્તો, જો તમે માન આપશો તો તે તમને માન આપશે.

31. તમારા મા-બાપ આગળ તમારા શિક્ષકની ઓળખાણ આપતી વખતે તમારા શિક્ષકનું નામ પ્રથમ જણાવો પછી આગળની ઓળખાણ આપો.

32. તમારા મિત્રની ઓળખાણ મા-બાપને આપતી વખતે તેની ટૂંકી માહિતી આપો, જેમકે આ મારો મિત્ર રાકેશ છે, અમે એક જ ધોરણમાં છીએ, પરંતુ વર્ગ અલગ-અલગ છે, વગેરે.

33. સારા મિત્રો બનાવો. સંપત્તિ કરતાં મિત્રો વધારે મૂલ્યવાન છે. તમારે કેવા પ્રકારનાં મિત્રો છે તેનાથી તમારું ચારિત્ર નક્કી થાય છે.

34. શિક્ષક / શિક્ષિકા તમને જ્ઞાન આપવાનું કામ કરે છે, તેથી તેમને માન આપો. તેમની મશ્કરી કરશો નહીં.

35. કદી નકારાત્મક વાત ન કરો, અને અયોગ્ય શબ્દો ન બોલો. પરંતુ આવા હકારાત્મક અને યોગ્ય શબ્દો બોલો, જેમકે ''હું કરી શકું તેમ છું'', ''આ શક્ય છે'', ''ઈશ્વરની દયાથી થઈ શકે'' વગેરે.

36. સમયનો સારી રીતે ઉપયોગ કરો. ભવિષ્ય માટે સમયને મૂકી રાખી શકાતો નથી. સમય આપણી સાથે આગળ વધે છે. પરંતુ તેને કોઈ હેતુને માટે અથવા ભવિષ્યની યોજના કે કામને માટે સાચવીને રાખી શકાતો નથી.

37. કચરાને સળગાવી દો, ન સળગી શકે તેવા કચરાને એવી જગ્યાએ ખાડો કરીને દાટી દો જે જગ્યા ઘરથી, લોકોના રહેઠાણથી અને પીવાના પાણીની જગ્યાથી ઘણે દૂર હોય.

38. તમે બીજાઓનું સારું કર્યું હોય તો તેનો પ્રચાર તમારી જાતે ન કરો પણ બીજાઓ જ આ તમારા સારા કામની ચર્ચા અને વખાણ કરશે.

39. બીજાઓને આપેલ વચન હંમેશાં પાળો, ભૂલી ન જાઓ. વચન પાળવા માટે જ આપીએ છીએ, ભૂલી જવા માટે નહીં.

40. તમારા પગમાં જીવજંતુ ન ચઢે તે માટે ચંપલ કે બૂટ નિયમિત પહેરો.